Thursday 12, March 2026
Page : 08 Rs. 3/-

આપનું અખબાર : આપનો અવાજ

દમણગંગા ટાઈમ્સ

વલસાડ, નવસારી, ડાંગ જિલ્લા તથા સંઘપ્રદેશ દમણ, દા.ન.હ.નું વાપીથી પ્રસિધ્ધ થતું સૌ પ્રથમ સંપૂર્ણ સ્થાનિક દૈનિક

❖ RNI No. 72378/99 Email : damangangatimes@yahoo.co.in

❖ વર્ષ : ૨૮ ❖ અંક : ૨૪૨ ❖ તંત્રી : શ્રીમતી મંજુલાબેન ઉકાણી ❖ નિવાસી તંત્રીઃ વિકાસ ઉપાધ્યાય. ❖ વાપી કાર્યાલય : નેશનલ હાઈવે નં.૮, પો.બો. નં. ૩૨, વાપી - ૩૯૬ ૧૯૧. ❖ ટેલિ ફોન : ૯૮૨૫૧ ૨૨૫૦૫

ઈરાન યુદ્ધની અસર : રાંધણ ગેસની અછતની અફવાઓથી ભયનો માહોલ, ધોમધખતા તાપમાં લોકોની લાંબી કતારો

દમણમાં રાંધણ ગેસ સિલિન્ડરના પેનિક બાઈંગથી અફરાતફરી

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

દમણ, તા. ૧૧ : ઈરાન યુદ્ધની વૈશ્વિક અસરો હવે ભારત અને ખાસ કરીને સંઘપ્રદેશ દમણ સુધી પહોંચી હોય તેવું ચિત્ર ઊભું થયું છે. દમણમાં અચાનક રાંધણ ગેસની અછત ઊભી થઈ હોવાની અફવાઓએ ભારે ગભરાટ ફેલાવ્યો છે. જેના પગલે ધોમધખતા તાપમાં પણ લોકો ગેસ એજન્સીઓ અને ગોડાઉનોની બહાર લાંબી કતારો લગાવીને કલાકો સુધી ઊભા રહેવા મજબૂર બન્યા છે. દમણમાં કોમર્શિયલ સિલિન્ડરોનો પુરવઠો તાજેતરમાં બંધ કરવામાં આવતા લોકોમાં એવો ડર પેસી ગયો છે કે, ઘરેલુ ગેસનો પુરવઠો પણ બંધ થઈ જશે. આ 'પેનિક બાઈંગ'ને કારણે અફરાતફરીનો માહોલ સર્જાયો છે અને ગ્રાહકો પોતાના ટુ-વ્હીલર અને સાયકલ પર ખાલી સિલિન્ડર લઈને એજન્સીઓ બહાર ઉમટી પડ્યા છે. જોકે, વહીવટીતંત્ર અને ગેસ એજન્સીઓ દ્વારા સ્પષ્ટતા કરવામાં આવી છે કે શહેરમાં ઘરેલુ ગેસ સિલિન્ડરનો પૂરતો જથ્થો ઉપલબ્ધ છે. ડોમેસ્ટિક ગેસ સિલિન્ડરોની હોમ ડિલિવરી અને ઓનલાઈન બુકિંગ સર્વર રાબેતા મુજબ જ ચાલુ છે. તેથી દમણવાસીઓને સહેજ પણ ગભરાવાની જરૂર નથી. આ પરિસ્થિતિને નિયંત્રિત કરવા અને ગેસના સપ્લાયને સુચારુ રાખવા માટે કેન્દ્ર સરકારે દેશભરમાં એસેન્શિયલ કોમોડિટી એક્ટ ૧૯૫૫ લાગુ કરી દીધો છે. ગેસની સંગ્રહખોરી અને કાળાબજારી અટકાવવા માટે ડિલિવરી એજન્ટો દ્વારા હવે OTP અથવા બાયોમેટ્રિક વેરિફિકેશનનો સખત રીતે અમલ કરવામાં આવી રહ્યો છે. આ ઉપરાંત, ભવિષ્યની કોઈપણ સ્થિતિને પહોંચી વળવા સરકારે તમામ ઓઈલ રિફાઈનરીઓને LPG ઉત્પાદન વધારવાનો આદેશ આપ્યો છે. જેના પગલે ઉત્પાદનમાં ૧૦ ટકાનો વધારો પણ નોંધાયો છે. આ ગભરાટ વચ્ચે તંત્ર દ્વારા નાગરિકોને અપીલ કરવામાં આવી છે કે તેઓ ખોટી અફવાઓથી દૂર રહે, બિનજરૂરી રીતે કતારોમાં ઉભા રહીને ચિંતામાં ન મુકાય અને શાંતિપૂર્વક પોતાની જરૂરિયાત મુજબ જ ગેસનું બુકિંગ કરાવે.

વાપીમાં ગરમી વધતાં ઠંડા પાણીની પરબો શરુ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

વાપી, તા. ૧૧ : હવામાન વિભાગની આગાહી મુજબ છેલ્લા ચારેક દિવસથી સમગ્ર દક્ષિણ ગુજરાતમાં કાળઝાળ ગરમી જોવા મળી રહી છે. ત્યારે આજે વાપી માં ૩૯ ડિગ્રી તાપમાન થઈ જવા પામ્યું હતું જેને લઇ લોકો સખત ગરમીને લઇ ત્રાહિમામ પોકારી રહ્યા હતાં. જોકે વાપી પંથકમાં માત્ર નામ પૂરતા કેટલાક ઠંડા પાણીના પરબો લગાવતા હોય છે પરંતુ તેમ કેટલાક દિવસોમાં બંધ થઈ જતા હોય છે અગાઉ વર્ષોથી વાપી વિસ્તારમાં અનેક પાણીના પ્રયોગો ખુલ્યા છે પરંતુ મોટાભાગના બંધ અવસ્થામાં છે ત્યારે વાપી રેલવે સ્ટેશન ની બહાર ગીતા નગર પોલીસ સ્ટેશન સામે રીક્ષા ચાલકો દ્વારા મુસાફરોને ગરમીથી બચવા માટે ઠંડા પાણીની પરબ ની વ્યવસ્થા કરવામાં આવી છે. જ્યાં ટ્રેનમાં મુસાફરી કરવા માટે જતા આવતા તેમ જ આ માર્ગ ઉપરથી પસાર થતાં વિદ્યાર્થીઓ તેમજ રાહદારીઓ ગરમીથી બચવા માટે ઠંડુ પાણી પિતા જોવા મળી રહ્યા છે.

ડીજીવીસીએલ પર માર્ચ એન્ડિંગની તવાઈ : ગ્રાહકો પર બીલ ભરવા દબાણ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

ચીખલી, તા.૧૧ : દક્ષિણ ગુજરાત વીજ કંપની દ્વારા ગ્રાહકોને હિસાબી વર્ષનો મહિનો હોય ત્યારે નાના નાના ગ્રાહકોને ફોન કરી પોતાના વીજ બીલના નાણા ભરી દેવા માટે જણાવી રહ્યા છે જોકે માર્ચ એન્ડિંગ હોય અને બાકી રહેલા નાણાં ભરાય તો સરકારી ચોપડે બાકી ઓછી બોલે અને જે તે કચેરીના હિસાબી ચોપડા પણ ચોખ્ખા થાય તે માટે ગ્રાહકોને ફોન કરીને વીજ બીલના નાણા ભરી દેવા માટે કર્મચારીઓ સતેજ બન્યા છે.

દક્ષિણ ગુજરાત વીજ કંપની દ્વારા વીજ ગ્રાહકોને વીજબિલના નાણાં વહેલી તકે ભરવામાં આવે તે માટે ફોન કરી ગ્રાહકોને મનાવી રહ્યા છે જે તે વીજ કચેરી ના કાર્યક્ષેત્રમાં આવતા ધંધા રોજગાર ચલાવતા સંચાલકોના લાખો રૂપિયા ના બિલો આવતા હોય અને નિયત સમયમાં ભરવામાં પણ ઢીલાશ રહેતી હોય તેવા વીજ ગ્રાહકોને કંઈ કહેવામાં આવતું નથી પરંતુ નાની નાની રકમના જે વીજ ગ્રાહકોના બિલો બાકી રહ્યા છે તેવા ગ્રાહકોને વીજ કંપની દ્વારા મોબાઈલ ફોન કરી વીજ બીલના નાણાં ભરી દેવા માટે જણાવી રહ્યા છે ભલે વીજ કંપનીના હિસાબી ચોપડા ક્લિયર કરવા માટે પૈસા વસુલી કરી રહ્યા છે પણ મોટા બીલો બાકી છે તેવા વીજ ગ્રાહકોને કંઈ કહેવામાં આવતું નથી જોકે જે તે વીજ કચેરીના હિસાબી ચોપડા ક્લિયર કરવા માટે મોટા મોટા બીલો ની ઉઘરાણી કરવામાં આવે તો હિસાબી વર્ષ માં કંઈ બાકી રહેતું નથી પરંતુ વીજ કંપની દ્વારા નાના નાના ગ્રાહકોને વીજ બીલના નાણાં વહેલી તકે ભરી દેવા માટે દબાણ પણ કરી રહ્યા છે.

વાપી ડોમેસ્ટીક ગેસ સપ્લાયને વાંધો નહીં આવે : ગેસ ડિલરો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

વાપી, તા. ૧૧ : ઈરાન અને ઈઝરાયેલ વચ્ચે ચાલતા યુદ્ધના કારણે ભારત દેશમાં અને ગુજરાત રાજ્ય પર ગેસ પુરવઠા પર મુકાયેલા કાપ પરંતુ ઘરગથ્થુ ગેસ સપ્લાયને કોઈ અસર નહીં થાય જ્યારે કોમર્શિયલ ગેસ પુરવઠોમા કાપ સાથે સપ્લાય બંધ કરતા લારી ગલ્લા, રેસ્ટોરન્ટ અને હોટલમાં મુશ્કેલી ઊભી થશે. ઈરાન યુદ્ધના પરિણામે દેશમાં સર્જાયેલી રાધણ ગેસ સિલિન્ડરની અછતને ધ્યાને રાખીને સરકારે આવશ્યક સેવા સંચાલન લાગુ કરી દીધી છે. સાથે સમગ્ર દેશમાં અને ગુજરાત રાજ્યમાં એલપીજી ગેસ મળતો રહેશે જ તેના માટે સરકાર દ્વારા તમામ પગલાં લેવાયા છે. જ્યારે કોમર્શિયલ ગેસ પુરવઠો બંધ કરાતા હેઠળ ઉદ્યોગો તેમજ લારી ગલ્લા અને રેસ્ટોરન્ટ ચલાવનારાઓને મુશ્કેલી ઉભી થશે. હાલમાં વાપીમાં પાંચ જેટલી સરકારી ગેસ એજન્સી તેમજ ચારથી પાંચ ખાનગી ગેસ એજન્સી આવેલ છે. જેમાં દરેક ગ્રાહકને ૩૦ દિવસમાં એક સિલિન્ડર અપાશે જ્યારે અહીં ઘરગથ્થુ ગેસ સિલિન્ડર કે ગેસ કનેક્શન ધરાવનારને કોઈ મુશ્કેલી પડશે નહીં. એમ આજે વાપીમાં ગેસ એજન્સી ધરાવતા એક જવાબદાર દ્વારા જણાવાયું છે. સાથે તેમણે એમ પણ જણાવ્યું છે કે, તેલ રિફાઈનરી ઓને સૂચના આપ્યા પછી એલપીજી ઉત્પાદન લગભગ ૧૦ ટકા વધારવામાં આવ્યું છે અને જમા પુરી અને અનિયમિતતા રોકવા માટે વધારાના પગલા પણ લેવાઈ રહ્યાં છે. આમ સમગ્ર દેશમાં અને ગુજરાત રાજ્યમાં રસોઈ ગેસની કોઈપણ અછત નહીવત થશે પરંતુ કોમર્શિયલ ગેસ સિલિન્ડરની સંભવિત અસર થવાની છે. જેને લઇ ફોટો ઉદ્યોગ તેમજ કોમર્શિયલ ગેસ ઉપયોગ કરનારાઓમાં ફફડાટ ફેલાઈ જવા પામ્યો છે.

વલસાડમાં ગેસ પુરવઠાનું ઓનલાઈન બુકિંગ બંધ કરાતાં ફફડાટ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

વલસાડ, તા. ૧૧ : વર્તમાન યુદ્ધની વૈશ્વિક સ્થિતિ વચ્ચે દક્ષિણ ગુજરાતમાં રાંધણ ગેસના પુરવઠાને લઈને લોકોમાં ભારે ચિંતા જોવા મળી રહી છે. ખાસ કરીને વલસાડ જિલ્લામાં ગેસની અછત સર્જાશે તેવી દહેશતે લોકોમાં ફફડાટ ફેલાવ્યો છે. ઓનલાઈન બુકિંગ બંધ થતા એજન્સીઓ પર ગ્રાહકો પૂછપરછ માટે દોડતા થયા છે.

વલસાડમાં છેલ્લા કેટલાક સમયથી ઓનલાઈન ગેસ બુકિંગ સિસ્ટમ બંધ કરી દેવામાં આવતા ગ્રાહકો મુશ્કેલીમાં મુકાયા છે. જ્યારે લોકો ઓનલાઈન બોટલ બુક કરાવવાનો પ્રયાસ કરે છે, ત્યારે ટેકનિકલ ખામી અથવા અન્ય કારણોસર બુકિંગ થઈ રહ્યું નથી. લોકોએ વહેલી સવારથી જ ગેસ એજન્સીઓ પર દોડી ગયા હતાં. ગેસનો બાટલો નહીં મળે તેવી બીકે લોકોમાં સંગ્રહખોરી અને ઉતાવળ જોવા મળી રહી છે.

એજન્સીઓ પર ગ્રાહકો બુકિંગ અને ગેસ સિલિન્ડર ક્યારે આવશે તેવી વાતો કરી હતી. જોકે સરકાર દ્વારા તારીખમાં ફેરફાર અને લોકોની મૂંઝવણ સરકાર દ્વારા ગેસ વિતરણની પ્રક્રિયા અથવા નિયમોમાં કરવામાં આવેલા તારીખના ફેરફારને કારણે સામાન્ય જનતામાં વધુ ગભરાટ ફેલાયો છે. લોકોને ડર છે કે આગામી દિવસોમાં ગેસનો જથ્થો ખૂટી પડશે અથવા કિંમતોમાં મોટો ઉછાળો આવશે. ઓનલાઈન એપમાં બુકિંગ થતું નથી અને એજન્સી પર કોઈ સ્પષ્ટ જવાબ મળતો નથી. સરકાર પુરવઠો જળવાઈ રહે તેવી વ્યવસ્થા કરે તે જરૂરી છે.

વલસાડ પાલિકાના વોટર વર્કસ ચેરમેનનું રાજીનામું

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

વલસાડ, તા. ૧૧ : વલસાડ નગરપાલિકા દ્વારા ડોર ટુ ડોર ગરબેજ કલેક્શન નહીં કરી શકતા વલસાડના શહેરીજનો ભારે તકલીફો વેઠી રહ્યા છે. નગરપાલિકાના વોર્ડ નં.-૨ ના વોટર વર્ક્સ શાખાના ચેરમેન અમિતભાઈ પ્રહલાદભાઈ દેસાઈ દ્વારા આજરોજ હાલ હું મારા વ્યક્તિગત કાર્યોમાં વ્યસ્ત હોવાને કારણે આ મહત્વની જવાબદારી પર પૂરતું ધ્યાન આપી શકું તેમ નથી.

મારા કારણે શહેરની જનતાને કોઈ મુશ્કેલી ન પડે તે હેતુથી હું સ્વેચ્છાએ રાજીનામું આપું છું. અચાનક ચેરમેન પદેથી રાજીનામું આપી દેતા પાલિકાના ભાજપે સત્યો માં ચર્ચાનો વિષય બન્યો છે શહેરની સ્વચ્છતા જાળવવા માટે ગત ૨૭ ફેબ્રુઆરી ૨૦૨૬ના રોજ નાગપુરની અર્બન એન્વાયર મેનેજમેન્ટ એજન્સીને ડોર-ટુ-ડોર કચરા કલેક્શનનો વર્ક ઓર્ડર આપવામાં આવ્યો હતો. જોકે, કામગીરી શરૂ થયાના માત્ર ૯ જ દિવસમાં એજન્સીની પોલ ખુલ્લી થઈ ગઈ છે

આજે વલસાડ પાલિકાની સામાન્યસભા

વલસાડ, તા. ૧૧ : વલસાડ નગર પાલિકા દ્વારા વર્ષ ૨૦૨૬-૨૭ માટે રજૂ કરવામાં આવેલું ૧૬૫.૦૪ કરોડનું વિકાસલક્ષી બજેટ સર્વાનુમતે મંજૂર કરવા માટે વલસાડ નગરપાલિકા પ્રમુખ માલતીબેન ટંડેલની અધ્યક્ષ પણ હેઠળ પાલિકાના અટલ બિહારી બાજપાઈ સભાખંડમાં તા ૧૨/૦૩/૨૦૨૬ ના ગુરુવારે સામાન્ય સભામાં લેવામાં આવશે . આ બજેટમાં શહેરના સર્વાંગી વિકાસ, પાયાની સુવિધાઓમાં સુધારો અને નવા પ્રોજેક્ટ્સ પર ભાર મૂકવામાં આવ્યો છે. બજેટમાંથી મોટી રકમ રસ્તા, પાણી પુરવઠો, ગટર વ્યવસ્થા, સ્ટ્રીટ લાઈટ જેવા મહત્વના વિકાસલક્ષી કામો માટે ફાળવવામાં આવી છે.

ભરતી કરવાની છે

વાપી-છરવાડા ખાતે આવેલ 3 Star ભારતીબા વિલા રિસોર્ટ માટે તમામ પ્રકારનું મેઈનટેનન્સ કામ કરાવી શકે એવા મેઈનટેનન્સ સુપરવાઈઝર ભરતી કરવાની છે. જેને મીનીમમ ૫ (પાંચ) વર્ષનો અનુભવ હોવો જોઈએ અને અરજદાર રીટાયર્ડ હોય તો પણ ચાલશે.
ચેરમેન શ્રી,
મેં. ભારતીબા વિલા કલબ એન્ડ રિસોર્ટસ પ્રા.લી. છરવાડા - વાપી
મો. 98794 63248

નેમિનાથ ટ્રેડર્સ

ખીલી, વાયર, કાંટાતાર, હુક, ચેઈનલીંક, નટ બોલ્ટ, પાવડા-ત્રિકમ તથા હાર્ડવેર સામગ્રી
Mo. No. 9825190301 / 9825390301
સરનામું : દુકાન નં. ૭૦, ૭૧, અમીધરા કોમ્પ્લેક્સ, સીએનજી ગેસ પંપ નજીક, જીઆઈડીસી ચાર રસ્તા, વાપી - ૩૯૬૧૯૫, જિલ્લો : વલસાડ (ગુજરાત)
Email : neminaththradersvapi@gmail.com

૯૨મા જન્મદિને 'ગકુરચાચા'ને અનેક શુભકામના

પદ્મશ્રી ગકુરભાઇ બીલખિયા

પદ્મશ્રી ગકુરભાઈ બિલખિયા, જેમને સમગ્ર ગુજરાત અને ખાસ કરીને વાપી વિસ્તારમાં લોકો સ્નેહથી **'ગકુરચાચા (બાપુજી)'** તરીકે ઓળખે છે, તેઓ આજે પોતાના જીવનના ૯૨મા વર્ષમાં પ્રવેશી રહ્યા છે. આ પાવન અવસરે સમાજના દરેક વર્ગના લોકો તેમના પ્રત્યે શ્રદ્ધા, સન્માન અને આભારની લાગણી વ્યક્ત કરી રહ્યા છે. ગકુરચાચાનું જીવન સાદગી, સેવા અને માનવતાના મૂલ્યોનું પ્રેરણાદાયી ઉદાહરણ છે.

તેમણે જીવનભર ગાંધીવાદી વિચારધારાને અનુસરતા સમાજસેવાને સર્વોપરી સ્થાન આપ્યું છે. વાપી અને આસપાસના વિસ્તારોમાં શિક્ષણ, આરોગ્ય અને સામાજિક ક્ષેત્રે તેમના મહત્વપૂર્ણ યોગદાનથી અનેક સંસ્થાઓને નવી દિશા અને પ્રેરણા મળી છે. ખાસ કરીને ગરીબ અને જરૂરિયાતમંદ લોકો માટે તેઓ હંમેશા સહારો બની રહ્યા છે. ગરીબ વિદ્યાર્થીઓને શિક્ષણ માટે સહાય, દર્દીઓને આરોગ્યલક્ષી મદદ અને જરૂરિયાતમંદ પરિવારોને સહારો આપવાના અનેક પ્રસંગો તેમના જીવનમાં જોવા મળે છે.

તેમનું નિઃસ્વાર્થ સેવા અને કરુણાભાવ ભાવિ પેઢી માટે પ્રેરણારૂપ છે. આજે તેમના ૯૨મા જન્મદિન નિમિત્તે ઈશ્વર પાસે પ્રાર્થના કરીએ છીએ કે તેમને દીર્ઘાયુષ્ય, સારું સ્વાસ્થ્ય અને સતત સમાજસેવા કરવાની શક્તિ પ્રાપ્ત થાય.

: પ્રાર્થના સહ :
હરીશભાઈ પટેલ
પ્રિતેશ પટેલ
હરીશ આર્ટ પરિવાર, વાપી

CBSE AFFILIATED - 430373
RAJHANS EDUCATION TRUST'S
VIDYA DHAM INTERNATIONAL SCHOOL VAPI (CBSE BOARD)
Unleash your true potential
VIDYA DHAM INTERNATIONAL SCHOOL • VAPI • LIFE LONG LEARNING
ADMISSIONS OPEN
Academic Session 2026-2027
Nursery to Std. 10
12th Year Anniversary
SPECIAL OFFERS
Early Bird Discount Till 31st March
FREE Textbooks From Nursery to Std 10
Special Concession On Admission Fees

Additional Curriculum features
1. English Conversation & Phonics for Fluency
2. Personality development & Memory Boosting techniques.
3. Innovative clubs for Std 6 to 10, Indoor Sports
4. Mental and Vedic Maths for Std 1 to 5
5. AI and Coding for Jr KG to Std 10

Admission forms available All working days
At school's office
vidyadham4@gmail.com, www.vidyadhamschoolvapi.in
9725295578/9081807258/9316054328
ENROLL NOW
School Address :- Plot no B7,B13/14 behind Rajmoti complex 1 , Chharwada Road GIDC Vapi Gujarat 396191

આહવા એસ.ટી. ડેપો દ્વારા પરીક્ષા ન હોવા છતાં વધારાની બસો દોડાવાતાં મુસાફરોને હાલાકી

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

સાપુતારા, તા. ૧૧ : ડાંગ જિલ્લાના મુખ્ય મથક આહવા ખાતે એસ.ટી. ડેપોના ગેરવહીવટના ગંભીર આક્ષેપો સામે આવ્યા છે. વિદ્યાર્થીઓની પરીક્ષાના નામે જરૂરિયાત કરતાં વધુ અને પરીક્ષા ન હોય તેવા રૂટ પર પણ બસો દોડાવવામાં આવતા સ્થાનિક મુસાફરોમાં રોષ જોવા મળી રહ્યો છે. આહવા એસ.ટી. ડેપો વિભાગ દ્વારા પરીક્ષા આપતા વિદ્યાર્થીઓ માટે વિશેષ બસોની ફાળવણી કરવામાં આવી હતી.આ વ્યવસ્થા માટે આહવા ડેપોએ અન્ય ડેપોની પણ મદદ લીધી હતી. જોકે સ્થાનિકો દ્વારા એવો આક્ષેપ કરવામાં આવ્યો છે કે,જ્યાં અંદાજે માત્ર ૮ બસોની જરૂરિયાત હતી, ત્યાં ડેપો દ્વારા ૧૪ જેટલી બસો દોડાવવામાં આવી હતી.જે કેન્દ્રો પર આજે પરીક્ષા યોજાઈ ન હતી, ત્યાં પણ બસો મોકલવામાં આવતા અનેક બસો ખાલી દોડી હતી.

પરીક્ષાના નામે બસોના આડેધડ ફાળવણીને કારણે આહવા અને ડાંગના અંતરિયાળ આદિવાસી વિસ્તારોના સામાન્ય મુસાફરોને બસ સેવા ન મળતા ભારે હાલાકી ભોગવવી પડી હતી. આ સમગ્ર વિવાદ અને ખાલી બસો દોડાવવાના આક્ષેપો અંગે આહવા એસ.ટી. ડેપોના મેનેજર યોગેશભાઈ ગોસ્વામીએ સ્પષ્ટતા કરતા જણાવ્યું હતું કે, "વિદ્યાર્થીઓનું હિત અમારા માટે પ્રાથમિકતા છે. કદાચ ધોરણ ૧૦નું પેપર ન હોય, તો પણ ધોરણ ૧૨ની પરીક્ષા તો ચાલુ જ હોય છે.અંતરીયાળ ગામડાઓના વિદ્યાર્થીઓને પરીક્ષા કેન્દ્ર સુધી પહોંચવામાં કોઈ અગવડતા ન પડે તે હેતુથી જ બસોની વ્યવસ્થા કાર્યરત રાખવામાં આવી છે. એક તરફ જ્યારે એસ.ટી. નિગમ ખોટમાં હોવાની વાતો વહેતી હોય છે, ત્યારે બીજી તરફ આ પ્રકારે બિનજરૂરી બસો દોડાવીને ડીઝલનો ધુમાડો કરવા બદલ અને નબળા આયોજન બદલ તંત્ર સામે સવાલો ઉઠી રહ્યા છે. સ્થાનિકો અને સામાજિક કાર્યકરો દ્વારા આ મામલે ઉચ્ચ સ્તરીય તપાસ કરી જવાબદારો સામે પગલાં લેવાની માંગ કરવામાં આવી છે.

ધોમધખતા તાપમાં બોર્ડના પરીક્ષાર્થીઓને રાહત આપવા

બીલીમોરા પાલિકાએ પરીક્ષા કેન્દ્ર પર પાણીનો છંટકાવ કરાયો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

બીલીમોરા, તા. ૧૧ : બીલીમોરા પંથકમાં માર્ચ મહિનાની શરૂઆતમાં જ સૂરજ દાદાએ આકરા તેવર બતાવતા બપોરે તાપમાનનો પારો ૪૧ ડિગ્રીએ પહોંચ્યો હતો. ત્યારે એક તરફ પરીક્ષાનું ભારણ અને બીજી તરફ કાળઝાળ ગરમી વચ્ચે પરીક્ષાર્થીઓની હાલત કફોડી બની હતી.

આ કપરી પરિસ્થિતિમાં બીલીમોરા ટાટા હાઈસ્કૂલ ખાતે પરીક્ષા આપી રહેલા વિદ્યાર્થીઓને ગરમીમાંથી આંશિક રાહત મળે તેવા ઉમદા હેતુથી નગરપાલિકા પ્રમુખ મનીષભાઈ પટેલ અને તેમની ટીમ દ્વારા શાળાના મેદાન અને આસપાસના વિસ્તારમાં પાણીનો છંટકાવ કરી વાતાવરણમાં ઠંડક પ્રસરાવવાની પ્રશંસનીય કામગીરી કરવામાં આવી હતી. પાલિકાની આ સમયસૂચકતા અને વિદ્યાર્થીલક્ષી અભિગમને શાળા પરિવાર, પરીક્ષાર્થીઓ અને વાલીઓએ હૃદયપૂર્વક બિરદાવી નગરપાલિકાની કામગીરીની ભરપૂર પ્રશંસા કરી હતી.

ડાંગના ગ્રામ્ય વિસ્તારોની મુલાકાતો યોજી કલેકટરે ગ્રામ્ય સુવિધાઓનો ચિતાર મેળવ્યો

(દમણગંગા ટાઈમ્સ)

આહવા, તા. ૧૧ :રાજ્યના વહીવટી તંત્રને વધુ ગતિશીલ, પારદર્શી અને લોકાભિમુખ બનાવવાના હેતુથી ગુજરાત સરકારના મહેસૂલ વિભાગ દ્વારા એક મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. જે અનુસાર રાજ્યના તમામ જિલ્લાઓમાં કલેક્ટરશ્રી તથા જિલ્લા વિકાસ અધિકારીઓ નિયમિતપણે ગ્રામીણ વિસ્તારોની મુલાકાતો યોજી, તેમની કામગીરીનો વિગતવાર ફિલ્ડ વિઝિટ રિપોર્ટ સરકારને સોંપે છે.

આ કામગીરીના ભાગરૂપે રાજ્યના છેવાડે આવેલ ડાંગ જિલ્લામાં પણ પ્રજાભિમુખ વહીવટને વરેલા, ડાંગ જિલ્લા વહીવટી તંત્રના વડા એવા સંવેદનશીલ કલેક્ટર સુશ્રી શાલિની દુહાને, જિલ્લાના અંતરિયાળ અને દુર્ગમ ગ્રામ્ય વિસ્તારોની શ્રેણીબદ્ધ મુલાકાતો યોજી ગ્રામ્ય સુવિધાઓનો ચિતાર મેળવ્યો હતો. ગત દિવસોમાં જિલ્લા કલેક્ટરએ ડાંગ જિલ્લાના દિવાનટેબરૂન, કલમખેત, સરવર, ભવાનદગડ, પાંઢરમાળ, પોળસમાળ, પાદલખડી, લવચાલી, જાખાના, કોટમદર, માલેગામ, સાપુતારા અને ગલકુંડ જેવા અનેક અંતરિયાળ ગ્રામ્ય વિસ્તારોની મુલાકાત લીધી હતી.

કલેક્ટરએ વિવિધ ગામોની આ મુલાકાતો દરમિયાન લોકો સાથે સીધો સંવાદ સાધ્યો હતો. જ્યાં ગામના પ્રશ્નો સદર્ભે પ્રજાજનો પાસેથી ગામના રોડ રસ્તા, શાળા માટે જમીન ફાળવણી, બસ સુવિધા, તેમજ આરોગ્યની સુવિધાઓ વિગેરે બાબતે રજૂઆતો સાંભળી, કલેક્ટરએ સંબધિત અધિકારીઓને પ્રશ્નોનું નિરાકરણ લાવવા અંગેની સૂચના આપી હતી. તથા આ પ્રશ્નનું નિરાકરણ થયુ કે નહી તે અંગેનું ફોલોઅપ પણ લીધું હતું.

ઉલ્લેખનીય છે કે, રાજ્યના મુખ્યમંત્ર ભૂપેન્દ્રભાઇ પટેલના માર્ગદર્શન હેઠળ રાજ્ય સરકાર સુશાસન વ્યવસ્થા જાળવવા પ્રતિબધ્ધ છે. જે મુજબ ડાંગ જિલ્લા વહીવટી તંત્રે પણ સામાન્ય નાગરિકોને સરકારી સુવિધાઓનો લાભ સુપેરે મળી રહે તે માટેની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી છે.

આહવામાં મહિલા સંમેલન યોજાયું

(દમણગંગા ટાઈમ્સ)

આહવા, તા. ૧૧ : તારીખ ૮ મી માર્ચ આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણી નિમિત્તે આજરોજ આદિવાસી સાંસ્કૃતિક ભવન આહવા ખાતે ડાંગ જિલ્લા પંચાયત પ્રમુખ નિર્મળાબેન ગાઇનના અધ્યક્ષ સ્થાને મહિલા સંમેલનનો કાર્યક્રમ યોજાયો હતો.

આ પ્રસંગે જિલ્લા પંચાયત પ્રમુખ નિર્મળાબેન ગાઈને મહિલાઓને સમાન હક્ક મળે તો સશક્ત સમાજનું નિર્માણ કરી શકાય તેમ જણાવી, કેન્દ્ર તેમજ રાજ્ય સરકાર દ્વારા ચાલતી વિવિધ યોજનાઓનો લાભ લેવા અનુરોધ કરી યોજનાકીય માર્ગદર્શન આપ્યું હતું.

જિલ્લા કલેક્ટર સુશ્રી શાલિની દુહાને આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની શુભેચ્છાઓ પાઠવી જણાવ્યું હતું કે, સમાજ અને રાષ્ટ્રના સર્વાંગી વિકાસમાં મહિલા શકિતનું યોગદાન અમૂલ્ય રહ્યું છે. જિલ્લા વિકાસ અધિકારી કે. એસ. વસાવાએ મહિલાઓને સમાજમાં સમાન તક મળે, પુરુષ સમાન માન સન્માન મળે તેવી કામના વ્યક્ત કરી, વેશ્વિક કક્ષાએ મેળવેલ મહિલાઓની સિદ્ધિઓ વર્ણવી હતી. સાથે જ અત્યાચાર અને અન્યાય સામે અવાજ ઉઠાવવા હાંકલ કરી હતી.

કાર્યક્રમમાં જિલ્લાની અગ્રેસર મહિલાઓને સિલ્ડ, તેમજ બાલિકા પંચાયત અંતર્ગત દિકરીઓને સન્માનિત કરવામાં આવી હતી. આ ઉપરાંત લાભાર્થીઓને વ્હાલી દીકરી યોજનાના મંજૂરી હુકમ, દીકરી વધામણાં કીટ, એજ્યુકેશન કીટ વિતરણ અને હાઈજીન કીટ વિતરણ કરવામાં આવી હતી. દરમિયાન મહાનુભાવોએ યોજનાકીય સ્ટોલ નિદર્શન પણ કર્યું હતું. આ પ્રસંગે મહિલા અને બાળ સમિતિના અધ્યક્ષા શ્રીમતી સારૂબેન વળવી, શિક્ષણ સમિતિ અધ્યક્ષા બીબીબેન ચૌધરી, સહિત જિલ્લા કલેક્ટર શાલિની દુહાન, જિલ્લા વિકાસ અધિકારી કે. એસ. વસાવા, નિવાસી અધિક કલેક્ટર એસ. ડી. તબીયાર, પ્રાંત અધિકારી કાજલ આંબલીયા, જિલ્લા આયોજન અધિકારી સ્મિતા પટેલ, મહિલા અને બાળ વિભાગના અધિકારી ડો. મનીષાબેન મુલતાની સહિતના અધિકારીઓ તેમજ મોટી સંખ્યામાં મહિલાઓ ઉપસ્થિત રહી હતી.

આંતલિયા ગ્રા.પં.ની અંતિમ ચેતવણી : બાકી વેરો નહીં ભરો તો મિલકત સીલ થશે

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

બીલીમોરા, તા. ૧૧ : આંતલિયા ગ્રામ પંચાયત દ્વારા બાકી વેરાની વસૂલાત માટે આક્રમક વલણ અપનાવતા તમામ બાકીદારો સામે લાલ આંખ કરવામાં આવી છે. પંચાયત દ્વારા સ્પષ્ટ સૂચના આપવામાં આવી છે કે જે મિલકતધારકોનો વેરો બાકી છે, તેઓએ આ નોટિસ મળ્યાના માત્ર ૨ દિવસમાં સંપૂર્ણ રકમ પંચાયત કચેરીએ જમા કરાવી દેવી.

જો નિયત સમય મર્યાદામાં વેરો ભરવામાં કસૂરવાર જણાશે તો ગુજરાત પંચાયત અધિનિયમ ૧૯૯૩ની કલમો હેઠળ પંચાયત દ્વારા આપવામાં આવતી તમામ પાયાની સુવિધાઓ તાત્કાલિક અસરથી કાપી નાંખવામાં આવશે.

ગામના વિકાસના કામોમાં અવરોધ ન આવે તે હેતુથી પંચાયત તંત્ર હવે કડક એક્શન મોડમાં આવ્યું છે. બાકી વેરો વસૂલવા માટે પંચાયત દ્વારા મિલકત પર બોજો લાદવા, મિલકત ટાંચમાં લેવા અથવા મિલકતને સીલ મારવા સુધીની કાયદેસરની કાર્યવાહી હાથ ધરવાની ગંભીર ચેતવણી આપવામાં આવી છે.

વર્ષ ૨૦૨૫-૨૬ના માર્ચ મહિના પહેલા તમામ લેણી રકમની વસૂલાત કરવા માટે સરપંચ જયેશ પટેલ અને તલાટી કમ મંત્રી નિલય પટેલ દ્વારા આદેશ જારી કરી દેવામાં આવ્યા છે, તેથી કોઈપણ પ્રકારની કાનૂની કાર્યવાહી કે જપ્તીથી બચવા માટે ગ્રામજનોને સત્વરે વેરો ભરી દેવા તાકીદ કરવામાં આવી છે.આ કડક કાર્યવાહીમાં ગ્રામ પંચાયત આંતલિયાના સભ્યઓ પણ જોડાયા હતાં.

આહવામાં સિવિલ ડિફેન્સ વોર્ડન / વોલ્યન્ટીયર્સની તાલીમ કાર્યક્રમ યોજાયો

(દમણગંગા ટાઈમ્સ)

આહવા, તા. ૧૧ : નાગરીક સંરક્ષણ દળ - ડાંગ માટે નાગરીક સંરક્ષણ સ્વયં સેવકની તાલીમ તથા ક્ષમતા નિર્માણ કાર્યક્રમ અંતર્ગત તારીખ ૧૦/૦૩/૨૦૨૬ ના રોજ આહવાના ડાંગ દરબાર હોલ ખાતે નાયબ નિયંત્રક નાગરિક સંરક્ષણ અને પ્રાંત અધિકારીશ્રી કાજલ આંબલિયાના અધ્યક્ષ સ્થાને ચાર દિવસીય સિવિલ ડિફેન્સ અંગેની વોર્ડન/ વોલ્યુનેટિયર્સની તાલીમનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું.

આ તાલીમ કાર્યક્રમમાં આશરે ૩૫૦ જેટલા સ્વયં સેવકો ભાગ લઇ રહ્યાં છે. આ તાલીમ ૧૦ થી ૧૩ માર્ચ સુધી યોજાશે. આ તાલીમમાં ફાયર, સેફટી, આપાત કાલીન, પાણીમાં રેસ્ક્યુ કરવા જેવી આપાતકાલીન બાબાતોએ સ્વયં સેવકોને તાલીમ આપવામાં આવનાર છે. આ પ્રસંગે આહવા મામલદાર રજનીશ વૈષ્ણવ, સુબીર મામલતદાર આઇ.એમ સૈયદ, જિલ્લા હોમગાર્ડ કમાન્ડન્ટ, બાર એસોસિયેશનના પ્રમુખ સંજયભાઇ, અમદાવાદના માસ્ટર ટ્રેનરો તેમજ તાલીમાર્થીઓ હાજર રહ્યાં હતાં.

નવ જ્યોત ક્રિકેટ ક્લબ ઘેજ ભરડા દ્વારા ક્રિકેટ ટુર્નામેન્ટ યોજાઈ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

ચીખલી, તા.૧૧ : નવજ્યોત ક્રિકેટ ક્લબ ઘેજ ભરડા દ્વારા આયોજિત હોળી કપ - ૨૦૨૬ ક્રિકેટ ટુર્નામેન્ટનું ભવ્ય આયોજન જલારામ ધામ - જીવું ક્રિકેટ ગ્રાઉન્ડ ખાતે કરવામાં આવ્યું હતું. આ ટુર્નામેન્ટમાં કુલ ૨૦ ટીમોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. ટુર્નામેન્ટની ફાઈનલ મેચમાં બજરંગ-૧૧ અને ઘેજ દુકાન ફળિયા ટીમ આમને-સામને આવી હતી. ફાઈનલ મુકાબલો રોમાંચક રહ્યો હતો. બજરંગ-૧૧ ટીમે પ્રથમ દાવમાં ૮ ઓવરમાં ૭૨ રન બનાવી ઘેજ દુકાન ફળિયા ટીમને ૭૩ રનનું લક્ષ્ય આપ્યું હતું. જવાબમાં ઘેજ દુકાન ફળિયા ટીમ સારો પ્રયાસ કરવા છતાં ૭ રનથી પાછળ રહી ગઈ હતી. પરિણામે બજરંગ-૧૧ ટીમ વિજેતા બની હોળી કપ - ૨૦૨૬ પર કબજો જમાવ્યો હતો, જ્યારે ઘેજ દુકાન ફળિયા ટીમ રનર્સ અપ રહી હતી. વ્યક્તિગત પુરસ્કારોમાં વિરલ પટેલને બેસ્ટ ફિલ્ડર જાહેર કરવામાં આવ્યા હતા.

નેહલ પટેલે શાનદાર પ્રદર્શન કરતાં બેસ્ટ બેટ્સમેન, બેસ્ટ બોલર, મેન ઓફ ધ મેચ તથા મેન ઓફ ધ સિરીઝ જેવા મહત્વના ખિતાબો પોતાના નામે કર્યા હતા. આ સમગ્ર ટુર્નામેન્ટમાં ખેલાડીઓ અને ક્રિકેટપ્રેમીઓમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો અને આયોજન સફળતાપૂર્વક પૂર્ણ થયું હતું.

બીલીમોરા પાલિકા ખાતે બે દિવસીય સેવાસેતુ કેમ્પનો પ્રારંભ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

બીલીમોરા, તા.૧૧ : રાજ્ય સરકારના લોકહિતકારી અભિગમ હેઠળ બીલીમોરા નગરપાલિકાનો જલારામ હોલ ખાતે બુધવારે ૧૧માં તબક્કાના સેવાસેતુ કાર્યક્રમનો પ્રારંભ થયો હતો. કેમ્પના પ્રથમ દિવસે વોર્ડ નં.૧ થી ૫ ના નગરજનો માટે વિવિધ સરકારી વિભાગોની સેવાઓ એક જ છત નીચે ઉપલબ્ધ કરાવવામાં આવી હતી, જેમાં કુલ ૭૯૦ જેટલી અરજીઓનો સ્થળ પર જ હકારાત્મક નિકાલ કરીને લોકોને કચેરીઓના ધક્કામાંથી મુક્તિ અપાવી વહીવટી પારદર્શિતાનો પરિચય આપ્યો હતો.

બીલીમોરાના જલારામ હોલ ખાતે યોજાયેલા આ દ્વિ-દિવસીય કેમ્પમાં મોટી સંખ્યામાં નગરજનો ઉમટી પડ્યા હતા. કેમ્પ દરમિયાન સૌથી વધુ ૫૪૫ લોકોએ હેલ્થ વેલનેસ કાર્ડ અને બી.પી. ડાયાબિટીસ ચકાસણીનો લાભ લીધો હતો. આ ઉપરાંત ૪૨ રેશનકાર્ડ ઈ-કેવાયસી, ૫૧ આવકના દાખલા, ૩૫ જન્મ-મરણ પ્રમાણપત્ર, ૨૪ આધારકાર્ડ સુધારા, ૨૨ પીએમજેવાય કાર્ડ અને વિધવા સહાય સહિતની કુલ ૭૯૦ અરજીઓ પર તાત્કાલિક કાર્યવાહી કરી સ્થળ પર નિકલ કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે ગણદેવી મામલતદાર ડી. રોઝ, પાલિકા ચીફ ઓફિસર સંદીપ પટેલ, પ્રમુખ મનીષ પટેલ, શહેર ભાજપ પ્રમુખ નીરવ ટેલર સહિત પદાધિકારીઓ, કર્મચારીઓ, નગરજનો ઉપસ્થિત રહ્યા હતા. વચેટિયામુક્ત વહીવટના આ કેમ્પમાં બીજા દિવસે એટલે કે આજે વોર્ડ નં.૬થી ૯ના રહીશો માટે વિવિધ સરકારી યોજનાઓના લાભો મેળવવાની તક રહેશે.

સુપ્રભાતમ્

આજનું પંચાગ

તા. ૧૨-૦૩-૨૦૨૬, **વાર :** ગુરૂવાર **તિથિ :** ફાગણ, નવમ **સૂર્યોદય** : ૦૬ : ૫૫ **સૂર્યાસ્ત** ૧૮ : ૪૩, **ચંદ્રોદય** - ૦૧:૫૭ **ચંદ્રાસ્ત** - ૧૨:૪૩ **ચંદ્ર રાશિ :** ધન, **નક્ષત્ર** - મૂળ

આજનું રાશિભવિષ્ય

મેષ(અ.લ.ઈ) : આજે કોઈક તમને બલિનો બકરો બનાવવાનો પ્રયાસ કરશે, આથી સચેત રહેજો. એમ તો આજે નાણાકીય પક્ષ સારું રહેશે પરંતુ તમને આ પણ ધ્યાન રાખવું હશે કે તમે તમારા પૈસા નકામા ખર્ચ ના કરો.

વૃષભ(બ.વ.ઉ) : આજના દિવસે તમારા આહારની યોગ્ય તકેદારી રાખવી ખાસ કરીને માઈગ્રેનના દરદીઓએ જેમણે તેમનું ભોજન મિસ ન કરવું જોઈએ કેમ કે એવું કરવાથી તેમના પર લાગણી સંબંધિત તાણ બિનજરૂરી રીતે આવી શકે છે.

મિથુન(ક.છ.ઘ) : તમારા જીવનસાથીનું વફાદાર હૃદય અને હિંમતવાન મનોબળ તમને કદાચ આનંદ આપશે.

કર્ક(ડ.હ) : વ્યાયમ દ્વારા તમે તમારા વજનને અંકુશ હેઠળ રાખી શકશો.

સિંહ(મ.ટ.) : આજના દિવસે કામની વ્યસ્તતા છતાં સ્વાસ્થ્ય સારૂં રહેશે. ભાઈ બહેનો ની મદદ થી આજે તમને આર્થિક લાભ મળી શકશે? પોતાના ભાઈ બહેનો ની સલાહ લો.

કન્યા(પ.ઠ.ણ.) : આજે તમે નિરાંત અનુભવશો તથા મોજ-મજા માટે યોગ્ય મૂડમાં હશો.

તુલા (ર.ત.) : આજે તમે તમારું ધન ધાર્મિક કાર્યો માં લગાવી શકો છો જેથી તમને માનસિક શાંતિ મળવા ની પુરી શક્યતા છે.

વૃશ્ચિક(ન.ય.) : છેલ્લા થોડા સમયથી તમારામાંના જે લોકો ઑવરટાઈમ કામ કરી રહ્યા છે- તેઓ આજે તાણ અને દુવિધા આ બે બાબતો નહીં ઈચ્છે.

ધન(ભ.ધ.ફ.ઢ.) : આજે તમારૂં મોહિત કરનારૂં વર્તન ધ્યાન આકર્ષિત કરશે. માતા અથવા પિતા ની સેહત પર આજ તમારે વધારે ધન ખર્ચ કરવું પડી શકે છે.

મકર(જ.ખ) : આજના દિવસે ખાસ કરી ને બહારની વસ્તુઓ ખાતી-પીતી વખતે ચેતતા રહેજો. બેદરકારી તમને બીમાર પાડી શકે છે.

કુંભ(ગ.શ.સ.) : એવો દિવસ જ્યારે તમે આરામ કરી શકશો. તમારા શરીરને તેલથી માલિશ કરો અને તમારા સ્નાયુઓને આરામ આપો.

મીન(દ.ચ.ઝ.થ.) : તમારી પ્રચંડ બૌદ્ધિક ક્ષમતા તમને વિકલાંગતા સામે લડવામાં મદદ કરશે.

દમણ રેડિયો 102.3 FM

આકાશવાણી — ગુરૂવાર

સવારની પ્રથમ સભા : ૫.૫૫ સભાનો આરંભ, ૬.૦૦ હિન્દી સમાચાર (દિલ્હીથી), ૬.૧૦ અર્ચના (ગાંધી વંદના સાથે ભકિત ગીતો) અને ૬.૩૦ અમૃતધારા (અમદાવાદ-વડોદરાથી), ૦૬.૩૫ - હિન્દી ફિલ્મ સંગીત (દમણથી) ૬.૫૫ અર્ચના - ભકિત ગીતો ૬.૪૫ સંસ્કૃતમાં સમાચાર (દિલ્હીથી) અને ૭.૦૦ શ્રી રામ ચરીત માણસ ગાન (દમણથી) ૭.૧૦ પ્રાદેશિક સમાચાર (અમદાવાદ-વડોદરા પરથી), ૭.૨૦ સુગમ સંગીત (દમણથી) ૭.૪૫ ગુજરાતી સમાચાર, ૭.૫૫ સુગમ સંગીત (અમદાવાદથી) ૦૮.૦૦ - સમાચાર પ્રભાત (દિલ્હીથી), ૦૮.૧૫ સુગમ સંગીત (દમણથી), ૮.૩૦ - વિવિધ ભારતી પ્રસારણના મનોરંજક કાર્યક્રમો (૧૦ વાગ્યા સુધી), ૧૦.૦૦ - હિન્દી ફિલ્મ સંગીત (દમણથી), ૧૦.૩૦- શ્રવણ માધુરી (દમણથી), ૧૧.૦૦ વાગ્યાથી વિવિધ ભારતીના કાર્યક્રમ, ૧૨.૩૦ સહિયર નારી જગત, ૦૧.૦૦ હિન્દી/ અંગ્રેજી સમાચાર, ૧.૩૦ (જય જવાર હિન્દી ફિલ્મ સંગીત), ૨.૧૫ હિન્દી સમાચાર ૨.૩૦ વિવિધ ભારતીના કાર્યક્રમો (સાંજે ૫:૩૦ વાગ્યા સુધી),

સાંજે : ૫.૩૦ - હિન્દી ફિલ્મ સંગીત, ૫.૩૦ પ્રાયોજીત કાર્યક્રમ (NCERT-UMANG)), ૬.૦૦ - સુગમ સંગીત, ૬.૩૦ અમદાવાદના કાર્યક્રમ, ૭.૧૦ - પ્રાદેશિક સમાચાર, ૭.૨૦ - દમણથી ખેતી વિષયક કાર્યક્રમ, ૭.૫૦ - ગુજરાતી સમાચાર, ૮.૦૦ - વિવિધ ભારતીના કાર્યક્રમ, ૮.૪૫ હિન્દી સમાચાર, ૯.૦૦ અંગ્રેજી સમાચર (દિલ્હીથી), ૯.૧૫ વિવિધ ભારતીના કાર્યક્રમ, ૧૧.૦૦ વાગ્યે હિન્દી સમાચાર અંગ્રેજી સમાચાર, ૧૧.૨૦ સભા સમાપન

સુડોકુ નં.૫૩૧

				9			3	
			1			7	8	
3						1		9
			4		3		9	7
		1	7		9	8		
5	9		8		2			
7		3	5					1
	8	9			6			
	2			4				

અહીં એક ચોકઠું આપ્યું છે

જેમાં નવ બોક્સ છે. દરેક ખાનામાં નવ ખાનાં છે કરવાનું શું છે.

(૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવા જોઈએ. કોઈ આંક રહી ન જવો જોઈએ.

(૨) દરેક આડી અને ઊભી હરોળમાં પણ એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ.

(૩) પોન્સિલથી આંકડા ભરવાની શરૂઆત કરો

(૪) શરૂઆત એ ખાનાથી કરો જ્યાં આંકડો લખવા માટે સૌથી ઓછા વિકલ્પ હોય.

સુડોકુ નં.૫૩૦નો ઉકેલ

4	5	1	8	3	6	7	2	9
7	6	9	5	4	2	8	1	3
3	8	2	7	1	9	5	6	4
8	7	4	9	5	1	6	3	2
6	9	5	4	2	3	1	8	7
1	2	3	6	8	7	9	4	5
9	3	6	2	7	8	4	5	1
2	4	8	1	9	5	3	7	6
5	1	7	3	6	4	2	9	8

ધરમપુરમાં પહેલ ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા મહિલા પોલીસ કર્મીઓનું સન્માન કરાયું

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

ધરમપુર, તા. ૧૧ : આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની થીમ "Rights, Justice, Action – For All Women and Girls"ને સાકાર કરતા ધરમપુરમાં પહેલ ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા એક અનોખી અને પ્રેરણાદાયી ઉજવણી કરવામાં આવી. ધરમપુર પોલીસ સ્ટેશન ખાતે આયોજિત આ કાર્યક્રમમાં મહિલા પોલીસ કર્મચારીઓને વિશેષ સન્માન આપવામાં આવ્યુ હતું.કાર્યક્રમમાં ધરમપુર પોલીસ સ્ટેશનના PSI વસાવા જેઓ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. પહેલ ચેરિટેબલ ટ્રસ્ટના સ્થાપક ઋષિત મસરાણીએ પોતાના સંબોધનમાં કહ્યું કે, મહિલા પોલીસ બહેનો સાક્ષાત શક્તિનો અવતાર છે. તેઓ દિવસ-રાત સમાજની સુરક્ષા અને કાયદો વ્યવસ્થા જાળવી રાખવા માટે અથાગ પરિશ્રમ કરે છે.

આ અવસરે પૂર્વજાબેન ભટ્ટ દ્વારા મહિલા પોલીસ બહેનોને ે્રણાદાયી વાંચન માટે રમેશ તન્ના દ્વારા લખાયેલ પુસ્તક પોઝિટિવ સ્ટોરીઝ ભેટ સ્વરૂપે અર્પણ કરવામાં આવ્યા, જેમાં સકારાત્મક વિચારો અને જીવનની પ્રેરણાત્મક કથાઓ સમાવિષ્ટ છે.આ કાર્યક્રમ દ્વારા મહિલા શક્તિ પ્રત્યે ઊંડો આદર વ્યક્ત કરવામાં આવ્યો અને સમાજમાં મહિલાઓના અમૂલ્ય યોગદાનને સલામ કરવામાં આવી. આવી પહેલો સમાજમાં સકારાત્મક ફેરફાર લાવે છે અને મહિલા સશક્તિકરણનો સંદેશ વધુ મજબૂત બનાવે છે!

વલસાડની દોલત-ઉષા ઈન્સ્ટિટ્યૂટનું ગૌરવ

સુમિત શાહાની યુનિવર્સિટી કરાટે ટીમમાં પસંદગી

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

વલસાડ, તા. ૧૧ : દોલત-ઉષા ઈન્સ્ટિટ્યૂટ ઓફ એપ્લાઇડ સાયન્સીસ એન્ડ ધીરૂ-સરલા ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટ એન્ડ કોમર્સ, વલસાડના ટી.વાય.બી.સી.એ.માં અભ્યાસ કરતો વિદ્યાર્થી સુમિત એસ. શાહા વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીની કરાટે (ભાઈઓ) ની ટીમમાં પસંદગી પામી ઓલ ઈન્ડિયા આંતર યુનિવર્સિટી (સાઉથ-વેસ્ટ) ઝોન સ્પર્ધા રમવા માટે તા. ૧૬/૦૩/૨૦૨૬ થી ૨૩/૦૩/૨૦૨૬ સુધી સેગ

યુનિવર્સિટી, ભોપાલ, મધ્યપ્રદેશ મુકામે જશે. આ સિધ્ધી બદલ કોલેજના આચાર્ય ડો.સ્નેહલ કે. જોશી, શારીરિક શિક્ષણના પ્રાધ્યાપક ડો.ભાવિન એમ. પટેલ તથા વિવિધ વિભાગીય વડાઓ અને સ્ટાફે સુમીત શાહાને અભિનંદન અને શુભેચ્છા પાઠવે છે.

સેલવાસની લાયન્સ ઈંગ્લિશ સ્કુલમાં મહિલા દિવસની ઉજવણી કરાઈ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

સેલવાસ, તા. ૧૧ : લાયન્સ ઈંગ્લિશ સ્કૂલ, શ્રીમતી દેવકીબા મોહનસિંહજી ચૌહાણ કોલેજ ઓફ કોમર્સ એન્ડ સાયન્સ અને લાયન્સ ક્લબ ઓફ સિલવાસા ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા સંચાલિત હવેલી ઈન્સ્ટિટ્યૂટ ઓફ લીગલ સ્ટડીઝ એન્ડ રિસર્ચ દ્વારા સંયુક્ત રીતે ૯ માર્ચ, ૨૦૨૬ ના રોજ આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણી અત્યંત ગૌરવ, ઉત્સાહ અને પ્રેરણાદાયક વાતાવરણ સાથે કરવામાં આવી હતી.

કાર્યક્રમની શરૂઆત અધ્યક્ષ અને મુખ્ય મહેમાન ફતેહસિંહજી એમ. ચૌહાણ અને સંયુક્ત મુખ્ય મહેમાન ગીતાબા ફતેહસિંહજી ચૌહાણનું ફૂલોનો ગુલદસ્તો આપીને સન્માનપૂર્વક સ્વાગત કરવામાં આવ્યું હતું.

સંસ્થાના ઉપપ્રમુખ અને વિશેષ મહેમાન અનંતરાવજી ડી. નિકમ, સચિવ કુલદીપસિંહ મુન્દ્રા, ખજાનચી વિશ્વેશ દવે, સંયુક્ત સચિવ જયેન્દ્રસિંહ રાઠોડ અને કાર્યકારી સભ્ય શ્રી અભિષેક સિંહ ચૌહાણનું પણ આ કાર્યક્રમમાં સ્વાગત કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમના ભાગ રૂપે, મહિલા વિભાગના સભ્યો માટે વિવિધ રસપ્રદ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતું, અને વિજેતાઓને ઇનામ આપીને સન્માનિત કરવામાં આવ્યા હતા.

આ પ્રસંગે, લાયન્સ ઈંગ્લિશ સ્કૂલના શિક્ષિકા હર્ષા ભંડારી, દિવ્યા સોલંકી, વિદ્યાલયના પરીક્ષા વિભાગમાં ઓફિસ સહાયક. દેવકીબા મોહનસિંહજી ચૌહાણ કોલેજ અને હવેલી ઈન્સ્ટિટ્યૂટ ઓફ લીગલ સ્ટડીઝ એન્ડ રિસર્ચના પ્રોફેસર એકતા તોમરને સ્મૃતિચિહ્નો, નારિયેળ અને શાલ આપીને વુમન ઓફ ધ યર તરીકે સન્માનિત કરવામાં આવ્યા હતા. શાળાના સમર્પિત મહિલા સ્વચ્છતા કાર્યકર આસિફા ઉસ્માન નૂરિયાનું પણ ખાસ સન્માન કરવામાં આવ્યું હતું.

સંસ્થાની પરંપરા મુજબ, સમારોહમાં એક બાળકીની જન્મજયંતિ પણ ઉજવવામાં આવી હતી. દેવકીબા મોહનસિંહજી ચૌહાણ કોલેજના સ્ટાફ સભ્ય ગીતા મિશાલ અને હવેલી ઈન્સ્ટિટ્યૂટ ઓફ લીગલ સ્ટડીઝ એન્ડ રિસર્ચના પ્રોફેસર લક્ષ્મી નાયરની નાની પુત્રીઓનું સ્ટેજ પર સ્વાગત કરવામાં આવ્યું હતું, અને તેમના ઉજ્જવળ ભવિષ્ય માટે ૧૮ વર્ષ માટે ફિક્સ ડિપોઝિટ તરીકે ૧૮,૦૦૦ ની રકમની જાહેરાત કરવામાં આવી હતી.

અંતે, વાઇસ પ્રિન્સિપાલ પારુલ ગુપ્તાએ આભારવિધિ રજૂ કરી. આ પ્રેરણાદાયી સમારોહ રાષ્ટ્રગીત અને રાત્રિભોજનના ગાન સાથે પૂર્ણ થયો.

નાના રાંધામાં 'સ્ટેપ ઓફ ઈન્સ્પિરેશન' ગૃપ દ્વારા મહિલાઓનું સન્માન કરાયું

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

સેલવાસ, તા. ૧૧ : દાદરા અને નગર હવેલીના નાનારાંધા ગામ ખાતે STEP OF INSPIRATION ગ્રુપ દ્વારા આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ નિમિત્તે પ્રેરણાદાયક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ નાનારાંધા-નિબરમલ વિસ્તારના સમાજના વડિલો, યુવાનો તેમજ મોટી સંખ્યામાં માતા-બહેનોની ઉપસ્થિતિમાં ઉત્સાહપૂર્વક યોજાયો હતો. કાર્યક્રમની શરૂઆત દીપ પ્રજ્વલનથી કરવામાં આવી હતી.

ત્યારબાદ મહિલાઓના સન્માન, તેમના હક-અધિકારો તેમજ સમાજમાં તેમના મહત્વપૂર્ણ યોગદાન વિશે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં ગ્રુપના મુખ્ય સભ્યો તરીકે કેનુબેન કોતી, મનીષાબેન માહલા, નિલેશભાઈ ચૌધરી, નિતેશભાઈ ગામિત, જીતુભાઈ બરફ, પરમીલાબેન કોતી, કાંતાબેન ભાવર, આશિષભાઈ વરઠા, સવિતાબેન રડ્યા, બસંતીબેન બોરસા અને વંદનાબેન ગાવિત સહિત અન્ય લોકો હાજર રહ્યા હતા.

વલસાડમાં ઋણ સ્વીકાર કાર્યક્રમ અંગે અનુસુચિત જાતિ મોરચાની બેઠક મળી

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

વલસાડ, તા. ૧૧ : રાજ્યના અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓની શિષ્યવૃત્તિની આવક મર્યાદા ૨.૫ લાખથી વધારી ૬ લાખ કરવાના ઐતિહાસિક નિર્ણય બદલ માન. મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને પ્રદેશ અધ્યક્ષ જગદીશભાઈ વિશ્વકર્મા તથા નાયબ મુખ્યમંત્રી હર્ષભાઈ સંઘવીનો આભાર માનવા ગુજરાત અનુસૂચિત જાતિ મોરચાના અધ્યક્ષ કિરીટભાઈ સોલંકીના માર્ગદર્શન હેઠળ ગાંધીનગરમાં ૧૩ માર્ચના રોજ ઋણ સ્વીકાર કાર્યક્રમ યોજાનાર છે આ કાર્યક્રમને સફળ બનાવવા માટે કિરીટભાઈ સોલંકીની સુચનાથી પ્રદેશ વક્તા સુરેશભાઈ મકવાણાના માર્ગદર્શન માં તેમજ જીલ્લા મહામંત્રી કમલેશભાઈ પટેલ, મહામંત્રી નિખિલભાઈ ચોકસીની ઉપસ્થિતિમાં વલસાડ જિલ્લાના અનુસૂચિત જાતિ મોરચાના પ્રમુખ હેમંતભાઈ પટેલ, મોરચાના જિલ્લા મહામંત્રી યોગેશભાઈ ભાલે, સુમિતભાઈ માહ્યાવંશી અને જિલ્લાના કાર્યકર્તાઓ સાથે બેઠક કરી આ બેઠકમાં ઉપસ્થિત તમામ કાર્યકર્તાઓને વધુમાં વધુ સંખ્યામાં ગાંધીનગર પહોંચવા અને સમાજના લોકો સુધી આ માહિતી પહોંચાડવા જરૂરી સૂચનો આપ્યા અને વલસાડ જિલ્લામાંથી મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહે એ માટેનું સુવ્યવસ્થિત આયોજન કરવામાં આવ્યું હતું.

સેલવાસમાં જીલ્લા કક્ષાએ સંપૂર્ણતા અભિયાન ૨.૦ નો શુભારંભ કરાયો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

સેલવાસ, તા. ૧૧ : નીતિ આયોગ હેઠળ ચાલતા ''સંપૂર્ણતા અભિયાન ૨.૦' (જાન્યુઆરી-એપ્રિલ)નું જિલ્લા સ્તરીય લોન્ચિંગ મંગળવારે સિલવાસાના કલા કેન્દ્ર સભાખંડમાં યોજાયું હતું.

કાર્યક્રમ દાદરા અને નગર હવેલી તથા દમણ-દીવના પ્રશાસક પ્રફુલભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ અને કલેક્ટર પ્રિયંક કિશોરની અધ્યક્ષતામાં યોજાયો હતો.

કાર્યક્રમમાં નીતિ આયોગના સલાહકાર રાજનાથ રામ, સિલવાસા નગરપાલિકાના અધ્યક્ષ દેવરે સોમનાથ અધિકાર, દમણ જિલ્લા પંચાયતના અધ્યક્ષ ધરમ બાબુભાઈ પટેલ, જિલ્લા પંચાયતના મુખ્ય કાર્યકારી અધિકારી અરુણ ગુપ્તા સહિત નગરપાલિકા અને જિલ્લા પંચાયતના સભ્યો, સરપંચો તથા અધિકારીઓ હાજર રહ્યા હતા.

આ પ્રસંગે મુખ્ય કાર્યકારી અધિકારી અરુણ ગુપ્તાએ 'સંપૂર્ણતા અભિયાન ૨.૦' અને જળ મહોત્સવ ૨૦૨૬ અંગે માહિતી આપી હતી. કાર્યક્રમ દરમિયાન આરોગ્ય, પોષણ, કૃષિ, શિક્ષણ અને આધારભૂત સુવિધાઓ અંગેનો લઘુ વિડિયો રજૂ કરવામાં આવ્યો તેમજ સ્થાનિક કલાકારો દ્વારા પરંપરાગત તારપા નૃત્ય રજૂ કરવામાં આવ્યું હતું.

કલેક્ટર પ્રિયંક કિશોરે પોતાના સંબોધનમાં જળ સંરક્ષણના મહત્વ પર ભાર મૂક્યો અને હાજર જનપ્રતિનિધિઓ તથા અધિકારીઓને જળ સંરક્ષણ અંગે શપથ લેવડાવી. આ પ્રસંગે જિલ્લા પંચાયત દ્વારા રાષ્ટ્રીય ગ્રામિણ આજીવિકા મિશન હેઠળ ખરડપાડા, મસાટ અને દપાડા ગામની મહિલા સ્વસહાય જૂથોને સિલ્વન કાર્ટ આપવામાં આવ્યા હતા. સાથે જ જળ મહોત્સવ પખવાડા ૨૦૨૬ અંતર્ગત યોજાયેલી નિબંધ અને ચિત્ર સ્પર્ધાના વિજેતા વિદ્યાર્થીઓને પણ પુરસ્કાર આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. 'સંપૂર્ણતા અભિયાન ૨.૦'નો હેતુ દરેક પરિવાર સુધી આરોગ્ય, પોષણ, શિક્ષણ, આધારભૂત સુવિધાઓ અને રોજગાર સંબંધિત સેવાઓ પહોંચાડવાનો છે.

પારડીની એન. કે. દેસાઈ કોલેજમાં યુથ એસેમ્બલી કાર્યક્રમ યોજાયો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

પારડી, તા. ૧૧ : એન કે દેસાઈ સાયન્સ એન્ડ કોમર્સ કોલેજ કિલ્લા પારડી ખાતે જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરી વલસાડ દ્વારા વલસાડ જિલ્લાનો યુથ એસેમ્બલી કાર્યક્રમ તારીખ ૧૦ માર્ચ, ૨૦૨૬ ના રોજ યોજવામાં આવ્યો હતો. યુથ એસેમ્બલી કાર્યક્રમ અંતર્ગત એક વક્તૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં વલસાડ જિલ્લાના પાંચ વિધાનસભા વિસ્તાર ની શાળા અને કોલેજના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

જેમાં પ્રથમ ક્રમે રોફેલ કોલેજની વિદ્યાર્થીની શુભ્રા ચૌબે વિજેતા જાહેર થયા હતાં. જેઓ હવે રાજ્ય કક્ષા એ વલસાડ જિલ્લાનું પ્રતિનિધિત્વ કરશે.આ કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે વલસાડ જિલ્લા યુવા વિકાસ અધિકારી હિમાલી જોશી હાજર રહ્યા હતા.

આ કાર્યક્રમમાં પ્રસંગિક ઉદબોધન કોલેજના કેમ્પસ ડાયરેક્ટર ડો. દીપેશ શાહે કરી હતી. તેમજ સમગ્ર કાર્યક્રમ ના આયોજન માટે પ્રેરણા પૂરી પાડી હતી. આ કાર્યક્રમમાં નિર્ણાયક તરીકે ડૉ. દિપેશ શાહ તેમજ પ્રો. રુતાંશી પટેલ એ કામગીરી કરી હતી.

આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન ડૉ. શિવાની આચાર્ય દ્વારા કરવામાં આવ્યું હતું.

આ સમગ્ર કાર્યક્રમના સફળ સંચાલન તેમજ સુંદર આયોજન બદલ તેમજ દરેક સ્પર્ધકો ને ભાગ લઈને વિજેતા થવા બદલ કોલેજના કેમ્પસ ડાયરેક્ટર ડો. દીપેશ શાહ તેમજ પારડી એજ્યુકેશન સોસાયટીના ટ્રસ્ટીઓએ ખૂબ ખૂબ અભિનંદન પાઠવ્યા હતા.

દમણમાં રાજસ્થાની મહિલા મંડળે શિતળા સાતમની ઉજવણી કરી

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

દમણ, તા. ૧૧ : દમણમાં રાજસ્થાની મહિલા મંડળે શીતળા સપ્તમીના વ્રત અને પૂજા ભક્તિ અને શ્રદ્ધા સાથે ઉજવી હતી. આ પ્રસંગે મહિલાઓએ ધાર્મિક વિધિઓ કરી હતી અને શીતળા માતાને પ્રાર્થના કરી હતી, તેમના પરિવારના સુખ, સમૃદ્ધિ અને સારા સ્વાસ્થ્ય માટે પ્રાર્થના કરી હતી.

આ કાર્યક્રમ દરમિયાન મહિલાઓએ અસાધારણ ઉત્સાહ અને ભક્તિ દર્શાવી હતી. રાજસ્થાની સમુદાયની મોટી સંખ્યામાં મહિલાઓએ આ કાર્યક્રમમાં હાજરી આપી હતી અને પરંપરાગત રીતરિવાજો અનુસાર પૂજા અને ધાર્મિક વિધિઓ કરી હતી.

ધરમપુર જિલ્લા વિજ્ઞાન કેન્દ્રમાં મહિલા દિનની ઉજવણી કરાઈ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

ધરમપુર, તા.૧૧ : જિલ્લા વિજ્ઞાન કેન્દ્ર, ધરમપુર, નેશનલ કાઉન્સિલ ઓફ સાયન્સ મ્યુઝિયમ, સંસ્કૃતિ મંત્રાલય, ભારત સરકાર દ્વારા અંતરરાષ્ટ્રીય મહિલા દિવસ નિમિત્તે તા. 08.03.2026 "Give to Gain" થીમ હેઠળ વિશેષ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સાથે ધરમપુર ખાતે જિલ્લા જળ અને સ્વચ્છતા એકમ, વલસાડ (વાસ્મો) દ્વારા સુજલમ શક્તિ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. કાર્યક્રમ દરમિયાન જેમાં ૭૦ ટકા કે તેથી વધુ મહિલા સભ્યો સામેલ છે એવી ૯ ગામોની પાણી સમિતિઓને અરવિંદ પટેલ, ઉપપ્રમુખ - ભારતીય જનતા પાર્ટી, ગુજરાતના હસ્તે પુરસ્કાર રકમ આપવામાં આવી હતી.

આ કાર્યક્રમમાં યુનિટ મેનેજર અને કાર્યપાલક એન્જિનિયર એચ. એમ. પટેલ અને પ્રજ્ઞેશ રાઠોડ, જિલ્લા વિજ્ઞાન અધિકારી, જિલ્લા વિજ્ઞાન કેન્દ્ર, ધરમપુર હાજર રહ્યા હતા. પ્રજ્ઞેશ રાઠોડ દ્વારા સાયબર સિક્યુરિટી અને પાણી બચાવો વિષય પર વ્યાખ્યાન આપવામાં આવ્યું હતું. જિલ્લા વિજ્ઞાન કેન્દ્રની સાયન્સ કોમ્યુનિકેટર તૃપ્તિ રાઉત દ્વારા અંધશ્રદ્ધા નિવારણ કાર્યક્રમ રજૂ કરવામાં આવ્યો હતો. સહકર્મી જૈમિની પરમાર દ્વારા હેલ્ધી કિચન, હેલ્ધી વુમનૈ પોષણ, સુરક્ષા અને સ્વચ્છતા વિષય પર વ્યાખ્યાયન આપવામાં આવ્યું હતું.

તેમજ અન્ય સહકર્મી વિભૂતિ પટેલ દ્વારા વિશિષ્ટ સોલાર ફિલ્ટરનો ઉપયોગ કરીને સૂર્ય કલંક (Sun-spots) અને શુક્ર ગ્રહ (Venus) નું નિરીક્ષણ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં કુલ ૮૪ લોકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

સંકટ સમયની સાચી સખી '૧૮૧ અભયમ' સેવાના ૧૨ વર્ષ પૂર્ણ

વલસાડ જીલ્લામાં ૨૪૮૭૮ મહિલાઓને જરુરી સલાહ અને માર્ગદર્શન અપાયું

૧૮૧ મહિલા હેલ્પલાઈન નંબર રાજ્યની લાખો મહિલાઓ માટે મજબૂત સુરક્ષા કવચ સાબિત થયું છે : મોબાઈલ એપના 'પેનિક બટન' અને 'ફોન શેકિંગ' જેવા ફીચસ મુશ્કેલીના સમયે ફોન કર્યા વગર પણ મહિલાઓને હેલ્પલાઈન સેન્ટર સુધી પહોંચાડે છે

(દમણગંગા ટાઈમ્સ)

આલેખન - સલોની પટેલ

વલસાડ, તા. ૧૧ : ગુજરાત એટલે શાંતિ, સલામતી અને સમૃદ્ધિનું પર્યાય. રાજ્યમાં વસતી પ્રત્યેક મહિલા પોતે સુરક્ષિત અનુભવે અને મુશ્કેલીના સમયે તેને કોઈ મજબૂત સાથ મળે તે માટે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વ તથા નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીના માર્ગદર્શનમાં ગુજરાત સરકાર સતત કાર્યશીલ છે. આ વર્ષે ૮મી માર્ચ, 'આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ' ના રોજ ગુજરાતની મહિલાઓની સુરક્ષાની કરોડરજ્જુ સમાન '૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઈન' પોતાની સફળ સેવાના ૧૨ વર્ષ પૂર્ણ કર્યા છે ત્યારે આવો જાણીએ તેની કામગીરી અને સિદ્ધિઓ વિશે...

આજે આ હેલ્પલાઈન માત્ર એક નંબર નથી પરંતુ ગુજરાતની મહિલાઓ માટે એક મજબૂત સુરક્ષા કવચ સાબિત થયું છે. ગુજરાત રાજ્યમાં છેલ્લા ૧૨ વર્ષમાં કુલ ૧૮,૧૦,૯૧૩ થી વધુ મહિલાઓને જરૂરી સલાહ અને માર્ગદર્શન પૂરું પાડીને તેમને જાગૃત કરવામાં આવી છે. આ સેવા માત્ર ફોન પૂરતી સીમિત ન રહેતા ૩,૬૦,૯૬૪ જેટલા કિસ્સાઓમાં અભયમની ટીમે ઘટના સ્થળ પર જઈને મહિલાઓને તાત્કાલિક મદદ પહોંચાડી છે.

વલસાડ જિલ્લામાં છેલ્લા ૧૨ વર્ષનાં સમયગાળાની સફળ કામગીરી દરમિયાન ૧૮૧ 'અભયમ' મહિલા હેલ્પલાઈન દ્વારા કુલ ૨૪૮૭૮ જેટલા કિસ્સાઓમાં જરૂરિયાત મુજબ સલાહ - સુચન, માર્ગદર્શન અને બચાવની મદદ પુરી પાડવામાં આવી છે. તેમજ તાકીદની પરીસ્થિતિમાં ઘટના સ્થળ ઉપર ૧૮૧ અભયમ રેસક્યુવાન સાથે કાઉન્સિલર સહિતની ટીમ દ્વારા ૫૬૫૪ જેટલી મહિલાઓને મદદ પુરી પાડી છે. વલસાડ જીલ્લામાં વર્ષ ૨૦૨૫ દરમિયાન ૨૭૪૩ જેટલી જરૂરિયાતમંદ મહિલાઓના કોલ આવ્યા હતા જેમાંથી ૫૫૩ કિસ્સાઓમાં અભયમ રેસ્ક્યુ વાન ડિસ્પેચ કરી ૩૯૩ કેસમાં સમાધાન અને ૧૩૭ કેસમાં મહિલાઓને બચાવ અર્થે વિવિધ એજન્સીઓમાં રિફર કરવામાં આવ્યા હતા. કુલ કોલમાં કસ્ટડીના ૬૨, ઘરેલુ હિંસાના ૧૩૯૧, લગ્ન જીવનના વિખવાદો ૧૮૯, જનરલ માહિતી અને સરકારી મહિલાલક્ષી યોજનાઓની પ્રાથમિક માહિતીના ૧૫૭, શારિરીક, માનસિક, જાતીય હેરાનગતીના ૩૬૪, પરિવાર છોડેલ ૫૨, અન્ય સબંધોના ૭૩, કાયદાકીય માર્ગદર્શન ૩૬, બીનજરૂરી કોલ મેસેજથી હેરાનગતિનાં ૪૯ અને અન્ય મહિલાલક્ષી પ્રશ્નોના ૪૫૦ જેટલા કોલ આવ્યાં હતાં. વર્ષ દરમિયાન જીલ્લા વહીવટી તંત્ર, પોલીસ વિભાગ, મહિલા અને બાળ વિકાસ વિભાગ, નારી સંરક્ષણ ગૃહ, ઓ.એસ.સી, પી.બી.એસ.સી, આશ્રય ગૃહ અને સ્થાનિક સંસ્થાઓ અને કાર્યકરો તરફથી નોંધપાત્ર સહયોગ મળી રહ્યો હતો. અભયમ ટીમ દ્વારા વિવિધ ફરિયાદોના કોલને પહોંચી વળી હકારાત્મક ઉકેલ લાવી સામાજિક એકતા અને સુલેહ માટે પ્રશંસનીય કાર્ય કરવામાં આવી રહ્યું છે. નારી સુરક્ષા એ જ અમારી પ્રાથમિકતાના લક્ષ્યાંક સાથે ગુજરાત સરકાર કામ કરી રહી છે. આજે ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઈન દ્વારા રાજ્યની દીકરીઓ અને મહિલાઓ ખરા અર્થમાં 'અભય' બનીને પ્રગતિના પંથે આગળ વધી રહી છે.

મદદ માંગનાર મહિલાઓની ઓળખ સંપૂર્ણપણે ગુપ્ત રાખવામા આવે છે

આ મહિલા હેલ્પલાઈન માત્ર હિંસા જ નહીં, પણ સાયબર ગુનાઓ, લગ્ન જીવનના વિખવાદો, કાનૂની જોગવાઈઓ અને સરકારી યોજનાઓની માહિતી પણ પૂરી પાડે છે. મહત્વની વાત એ છે કે, મદદ માંગનાર મહિલાની ઓળખ સંપૂર્ણપણે ગુપ્ત રાખવામાં આવે છે. ગુજરાતમાં રહેતી અન્ય રાજ્યની મહિલાઓ પણ આ સેવાનો નિઃશુલ્ક લાભ લઈ શકે છે.

'૧૮૧ મોબાઈલ એપ'ના 'પેનિક બટન' અને 'ફોન શેકિંગ' ફિચર્સ

ડિજિટલ યુગમાં મહિલાઓની સુરક્ષાને વધુ સ્માર્ટ બનાવતા ૧૮૧ મોબાઈલ એપમાં આપવામાં આવેલા 'પેનિક બટન' અને 'ફોન શેકિંગ' જેવા ફીચર્સ મહિલાઓને મુશ્કેલીના સમયે ફોન કર્યા વગર પણ પોતાનું ચોક્કસ લોકેશન હેલ્પલાઈન સેન્ટર સુધી પહોંચાડે છે. આમ, પરંપરાગત મદદ અને આધુનિક ટેકનોલોજીના સંગમથી ગુજરાતની નારી આજે આત્મવિશ્વાસ સાથે પોતાને વધુ સુરક્ષિત અનુભવે છે.

પશ્ચિમ રેલ્વે દ્વારા મહિલા કર્મચારીઓનું સન્માન કરાયું

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

વાપી, તા. ૧૧ : આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ ૨૦૨૬ ના અવસરે, પશ્ચિમ રેલ્વેએ મહિલા કર્મચારીઓના યોગદાનને સન્માનિત કરવા અને મહિલા સ્વાસ્થ્ય, સશક્તિકરણ અને એકંદર સુખાકારી વિશે જાગૃતિ લાવવા માટે શ્રેણીબદ્ધ આકર્ષક અને અર્થપૂર્ણ કાર્યક્રમોનું આયોજન કર્યું.

મહિલા દિવસની ઉજવણીના ભાગ રૂપે, પશ્ચિમ રેલવેના મુખ્ય જનસંપર્ક અધિકારી વિનીત અભિષેક દ્વારા જારી કરાયેલી એક અખબારી યાદી અનુસાર, પશ્ચિમ રેલવેએ ૧૦ માર્ચ, ૨૦૨૬ ના રોજ મુંબઈ સેન્ટ્રલના રેલ નિકુંજ ખાતે એક કાર્યક્રમનું આયોજન કર્યું હતું. પશ્ચિમ રેલવેના જનરલ મેનેજર પ્રદીપ કુમાર મુખ્ય અતિથિ હતા અને પશ્ચિમ રેલવે મહિલા કલ્યાણ સંગઠન (WRWWO) ના પ્રમુખ ઈશા મલિક અતિથિ વિશેષ હતા.

કાર્યક્રમ દરમિયાન, રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે શિક્ષણ અને અન્ય ક્ષેત્રોમાં ઉત્કૃષ્ટ સિદ્ધિઓ પ્રાપ્ત કરનાર મહિલા પ્રતિભાઓનું સન્માન કરવામાં આવ્યું. આ પુરસ્કાર યુવા મહિલાઓને શ્રેષ્ઠતા માટે પ્રયત્ન કરવા, આત્મવિશ્વાસ સાથે તેમના સપનાઓને આગળ વધારવા અને વધુ સફળતા પ્રાપ્ત કરવા માટે પ્રેરણા અને પ્રેરણા આપવા માટે આપવામાં આવ્યો હતો.

વિનીતે વધુમાં માહિતી આપી કે ૯ માર્ચ, ૨૦૨૬ ના રોજ, ચર્ચગેટ સ્થિત પશ્ચિમ રેલ્વે મુખ્યાલય કાર્યાલયમાં સ્વસ્થ મહિલા, સ્વસ્થ વિશ્વ થીમ પર આરોગ્ય અને પોષણ સંબંધિત જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. પશ્ચિમ રેલ્વેના તમામ છ વિભાગો, જેમ કે મુંબઈ સેન્ટ્રલ, વડોદરા, અમદાવાદ, રાજકોટ, ભાવનગર અને રતલામમાં પણ આવા જ કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા. વધુમાં, સાબરમતી અને દાહોદ વર્કશોપ અને મુંબઈ સેન્ટ્રલ ખાતે પશ્ચિમ રેલ્વેની જગજીવન રામ હોસ્પિટલમાં મહિલા દિવસની ઉજવણી માટે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું.

ચર્ચાનો ચોતરો

નોંધ: દમણગંગા ટાઈમ્સમાં દર ગુરૂવારે ચર્ચાનો ચોતરો વિભાગમાં વાચકો પોતાનો અભિપ્રાય વ્યક્ત કરે છે. લખાણની સંપૂર્ણ જવાબદારી ચર્ચાપત્રીની છે, તંત્રી કે સંપાદક વાચકોના અભિપ્રાય કે મંતવ્યો સાથે સંમત છે તેમ માની લેવું નહિ. - **સંપાદક**

સત્યનો સ્વીકાર

સુખદુ:ખે સમે કૃત્વા લાભાલાભૌ જયાજયૌ

ततो युद्धाय युजयस्व नैवं पापमवाप्स्यसि

અર્થ સુખ-દુ:ખ, લાભ- હાનિ અને જય-પરાજયને સમાન ગણીને (સત્યનો સ્વીકાર કરીને) તું તારા કર્તવ્યના યુદ્ધ માટે તૈયાર થઈ જા, આમ કરવાથી તને ક્યારેય પાપ કે સંતાપ લાગશે નહીં.

જીવનમાં ઘણીવાર એવી પરિસ્થિતિઓ આવે છે જ્યાં આપણી સામે સત્ય અરીસા જેવું સાફ હોય છે, છતાં આપણું મન તેને સ્વીકારવા તૈયાર નથી હોતું. આપણે કહીએ છીએ કે સત્ય સ્વીકારી લઈએ તો દુ:ખ ઓછું થાય, પણ એ સત્યને ગળે ઉતારવા માટે જે કઠણ હૃદય જોઈએ, તે ક્યાંથી લાવવું? આ પ્રશ્નનો ઉત્તર ભગવાન શ્રીકૃષ્ણ અર્જુનને નિમિત્ત બનાવીને ગીતામાં આપે છે.

મોહ જ સત્યના માર્ગનો અવરોધ છે. કુરુક્ષેત્રના મેદાનમાં અર્જુન સામે સત્ય ઊભું હતું કે તેણે ધર્મના રક્ષણ માટે પોતાના જ સ્વજનો સામે લડવું પડશે. પણ તેનો મોહ આ સત્યને સ્વીકારવા દેતો નહોતો. ગીતા આપણને શીખવે છે કે સત્ય સ્વીકારવામાં હૃદય કઠણ નહીં, પણ સ્થિતપ્રજ્ઞ (સંતુલિત) હોવું જોઈએ. જ્યારે આપણે પરિણામની ચિંતા અને મમત્વ છોડીએ છીએ, ત્યારે જ સત્ય સ્વીકારવાની શક્તિ મળે છે.

ગીતાનું એક મુખ્ય સૂત્ર છે. પરિવર્તન સંસારનો નિયમ છે. આપણે દુ:ખી ત્યારે થઈએ છીએ જ્યારે આપણે જૂની પરિસ્થિતિઓ, સંબંધો કે વિચારોને પકડી રાખવા માંગીએ છીએ. સત્ય કઠણ લાગે છે કારણ કે તે આપણા અહંકાર અથવા આપણી અપેક્ષાઓ પર પ્રહાર કરે છે. કૃષ્ણ કહે છે કે જે જન્મે છે તેનું મૃત્યુ નિશ્ચિત છે અને જે જાય છે તેનું સ્થાન બીજું લેવાનું જ છે. આ શાશ્વત સત્યનો સ્વીકાર જ હૃદયને મજબૂત બનાવે છે.

સત્ય સ્વીકારવા માટે હૃદયને પથ્થર જેવું કઠણ કરવાની જરૂર નથી, પરંતુ તેને સમુદ્ર જેવું વિશાળ બનાવવાની જરૂર છે. ગીતાના બીજા અધ્યાયમાં ભગવાન કહે છે

मात्रास्पर्शास्तु कौन्तेय शीतोष्णसुखदुःखदाः

અર્થાત, સુખ-દુ:ખ, ટાઢ-તડકો તો ઇન્દ્રિયોના સ્પર્શ માત્ર છે, જે આવનારા અને જનારા છે. તેને સહન કરતા શીખવું (તિતિક્ષા) એ જ સાચી મજબૂતી છે.

જે ક્ષણે આપણે સત્યનો અસ્વીકાર કરીએ છીએ, તે જ ક્ષણે સંઘર્ષ અને પીડા શરૂ થાય છે. પણ જે ક્ષણે આપણે કહીએ છીએ કે, હા, આ જ હકીકત છે અને મારે તેની સાથે જ આગળ વધવાનું છે, તે જ ક્ષણે હૃદય હળવું થઈ જાય છે. સત્ય કડવું હોઈ શકે છે, પણ તે મુક્તિ આપનારું હોય છે.

સત્ય સ્વીકારવું એ નબળા માણસનું કામ નથી, એ તો વીરનું લક્ષણ છે. ગીતા આપણને એ બળ આપે છે કે જે આપણું નથી તેને છોડીએ અને જે અટલ છે તેને અપનાવીએ. હૃદય ત્યારે જ મજબૂત બનશે જ્યારે તેમાં પરમાત્મા પ્રત્યે શ્રદ્ધા હશે કે જે કંઈ પણ થઈ રહ્યું છે તે વિધાતાના વિધાન મુજબ જ છે.

શું આપણે આપણા અહંકારને બાજુ પર મૂકીને કુદરતના ક્રમને સ્વીકારવા તૈયાર છીએ.

- કિંજલ પંડયા, પારડી

સફળતા મેળવવાનો રાજમાર્ગ

જુદી જુદી વ્યકિતઓ માટે સરળતાનો અર્થ જુદો જુદો હોઈ શકે છે. કોઈ ધનકુબેર બનવાને પોતાની સહુ મોટુ નામ, યશ કે પદ પ્રાપ્ત કરવાને સફળતા માને છે.

કોઈ થોડીક સફળતા મળતાં જ સંતોષનો અનુભવ કરે છે તો કોઈક બધુ જ મેળવ્યા પછી સફળતાનો આનંદ તથા સંતોષ મેળવી શકતો નથી. કેટલાક લોકો એવા પણ હોય છે કે, તેમના માટે નામ, દામ તથા બીજી સફળતા મેળવાનું કોઈ મહત્વ હોતુ નથી. તેમને જો અનાયાસ કશુંક મળી જાય તો તેને પુણ્ય તથા પ્રારબ્ધ માની લે તેનો સ્વીધકાર કરી લે છે તેમને બાહ્ય સફળતા કે સિદ્ધિ કરતાં આંતરિક પૂર્ણતા પ્રાપણ્ત કરવાની વધારે ઈચ્છા હોય છે.

તેઓ વૈદિક ઋષિઓએ સમજાવેલા ધમૃ, અર્થ, કામ અને મોક્ષના જીવનદર્શનમાં વધારે વિશ્વાનસ રાખે છે. એને સંર્પૂ સફળતાની અપેક્ષા રાખે છે. દરેક માણસમાં આ સર્વાગી સફળતા મેળવવાની ઈચ્છા કુદરતી રીતે હોય જ છે. એનુ કારણ એ છે કે મૂળભૂત રીતે તો તે ઈશ્વરનો અંશ છે. અને તે પૂર્ણતા પ્રાપ્ત કરવાનો અધિકારી પણ છે. પરતુ થોડાક ભાગ્યશાળી લોકો જ સંપુણ સફળતા મેળવી શકે છે. બધાને તે પ્રાપ્ત થતી નથી. જો કે તેની પાછળ અનેક કારણો કામ કરતાં હોય છે. જો તેમના વિશે થોડી ઘણી સમજ હોય તો સફળતા મેળવવાનો માર્ગ સરળ બની જાય છે. પછી માણસના જીવનની યાત્રા ખુબ સુખ શાંતિ અને આનંદથી ભરપુર બની જાય છે. કાયમી સફળતા મેળવાની પાછળ પણ કેટલાય કારણો કામ કરતાં હોય છે. એમાંના કેટલાંક પ્રત્યક્ષ છે. કે દરેક ક્ષેત્રમાં સફળતા મેળવવા માટે માણસે કિંમત ચુકવવી પડે છે.

એના મૂળમાં કોઈપણ લક્ષ્યને સિદ્ધ કરવા માટે લાંબા સમય સુધી પરિશ્રમ કરવો પડે છે. સંપૂર્ણ સમર્પણ અને નૌષ્ઠિક પ્રયાસ પણ કરવજો પડે છે.

કેટલીક સફળતા આપણા પ્રારબ્ધ કે વિધાતાઓ નક્કી કરેલા વિધાનના કારણે પણ મળતી હોય છી.

આજ રીતે બહારથી જોનારા લોકોને સફળતાની બાહ્ય ચમક દમકથી ભરેલી સફળતાનું આંશિકસત્ય જ દેખાય છે. એ જોઈને તેઓ અંજાઈ જાય છે. જયારે વાસ્તવમાં પૂર્ણ સત્ય તો સપાટીની નીચે રહલા હિમખંડની જેમ દેખાતુ નથી. તે સફળતા ખુબ સમયસાધ્ય અને કઠોર શ્રમસાધ્ય હોય છે. તે કઠોર પરિશ્રમ કર્યા પછી મળી હોય છે.

ઔલમ્પિક રમતોમાં કે ક્રિકેટ જગતમાં વિશ્વ ચેમ્પિયન બનનારી આપણી લેડીઝ ટીમ મેડળ જીતી લાવીને દેશનું નામ ઉજ્જવળ કરનારા ખેલાડીઓની સફળતા પાછળ જે સક્રિય કારણો રહેલા હોય છે. તેમના વિશે જાણીએ તો ખબર પડશે કે ખેલાડીને તે મેડલ કેટલા લાંબા સમયના પરિશ્રમ પછી મળ્યો છે. ઘણા વરસો સુધી અથાક પરિશ્રમ, નિષ્ઠા તથા સમર્પણના આધારે તેઓ તે સફળતા પ્રાપ્ત કરી શકયા છે. કોઈપણ ક્ષેત્રમાં સફળતા પ્રાપ્ત કરવા માટે આ બધી શરતોનું પાલન કરવુ પડે છે.

વર્ષો સુધીના ક્ષેત્ર સામે મોટા ભાગના લોકોને અનેક સંઘર્ષ કરવો પડયો છે. કેટલાયે દિવસો સુધી તેમને દર દર ભટકવું પડયું છે. એ વાત પણ સાચી છે કે દરેક ક્ષેત્રમાં સફળતા છે અને ઘણીવાર અસફળતાનાકડવા ઘુટડા મેળવવા માટે માણસે કિંમત ચુકવવી પડે છે.

ટુંકમાં સફળતાનો માર્ગ અનેક અંધારી ગલીઓમાં થઈને પસાર થાય છે. એમાં અને ઝાઝવા તોનો સામનો કરવો પડે છે. અને આપણી ધ્યેયનિષ્ઠાની અનેક પરીક્ષાઓ આપવી પડે છે. ત્યાર પછી જ સફળતા પ્રાપ્ત થાય છે.

જો કે સફળતા મળવામાં ભાગ્ય પણ એક મહત્વનું કારણ છે. આપણા પાછલા જન્મ કર્મો અનુસાર વિધાતા આપણુ ભાગ્ય ઘડે છે. એ વિધાનની પણ ઉપેક્ષા થઈ શકે નહી. કોઈપણ પ્રકારના શ્રમ વગર જ ભાગ્ય કાર્ય કરે છે એનો જવાબ છે ના. પણ ભાગ્ય પણ પૂર્વે કરેલા કર્મનું જ ફળ હોય છે.

કોઈપણ સફળ માણસ આત્માનુશાસનની ભઠ્ઠીમાં તપીને જે કોઈ સાર્થક સફળતા મેળવી શકે છે. એને ઈચ્છિત મુકામ સુધી પહોંચી શકે છે. તેનો પ્રચંડ પુરુષાર્થ અનવરત પ્રયાસ અપારધૈર્ય, અને અથાક પરિશ્રમ તેને સફળતાના શિખરે પહોંચાડે છે. જો આ બધા સદગુણો જાળવી રાખવામાં આવે તો જ સફળતા કાયમ માટે ટકી રહે છે. નહિતો સંયમ તથા સદાચારના ભાવમાં મળેલી સફળતા પણ લાંબા સમય સુધી ટકી શકતી નથી. જીવનમાં સુખ, શાંતિ, અને સફળતા મેળવવા માંગતા લોકોએ આ સત્યને સારી રીતે જાણવું જોઈએ.

અહીં સાંસારિક સફળતા કે અસફળતાનું બહુ મૂલ્ય નથી. આપણુ કર્તવ્ય તથા કર્મ જો સારી રીતે નિભાવીએ એને સાથે સાથે આપણી પાત્રતાનો વિકાસ કરતા રીહને આગળ વધતા રહીએ તો અવશ્ય સફળતા મળે છે. જે લોકો પોતાની સાંસારિક સફળતા તથા સંપત્તિનો લોકકલ્યાણના કાર્યોમાં ઉપયોગ કરે તેમને આંતરિક વિભૂતિઓ પણ મળે છે. જીવનની સફળતાનો આ જ રાજમાર્ગ છે.

- હર્ષદ દેસાઈ, વટાર

વિશ્વયુદ્ધના દ્વારે વિશ્વ ?

આજ કાલ અનેક લોકો એવો પ્રશ્ન પૂછી રહ્યા છે કે ૨૦૨૬ ના વર્ષમાં વિશ્વયુદ્ધ થઈને જ રહેશે કે કેમ ? આ પ્રશ્ન બિલકુલ અસ્થાને પણ નથી કારણ કે વિશ્વના અનેક દેશોમાં યુદ્ધની તણાવભરી પરિસ્થિતિ પ્રવર્તી રહી છે અને કેટલાક દેશો વચ્ચે યુદ્ધ ચાલી રહ્યા છે. છેલ્લા ચાર વર્ષથી રશિયા અને યુક્રેન વચ્ચે ચાલતું યુદ્ધ બંધ થવાની નજીકના ભવિષ્યમાં કોઈ શક્યતા દેખાતી નથી. ઈઝરાયેલ અને ગાઝા હમાસનું યુદ્ધ પણ હજી પૂર્ણ થયું નથી. ચીન અને તાઈવાન તાઈવાન વચ્ચે પણ તણાવભરી પરિસ્થિતિ છે. તાજેતરમાં પાકિસ્તાન અને અફઘાનિસ્તાન વચ્ચે યુદ્ધનો પ્રારંભ થઈ ગયો છે. ઈરાન અને સામે પક્ષે અમેરિકા તથા ઈઝરાયેલ વચ્ચે પણ યુદ્ધ શરૂ થઈ ગયું છે. કોઈપણ બે દેશો વચ્ચેના યુદ્ધમાં ફક્ત બે દેશો જ ક્યારેય સંકળાયેલા હોતા નથી. જે તે દેશોને એમના મિત્ર દેશો દ્વારા આર્થિક અને અન્ય મદદ આપવામાં આવતી હોય છે. આ ઉપરાંત કેટલાક દેશો વચ્ચે સંવેદનશીલ મુદ્દાઓ યુદ્ધને નિમંત્રણ આપે એવા છે. યુદ્ધમાં ભલે અમુક દેશો જ સીધી રીતે સંકળાયેલા હોય છે પરંતુ વૈશ્વિક અર્થતંત્ર પર એની ઘાતક અસરો પડતી હોય છે. વિશ્વના અનેક દેશો તણાવભરી પરિસ્થિતિમાંથી પસાર થઈ રહ્યા છે ત્યારે વિશ્વયુદ્ધનો પલિતો ક્યારેય ચંપાઈ જાય તે કહેવાય નહીં. ૨૧ મી સદીમાં યુદ્ધમાં જબરદસ્ત પરિવર્તન આવી ચૂક્યું છે. મોડર્ન ટેકનોલોજીનો ભરપૂર ઉપયોગમાં યુદ્ધમાં થઈ રહ્યો છે કે જે માનવજાત માટે ખતરનાક સાબિત થાય તેમ છે. યુદ્ધમાં લાખો લોકો જીવ ગુમાવે છે એટલું જ નહીં એના પરિણામો વિનાશક અને ભયંકર હોય છે. પરસ્પર દેશો વચ્ચે ભાઈચારાને બદલે નફરતના બીજ વાવવામાં આવી રહ્યા છે ત્યારે આખું વિશ્વ ધરમૂળથી બદલાઈ જવાના ભણકારા વાગી રહ્યા છે. પરમકૃપાળુ પરમાત્માને પ્રાર્થના કરીએ કે વર્તમાન વિશ્વના નેતાઓ પોતાના દેશને યુદ્ધમાં ધકેલી દેવાને બદલે પોતાના દેશની પ્રજાને મોતની સાથે અસહ્ય વેદનામાંથી બચાવી લે. સબકો સદબુદ્ધિ દે ભગવાન ! -ડો.

જે.એમ. નાયક, નવસારી

બંધારણ : ભારતનો આધાર

ભારતીય બંધારણ એ માત્ર એક કાયદાકીય દસ્તાવેજ નથી, પરંતુ ૧૪૦ કરોડ ભારતીયોના હક્કો અને ફરજોનો જીવંત દસ્તાવેજ છે. સામાન્ય રીતે કાયદાની ભાષા અઘરી હોય છે, પણ જો તેને સરળ રીતે સમજવામાં આવે, તો તે આપણા રોજિંદા જીવનની સુરક્ષાનું કવચ છે.

ધારો કે તમે ક્રિકેટ મેચ રમી રહ્યા છો. જો તેમાં કોઈ નિયમ ન હોય કે 'આઉટ'ક્યારે ગણાય કે 'ચોગ્ગો'ક્યારે કહેવાય, તો મેચમાં ઝઘડા થશે અને રમત બગડી જશે. બસ, બંધારણ પણ દેશ ચલાવવા માટેની આવી જ એક'રૂલ બુક'છે.

ભારતીય બંધારણ એટલેદેશની સરકાર કેવી રીતે બનશે?, વડાપ્રધાન કે રાષ્ટ્રપતિ પાસે કેટલી સત્તા હશે?, સામાન્ય નાગરિક પાસે કયા હકક હશે?, જો કોઈ અન્યાય થાય, તો ન્યાય ક્યાંથી મળશે?આ તમામ પ્રશ્નોના જવાબ એટલે આપણું બંધારણ. ભારત આઝાદ થયું તે પહેલાં આપણે અંગ્રેજોના કાયદા હેઠળ જીવતા હતા. આઝાદી મળવાની હતી ત્યારે નક્કી થયું કે આપણો દેશ આપણા પોતાના કાયદાથી ચાલવો જોઈએ.

બંધારણ બનાવવા માટે 'બંધારણ સભા' બનાવવામાં આવી હતી. ડો. બાબાસાહેબ આંબેડકરનેબંધારણના 'ઘડવૈયા'(Drafting Committee Chairman)માનવામાં આવે છે. તેમણે વિશ્વના અનેક દેશોના બંધારણનો અભ્યાસ કરીને ભારત માટે શ્રેષ્ઠ બાબતો પસંદ કરી.

આ દસ્તાવેજ તૈયાર કરતાર વર્ષ, ૧૧ મહિના અને ૧૮ દિવસલાગ્યા હતા.૨૬ નવેમ્બર ૧૯૪૯ના રોજ તે તૈયાર થયું, પણ તેનો અમલર૬ જાન્યુઆરી ૧૯૫૦થી થયો, જેને આપણે 'પ્રજાસત્તાક દિન'તરીકે ઉજવીએ છીએ.કોઈપણ પુસ્તકની શરૂઆતમાં જેમ 'પ્રસ્તાવના'હોય, તેમ બંધારણની શરૂઆતમાં'આમુખ'છે. તે ટૂંકમાં જણાવે છે કે ભારત કેવો દેશ છે.

૧.સાર્વભૌમ : ભારત પર કોઈ બીજા દેશનું શાસન નહીં હોય.

૨.સમાજવાદી: દેશની સંપત્તિનો લાભ દરેકને મળશે.

૩.બિનસાંપ્રદાયિક :દેશનો કોઈ પોતાનો ધર્મ નથી, દરેક નાગરિકને પોતાનો ધર્મ પાળવાની છૂટ છે.

૪.લોકશાહી:જનતા દ્વારા ચૂંટાયેલી સરકાર ચાલશે.

૫.પ્રજાસત્તાક:દેશના વડા (રાષ્ટ્રપતિ) વંશપરંપરાગત નહીં, પણ ચૂંટાયેલા હશે.

બંધારણે આપણને છ મુખ્ય હકો આપ્યા છે, જે તમારી પાસેથી કોઈ છીનવી શકતું નથી.

૧.સમાનતાનો હક્ક: કાયદાની નજરમાં અમીર-ગરીબ, જ્ઞાતિ કે ધર્મના ભેદભાવ વગર બધા સરખા. ૨.સ્વતંત્રતાનો હક્ક: બોલવાની, હરવા-ફરવાની અને દેશમાં ક્યાંય પણ રહેવાની આઝાદી. ૩.શોષણ વિરુદ્ધનો હક: બાળમજૂરી કે કોઈની પાસે બળજબરીથી કામ કરાવવા પર પ્રતિબંધ. ૪.ધાર્મિક સ્વતંત્રતા: ગમે તે ધર્મ માનવાની અને તેની પૂજા કરવાની છૂટ. ૫.સાંસ્કૃતિક અને શૈક્ષણિક હક્ક: પોતાની ભાષા અને સંસ્કૃતિને બચાવવાનો અધિકાર. ૬.બંધારણીય ઇલાજનો હક્ક:જો ઉપરના કોઈ હક છીનવાય, તો તમે સીધા સુપ્રીમ કોર્ટ જઈ શકો છો. ભારતીય બંધારણ એ માત્ર કાગળ નથી, પણ આપણી આઝાદીની શ્વાસ છે. તે આપણને સન્માનથી જીવવાનો હક આપે છે. એક જાગૃત નાગરિક તરીકે આપણે આપણા બંધારણને જાણવું જોઈએ અને તેનું સન્માન કરવું જોઈએ.

-ડો. મનીષકુમાર પટેલ, વાંસદા

મંડી પડો કશું એ મુશ્કેલ નથી

માણસ કોઈપણ નાનામાં નાની ઘટના બને તો દુ:ખી દુ:ખી થઈ જાય છે. સુખ અને દુ:ખ તો સિક્કાની બે બાજુ જેવા છે. કર્મની ગતિ ચક્રની માફક ફરતી રહે છે તે તો અવાર - નવાર આવવાના જ છે. વ્યથા બહારથી આવીને આપણને વળગી પડતી નથી તે અભય હોવાથી શાના માટે અકળાવવું જોઈએ. એક સરખા દિવસ સુખના કોઈના જતા નથી આપત્તિ આવે ત્યારે માણસની ખરી કસોટી થતી હોય છે. જો કે શાણા માણસો વ્યથાને ભૂલી જઈ એ કપરા લાગતા પડકારો સામે પોલાદી મનોબળથી ઊભા થઈ એવા સંજોગો સામે મક્કમતાથી લડવું જોઈએ કારણ વ્યથાનું આયુષ્ય બહુ ટૂંકું હોય છે.

સુખ, આનંદ, પ્રસન્નતા એટલે શું અને એ ક્યાંથી મળે તેને શોધવાની જરૂર નથી એ બધુ આપણામાં જ છે. સંગીત અને રમતગમતમાં તમે તમારા એકાદ કલાક ફાળવશો તો એનાથી આપણા રોમ રોમ પુલકિત, આનંદિત થઈ જાય છે. સંગીતમાં આનંદ અને શક્તિ છે જયારે રમતગમતમાં સ્ફૂર્તિ અને શક્તિ છે. જે માણસ નિયમિત સંગીત અને રમતગમત રમતો હોય તે આનંદિત સ્ફૂર્તિલો શક્તિશાળી અને ટેન્સન મુક્ત રહે છે.

આજના ઝડપી યુગમાં માણસ પોતે આખી જિંદગી ભાગદોડ કરતો હોય છે તેને માનસિક તણાવ અને ટેન્સન હોય છે. જેથી દરેક વ્યક્તિઓ દિવસમાં એકાદ કલાક કાઢી સંગીત અને રમતગમતનો શોખ રાખવો જરૂરી છે. દરેકના જીવનમાં અનેક ચઢાવ - ઉતાર આવે છે. મુશ્કેલ પરિસ્થિતિમાં જીવવાનું બળ સંગીત અને રમતગમતથી મળે છે. એ એક સાથી તરીકે મદદ કરી શકે છે. તમારું ગમે તેવું ટેન્સન હળવું થઇ જાય છે. જેના જીવનમાં સંગીત અને રમતગમત હોય તેનું જીવન આનંદમય હોય છે..આપણે જોઈએ છે સંગીતકાર હોય કે રમતવીર તે પોતાની કળા દ્વારા અઢકળ સંપતિ માન કમાવા સાથે અનેકના મન જીતી લેતા હોય છે.

-ચંદ્રકાંત પ્રભાકર, મગોદ ડુંગરી

અભિવ્યક્તિના નામ પર ગુંડારાજ ક્યાં સુધી સહન કરશો ?

ભારત એક શાંતિપ્રિય દેશ છે. એક એવો દૂધનો ખ્યાલો જેની સનાતન સંસ્કૃતિમાં ભળવા માંગતા દરેકને સહર્ષ સ્વીકારે એટલું વિશાળ હૃદય છે. એમાં ક્ષમા, દયા, પ્રેમ, કરુણા અને મનાવતાનો મહાસાગર અવિરત સદીઓથી છલકાતો રહ્યો છે. એની જાહોજલાલી અને સમૃદ્ધિથી આકર્ષાઈને આતંકીઓ એના પર વારંવાર હુમલા કરી લૂંટી તેના મંદિરો તોડીને સંસ્કૃતિનો નાશ કરવા કત્લેઆમ કરતાં રહ્યા.

ભારતની સંસ્કૃતિ એટલી ભવ્ય અને મહાન છે કે, એના ધર્મગ્રંથોનું શિક્ષણ બંધ કરાવી દીધું. ગુરુકુળ પરંપરા બંધ કરાવી, મંદિરો તોડીને ભગવાનની મૂર્તિપૂજાને વખોડ્યા રાખી, જુઠાણા ફેલાવી સનાતન સંસ્કૃતિને બદનામ કરવા એડી - ચોટીનું જોર લગાવ્યું. એટલું જ નહિ, હિન્દુ તહેવારો પર બીભત્સ ટિપ્પણીઓ, એમના ભગવાનને નિર્બળ અને લંપટ સાબિત કરી એના ધર્મનું વારંવાર અપમાન કરવા છતાં ખાસ સંપ્રદાયના લોકો હજી પણ સનાતન સંસ્કૃતિની ભવ્યતાને આંબી શક્યા નથી. ભારત પર આક્રમણ કરી એને લૂંટી જનારા આજે પણ ભિખારી હાલતમાં છે અને વિશ્વમાં અશાંતિ ફેલાવી રહ્યા છે. જ્યારે ભારત આજે પણ અડીખમ અને અણનમ ઊભું રહી દુનિયાને વિશ્વશાંતિ અને વસુધૈવ કુટુંબકમ્નો સંદેશ આપી જીવનની સાચી સાર્થકતા શીખવી રહ્યું છે. સન ૧૯૪૭માં ભારત અંગ્રેજોની ગુલામીમાંથી આઝાદ થયું, પણ ધર્મના નામ પર એના ભાગલા પાડ્યા. તે સમયથી લઈ આજ દિન સુધી અલ્પસંખ્યક અને લઘુમતીના નામ પર દેશને ખોખલો કરતી ઊધઈ વર્ષોથી દેશની પ્રગતિ, શાંતિ અને પ્રતિષ્ઠાને કોતરીને ખાઈ રહી છે. દરરોજ અભિવ્યક્તિ અને આઝાદીના નામ પર દેશવિરોધી તત્ત્વો અને વ્યક્તિવિશેષ અને સંપ્રદાયવિશેષ તત્ત્વો ભારતમાં શાંતિથી જીવતા લોકોને મારી નાખીને પોતે પીડિત અને શોષિત હોવાનો ઢોંગ કરી ભારતને બરબાદ કરી રહ્યા છે. હિન્દુઓને જાતિમાં વહેંચીને રાજનીતિ કરતી પોલિટિકલ પાર્ટીઓ અને નેતાઓ પોતાના ખિસ્સા ભરવા અને શાસન કરવા નિર્દોષ હિન્દુઓનો ભોગ લઈ રહ્યા છે.

એક દેશમાં એક જ શિક્ષણ પ્રણાલીથી તમામ બાળકોને શિક્ષણ મળવું જોઈએ, જેથી દેશની એકતા જળવાઈ રહે. ખાસ પ્રકારની ધર્મવિશેષ તાલીમ આપતી સંસ્થાઓ આતંકવાદી તૈયાર કરી દેશને તોડવાનું પાપ કરી કાયદાનો ભંગ કરે છે, છતાં સરકાર અને જનતા મૂક બની જોઈ રહી છે. આ અન્યાય એટલી હદે વધી ગયો છે કે, બહારથી આવતા આતંકવાદીઓ કરતાં દેશમાં જ રહી અભિવ્યક્તિની આઝાદી અને પીડિત હોવાનો દાવો કરતાં જેહાદી અને પાખંડી તત્ત્વો હિન્દુઓનું એન કેન -કારે ધર્મ પરિવર્તન કરાવી રહ્યા છે. જે હિન્દુ પોતાનો ધર્મ છોડી બીજા ધર્મને નથી અપનાવતા એ લોકોને મોબ લીન્ચિંગ કરી હત્યા કરી દેવાય છે. સરકાર, પોલીસ અને નેતાઓ ખાલી તમાશો જોઈ નામમાત્ર કાર્યવાહી કરી સનાતની લોકોનના જીવનની આહુતિ આપી રહ્યા.

રોજબરોજ દેશના ખૂણે ખૂણે તમને હિન્દુ પલાયન, હિન્દુની હત્યા અને હિન્દુ દીકરીઓને પ્રેમમાં ફસાવી ધર્મ પરિવર્તન કરાવીને બીજા ધર્મની વસ્તી વધારવાનું સાધન બનાવી દેવામાં આવી રહ્યું છે. એટલું ઓછું હોય એમ પૈસા આપી ધર્મ પરિવર્તન કરાવી દેવામાં આવી રહ્યું છે. મૂર્ખ અને માયકાંગલા હિન્દુ પૈસાની લાલચમાં, વધુ પડતા શિક્ષિત બની પોતાની સંસ્કૃતિને વગોવીને તરછોડી રહ્યા છે અને ધર્મના નામ પર ખાલી ઝઘ પર નાચવામાં જ વ્યસ્ત છે.

હાલમાં ઈરાન, ગલ્ફ દેશો, અમેરિકા અને ઇઝરાયલ વચ્ચેના યુદ્ધથી સાબિત થઈ ગયું કે, અરબો રૂપિયાની સંપત્તિ પણ કામ આવતી નથી. અંતે શાંતિ અને સુરક્ષા ભારતમાં જ મળવાની છે. આવી સ્થિતિમાં જો ભારતમાં જ આવા ઝેરી અને આતંકી સંગઠનો અને લોકોના કારણે ભારતની આંતરિક સુરક્ષા ખતમ થવા જઈ રહી છે. હજી પણ જો હિન્દુ જાતિઓમાં ફસાઈ રહેશે તો એનું નિકંદન દૂર નથી. માટે એક બની દેશમાં આવા તત્ત્વો વિરુદ્ધ સ્વયં આંદોલનો કરી આવા લોકોને દેશમાંથી હાંકી કાઢવા જોઈએ અથવા ઉત્પાત અને આતંક ઉભો કરે ત્યારે ત્યાં જ ઠેકાણે પાડી દેવા એકમાત્ર રસ્તો છે ભારતની શાંતિ અને સુરક્ષાને બચાવવા માટે. ભારત માતા કી જય... જય હિન્દ.... જય ભારત..... વંદે માતરમ્...

- નીતા પી. જાદવ (રાજકોટ)

અપેક્ષાઓ ઓછી એટલો માનવ વધારે સુખી

સ્નેહ અને અપેક્ષા બંને તણાવાણાની જેમ એક સાથે વણાયેલા છે. સ્નેહ હોવો અને અપેક્ષા ન હોવી એ તો અત્યંત આદર્શ પરિસ્થિતિ છે. પણ આ આદર્શ પરિસ્થિતિ બધાના જ ભાગ્યમાં નથી હોતી.

મળીએ એટલે આનંદ આવે એનો અર્થ એ કે ન મળીએ તો દુ:ખ થાય. કેટલાંક સંબંધોમાં એવું ય બને છે કે મળીએ એટલે આનંદ થયો હોય, પણ પછી મળવાને કારણે પીડા પ્રગટતી હોય છે.

સુખની સાથેનો અનુભવ દુ:ખ છે. અપેક્ષાની સાથેનો શબ્દ ઉપેક્ષા છે. કવિએ અહીં માર્મિક વાત કરી છે આપણી અપેક્ષાઓ ફળીભૂત ન થાય ત્યારે તરત જ આપણે ગાજી ઉઠીએ છીએ કે સ્નેહ ઓછો છે. મારા ભાઈ,પ્રેમમાં તોલમાપ ન હોય. પ્રેમનાં લેખાજોખા ન હોય. પ્રેમ તો હોય હવાના જેવો, દેખાય નહીં પણ આસપાસ અનુભવાય. આશા રાખવી એનો અર્થ એવો કે નિરાશા માટે તૈયાર રહેવું. એક કવિએ કહ્યું છે ન રાખ આશા કદી કોઈ પાસ, કરી શકે કોણ પછી નિરાશ, આપણે જીવન પાસે વધુ પડતી અપેક્ષા રાખીએ એટલે નિરાશા મળે છે.

હતાશ થયેલાં માણસો હતાશાના કારણ ઓળખ્યા સમજ્યા વિના કેવળ રાવ ફરિયાદ કરે છે. જીવન પાસેથી પણ આપણે આપણી શક્તિ પ્રમાણે જ મેળવી શકીએ છીએ. દેડકો ફુલાય તો પણ હાથી નથી થઈ શકતો.

જીવનમાં આપણને બધું જ ઓછું પડે છે. ધન, સાધન, સગવડ, કીર્તિમાન, ખિતાબ, પુરસ્કાર, પારિતોષિક સત્તા, મહત્તા- આ બધું જ ઉણું લાગે છે. કારણ કે આપણી અંદરની ભૂખ પ્રબળ છે અને ભીતરની ભૂખ ઝાઝી છે. ટાગોરે કહ્યું હતું કે, પ્રશંસા મને શરમાવે છે. કારણ કે હૃદયને છાને ખૂણે મેં એને ઝંખી હતી. ઝંખનાના તબક્કાની સાથે જ ઝૂરવાનો તબક્કો શરૂ થાય છે.

અને જેને માટે ઝૂરીએ છીએ એ મળે નહીં ત્યારે આપણે અજંપાને કારણે જંપી શકતા નથી અને દોષ બીજા પર ઓઢાડીએ છીએ. સાચું તો એ છે કે કોઈનો સ્નેહ ક્યારેય ઓછો નથી હોતો પરંતુ, આપણી અપેક્ષાઓ વધુ હોવાને કારણે આપણે વધારે દુ:ખી થઈએ છીએ. જીવનમાં સુખી થવું હોય તો અપેક્ષાઓ ઓછી રાખો.

-અશરફ ચુડાસમા, ભીલાડ

કૌશલ્ય અને નવીનતા : આધુનિક સફળતાનો સળંગ પ્રવાહ

આજના અત્યંત ઝડપી અને સ્પર્ધાત્મક યુગમાં માનવ જીવનની પ્રગતિનો મુખ્ય આધાર કૌશલ્ય અને નવીનતાના અતૂટ સમન્વય પર રહેલો છે. પરંપરાગત રીતે શિક્ષણને માત્ર ડિગ્રીઓ સાથે જોડવામાં આવતું હતું, પરંતુ આધુનિક સમયમાં વાસ્તવિક જ્ઞાન તે છે જે વ્યવહારમાં કાર્ય કરવાની ક્ષમતા એટલે કે કૌશલ્ય પૂરી પાડે. કૌશલ્ય એ વ્યક્તિના હાથમાં રહેલો એવો હુનર છે જે તેને આર્થિક રીતે સ્વતંત્ર બનાવે છે અને સમાજમાં એક વિશિષ્ટ ઓળખ અપાવે છે. ભલે તે ટેકનિકલ ક્ષેત્ર હોય, કળા હોય કે સેવા ક્ષેત્ર, જે વ્યક્તિ પોતાની આવડતને સતત નિખારે છે તે ક્યારેય પાછળ પડતી નથી.

જોકે, માત્ર કૌશલ્ય હોવું પૂરતું નથી; તેને જીવંત રાખવા માટે નવીનતા એટલે કે ઈનોવેશનનો સ્પર્શ અનિવાર્ય છે. નવીનતા એ કોઈ ચમત્કાર નથી, પણ સમસ્યાઓને ઉકેલવાની એક નવી અને અસરકારક દ્રષ્ટિ છે. જ્યારે આપણે કોઈ જૂના કાર્યને નવી રીતે કરવાની કોશિશ કરીએ છીએ અથવા ઓછા સંસાધનોમાં વધુ સારું પરિણામ મેળવવાની પદ્ધતિ શોધીએ છીએ, ત્યારે નવીનતાનો જન્મ થાય છે. ઈતિહાસમાં એવી અનેક મોટી કંપનીઓ કે વ્યક્તિઓના ઉદાહરણો છે જેઓ ખૂબ જ કુશળ હતા, પરંતુ સમય સાથે નવીન વિચાર

વાપી મુખ્ય બજારની ગટર લાઈનની કામગીરી બંધ રહેતા સ્થાનિક, દુકાનદારો પરેશાન

વરસાદી પાણી અને ડ્રેનેજ લાઈનના નિકાલ માટે નવી બની રહેલી ડ્રેનેજ લાઈન માટે ખોદેલા ખાડા અને લોખંડના સળિયાઓ સ્થાનિક દુકાનદાર અને ગ્રાહકો માટે જોખમી બન્યા છે

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

વાપી, તા. ૧૧ : વાપી ટાઉન ના મુખ્ય બજારમાં બની રહેલી વરસાદી પાણીની ગટર અને ડ્રેનેજ લાઈન ની કામગીરી છેલ્લા ૨૦ એક દિવસથી બંધ રહેતા સ્થાનિક દુકાનદારોને મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે વાપી મહાનગરપાલિકાનું વહીવટી તંત્ર દ્વારા તાત્કાલિક કામગીરી પૂર્ણ કરાવવા ની માંગ કરાઈ રહી છે. સાથે આ અધુરી કામગીરીને લઈ દુકાનમાં જવા-આવવા માટે પણ ભારે જોખમ લઈને જવું પડી રહ્યું છે.

-ામ વિગત મુજબ વાપી મહાનગરપાલિકા દ્વારા મુખ્ય બજારમાં સરદાર ચોકથી ઝંડા ચોક સુધીના વિસ્તારમાં છેલ્લા કેટલાક વર્ષોથી વરસાદી પાણી દુકાનમાં તેમજ ઘરમાં ભરાઈ જવાના બનાવો બનતા હતા જેને ધ્યાને લઈ મહાનગરપાલિકા દ્વારા આ સ્થળે ડ્રેનેજ લાઈન અને વરસાદી પાણીના નિકાલ માટેની ગટર બનાવવા માટેની કામગીરી શરૂ કરવામાં આવી હતી જેને લઇ બંને બાજુના એટલે કે સરદાર ચોકથી ધંધા ચોક સુધીના વિસ્તારમાં રસ્તાની બંને બાજુએ દુકાનો આવેલ છે અને આ સ્થળે ડ્રેનેજ બનાવવા માટેની કામગીરીને લઈ ખોદકામ કરવા થી દુકાનદાર તેમજ દુકાનમાં આવતા ગ્રાહકોને મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો હતો તેમ છતાં વિકાસના કામ હોય દુકાનદારોએ કોન્ટ્રાક્ટરને તેમની કામગીરી કરવામાં મદદગીરી પણ કરી હતી પરંતુ છેલ્લા ૨૦ એક દિવસથી આ ડ્રેનેજ લાઈન બનાવવાની કામગીરી બંધ કરી દેવામાં આવતા દુકાનદારો મુશ્કેલીમાં મુકાયા છે જે અંગે વાપી મહાનગરપાલિકાના બાંધકામ વિભાગ અને ડ્રેનેજ વિભાગ તેમજ મ્યુનિસિપલ કમિશનર દ્વારા સ્થળ તપાસ કરી તાત્કાલિક આ ડ્રેનેજ લાઈનની કામગીરી પૂર્ણ કરવામાં આવે તેવી માંગ સ્થાનિક દુકાનદારો કરી રહ્યા છે. જો કે છેલ્લા ૨૦ દિવસથી કામગીરી બંધ રહેતા ડ્રેનેજ લાઈન માટે ખોદવામાં આવેલા ખાડા અને તેમાં રાખવામાં આવેલા સેન્ટીંગના સળિયા દુકાનદારો અને ગ્રાહકોને અવર જવર કરતી વખતે પડી જાય તો સીધા શરીરમાં ઘુસી જવાની પણ શક્યતા અને જાનનું જોખમ રહેલું છે.

વાપી જીઆઈડીસીમાં આવેલ અવીક ફાર્મા કંપનીના કર્મચારીઓ વચ્ચે ક્રિકેટ ટુર્નામેન્ટ રમાઈ હતી જેમાં કંપનીમાં કામ કરતા કામદારો અને કર્મચારીઓએ ભાગ લીધો હતો. વાપીના છરવાડા ક્રિકેટ ગ્રાઉન્ડ ખાતે કંપનીના જુદા જુદા ડિપાર્ટમેન્ટના કર્મચારીઓ વચ્ચે ટીમ બનાવી ટેનિસ ક્રિકેટ ટુર્નામેન્ટ ૬ ઓવરની રમાઈ હતી. જેમાં ફાઈનલ વિજેતા તરીકે અવીક ટાઈટન્સ રહી હતી જેને ટ્રોફી તથા રોકડ ઈનામ આપવામાં આવ્યું હતું. આ ટુર્નામેન્ટમાં ભાગ લેનાર યુવા ખેલાડીઓને પ્લાન હેડ અભિયકુમાર દ્વારા અભિનંદન અપાયા હતાં.

વાપીની કેબીએસ કોલેજનું માઈક્રોબાયોલોજીનું પરિણામ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

વાપી, તા. ૧૧ : અત્રેચણોદ કોલોની સ્થીત કેશવજી ભાર મલસુમરીયા એન્ડ નટરાજ પ્રોફેશનલસાયન્સીસ કોલેજ વાપી માં બી.કોમ., બી.એસસી., બી.સી.એ., બી.બી.એ., એમ.કોમ., એમ.એસસી. જેવા વિવિધ અભ્યાસક્રમો ચાલે છે. શૈક્ષણીક વર્ષ ૨૦૨૫-૨૬ માં વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનીવર્સીટી,સુરત અંતર્ગત લેવાયેલ બી.એસસી. માયક્રોબાયોલોજી ના પરિણામ જાહેર થતા સદર કોલેજના વિધાર્થીઓ બી.એસસી..સેમ.૧ માં ૮.૫૫ SGPA સાથે મર્ચન્ટસોનાલીક લ્પેશભાઈ, બી.એસસી. સેમ.૩ માં 8.64SGPA સાથે ખાન ઝુબેદાઇસ્મો હમદ, બી.એસસી. સેમ.૫ માં 8.64SGPA સાથે ખાન શેના ખાતુનસરફરાઝ તેમજ M. Sc.સેમ. ૧ માં 7.83 SGPA સાથેબેલામે શીતલ શિવાજીતથા M. Sc.સેમ. ૩માં8.08 SGPA સાથે પ્રિયાંશીરાઠોડે કોલેજમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કેરેલ છે. તેમનું નોંધપાત્ર શૈક્ષણિક પ્રદર્શન તેમના સમર્પણ, સખત મહેનત અને શ્રેષ્ઠતા પ્રત્યેની પ્રતિબદ્ધતાને પ્રતિબિંબિત કરે છે. આ સિદ્ધિ વિદ્યાર્થીઓના અને તેમના પરિવાર માટે સન્માન સાથે સદર સંસ્થાનું ગૌરવ પણ વધારે છે. કોલેજના આચાર્ય ડૉ. પૂનમબી.ચૌહાણ તેમજ મેનેજમેન્ટ, સ્ટાફ અને વિદ્યાર્થીઓ સિદ્ધિ પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓને આ પ્રશંસનીય સફળતા માટે હૃદયપૂર્વક અભિનંદન આપે છે અને તેમના ઉજ્જવળ અને સમૃદ્ધ ભવિષ્યની શુભેચ્છા પાઠવે છે.

આજે વાપી મનપાનો સેવા સેતુ કાર્યક્રમ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

વાપી, તા.૧૧ : ગુજરાત સરકારની રાજ્યના વહીવટમાં પારદર્શિતા વધે તેમજ પ્રજાની વ્યક્તિલક્ષી રજુઆતોની ઉકેલની ઝડપ વધે તે માટે સેવાસેતુ કાર્યક્રમનું આયોજન કરવામાં આવે છે જે અંતર્ગત આજે તા.૧૨-૩-૨૦૨૬ને ગુરૂવારના રોજ વાપી મહાનગરપાલિકા દ્વારા સ્ટેજ પર આવેલ સિનિયર સિટીઝન હોલમાં સેવાસેતુ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમમાં અરજદારો સવારે ૦૯:૦૦થી બપોરે ૦૨.૦૦ કલાક સુધીમાં વ્યક્તિગત અરજી કરી શકશે. આ માટે અરજદારે સૌ પ્રથમ રજીસ્ટ્રેશન કરાવવું જરૂરી છે. જે માટે તેઓએ સવારે ૦૯:૦૦થી બપોરે ૦૨:૦૦ કલાક સુધી કરવાનું રહેશે. આ સેવા સેતુ કાર્યક્રમમાં નગરજનોને આધારકાર્ડની સેવાઓ રાશનકાર્ડમાં સુધારો / વધારો અંગેની સેવાઓ, આવકનો દાખલો/ જાતિનો દાખલો/ ડોમીસાઈલ દાખલો/ નોન ક્રીમીલેયરનો દાખલો સીનીયર સીટીઝન પ્રમાણપત્ર, દિવ્યાંગતા પ્રમાણપત્ર, વિધવા સહાય અને નિરાધાર વૃદ્ધ સહાય હેઠળની અરજીઓ, જન ધન યોજના, વીજ કનેકશનને લગતી સેવાઓ, આયુષ્યમાન કાર્ડને લગતી અરજીઓ મ્યુનિસિપલ સેવાને લગતી વ્યક્તિગત રજુઆતો જેવી કે જન્મ-મરણના દાખલા, લગ્ન નોંધણી, ગુમાસ્તાધારા/વ્યવસાય વેરાની લગતી સેવાઓ, આકારણી પત્રક, મિલકત ટ્રાન્સફર, ઝોન પ્લાન વિગેરે સેવાઓ અંગે રજૂઆત પણ કરી શકાશે. આ અંગે તમામ સરકારી વહીવટી તંત્રના અધિકારીઓ અને જવાબદાર અધિકારીઓ ઉપસ્થિત રહી જરૂરી પ્રમાણપત્ર આપશે.

મુખ્ય બજારથી કચીગામ આશિયાના ચાર રસ્તા સુધીનો

વાપી મનપા દ્વારા બનાવેલ આરસીસી રોડ તુટી જતાં વાહન ચાલકો પરેશાન

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

વાપી, તા. ૧૧ : વાપી મહાનગરપાલિકા દ્વારા કરોડ રૂપિયાના ખર્ચે વાપી મુખ્ય બજારથી કચીગામ મચ્છી માર્કેટનો રોડ આરસીસી બનાવ્યો પરંતુ માત્ર ગણતરીના મહિનામાં જ ખરાબ થઈ જતાં લોકોમાં ભારે બુમરાણ મચી રહી છે. વહીવટી તંત્ર દ્વારા તાત્કાલિક આ રસ્તો બનાવનાર એજન્સીને તાકીદ કરી જરૂરી કાર્યવાહી કરે તેવી માંગ ઉઠવા પામી છે.

પ્રામ વિગત મુજબ વાપી મહાનગરપાલિકા દ્વારા વાપી મુખ્ય બજારથી કચ્છી ગામ તરફ જતો મચ્છી માર્કેટ માર્ગને પૂનમ ફૂટવેરથી આશિયાના કોમ્પ્લેક્સ સુધીનો માર્ગને કરોડો રૂપિયાના ખર્ચે આરસીસી બનાવવામાં આવ્યો હતો. આ માર્ગ પર હાલમાં ઠેર ઠેર તિરાડ પડવી તેમજ ખોદાઈ જવા પામ્યો છે. જેને લઈ વહનચાલકોને તેમજ સ્થાનિક લોકોને મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. જે અંગે તાત્કાલિક વાપી મહાનગરપાલિકાના વહીવટી તંત્ર તેમજ બાંધકામ વિભાગ દ્વારા સ્થળ તપાસ કરી આમ રસ્તો ખરાબ સવા અંગે તપાસ કરી એજન્સીને રસ્તા ઉપર સમારકામ તેમની ગેરંટી પિરિયડમાં આવતો હોય તે હિસાબે નોટિસ આપી કાર્યવાહી કરવાની જરૂર છે. જોકે આવી જ રીતે વાપીમાં નવા હાલમાં બની રહેલા આરસીસી અને પીસીસીના રસ્તાની હાલત પણ આ માર્ગ જેવી ન થાય તે અંગે જરૂરી કાર્યવાહી કરવામાં આવે તેવી સ્થાનિક લોકો માંગ કરી રહ્યા છે.

વાપી મનપા દ્વારા મહિલાઓ માટે જાગૃતિ કાર્યક્રમ યોજાયો

ડિજિટલ યુગમાં મહિલાઓ માટે સાયબર સુરક્ષા અને સાયબર સેફ્ટી ખૂબ જ જરૂરી હોય ત્યારે જિલ્લા સાયબર સેલની PSI શ્રીમતી ડી કે ત્રિપાઠી દ્વારા ઓનલાઈન ફ્રોડ, સોશિયલ મીડિયા પરની સુરક્ષા, ૦ત્ર તથા વ્યક્તિગત માહિતીની સલામતી જેવા મુદ્દાઓ અંગે વિસ્તૃત માર્ગદર્શન અપાયું

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

વાપી, તા. ૧૧ : વાપી નગરપાલિકા દ્વારા આંતરરાષ્ટ્રીય મહિલા દિનને લઈ નામધા રોફેલ કોલેજ કેમ્પસ ખાતેના પદ્મભૂષણ રજ્જુશ્રોફ ઓડિટોરિયમ ખાતે એક જાગૃતિ અને પ્રેરણાત્મક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ વાપી મહાનગરપાલિકાના મ્યુનીસીપલ કમિશ્નર યોગેશ ચોધરીની પ્રેરણાથી અને નાયબ મ્યુનીસીપલ કમિશનર આસ્થા સોલંકીના માર્ગદર્શન અને દિશા નિર્દેશ હેઠળ યોજાયો હતો. કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ મહિલાઓમાં આરોગ્ય જાગૃતિ, ડિજિટલ સુરક્ષા અને વ્યક્તિત્વ વિકાસ અંગે જાગૃતિ લાવવા તથા તેમને સશક્ત બનાવવાનો હતો.

કાર્યક્રમની શરૂઆત દીપ પ્રાગટ્યથી કરી મહેમાનોના સ્વાગત સાથે કરવામાં આવી હતી અને મહિલાઓના સશક્તિકરણ વિષયક સંદેશ સાથે કાર્યક્રમને પ્રેરણાત્મક બનાવવામાં આવ્યો હતો.

કાર્યક્રમને અનુરૂપ વાપી મહાનગરપાલિકાના નાયબ મ્યુનીસીપલ કમિશ્નર આસ્થા સોલંકીએ સ્વાગત પ્રવચન કરી સૌને આવકાર્યા હતાં. મોટી સંખ્યામાં ઉપસ્થિત તમામ મહિલાઓને વિશ્વ મહિલા દિવસની શુભેછા પાઠવી હતી અને તેઓએ જણાવ્યું કે મહિલા દિવસની ઉજવણીના દિવસે જ મહિલાઓને માત્ર એક જ દિવસ માટે જ શા માટે મહત્વ આપવું જોઈએ ? જયારે આજે દરેક કોમમાં સ્ત્રીઓનું મહત્વનું યોગદાન રહેલું છે. મેડીકલ, એજ્યુકેશન, બેન્કિંગ, પોલીટીક્સ, પોલીસી મેટર તેમજ બ્યુરોક્રેસીમાં પણ દરેક જગ્યાએ મહિલાઓનું યોગદાન રહેલ હોવાનું જણાવ્યું. તેઓએ વધુમાં જણાવ્યું કે આજે દેશના વિકાસમાં મહિલાઓનું યોગદાન પણ એટલુ જ રહ્યું છે જેના ઉદાહરણ રૂપે તેઓએ દેશનું સર્વોચ્ચ સ્થાન એટલે કે દેશના રાષ્ટ્રપતિ તરીકે પણ એક સ્ત્રી જ કાર્યરત હોવાનું જણાવ્યું હતું. તેમજ વિજ્ઞાન ક્ષેત્રે પણ સુનીતા વિલિયમ્સને યાદ કરી અવકાશ યાનની સફળ યાત્રાનો ઉલ્લેખ કરી મહિલાઓની શક્તિશાળી પ્રતિભા વિષે પોતાનો મત રજુ કર્યો હતો.

મહિલાઓના આરોગ્ય માટે અત્યંત મહત્વપૂર્ણ એવા બ્રેસ્ટ કેન્સર અંગે જાગૃતિ માટે એન.બી. સર્જિકલ ઓન્કોલોજિસ્ટ ડૉ. નીલમ અહિરવાર દ્વારા વિસ્તૃત માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. તેમણે મહિલાઓને બ્રેસ્ટ કેન્સરના પ્રારંભિક લક્ષણો, સમયસર તપાસનું મહત્વ અને યોગ્ય સારવાર અંગે માહિતગાર કર્યા હતા. સાથે સાથે મહિલાઓને નિયમિત હેલ્થ ચેકઅપ કરવા માટે પણ પ્રેરણા આપવામાં આવી હતી. વધુમાં તેઓએ ભારત સરકાર દ્વારા ૧૪થી ૧૫ વર્ષની તરુણીઓ માટે સર્વાઇકલ કેન્સર માટે લોન્ચ કરેલ રસી અંગેની માહિતી પૂરી પાડી માહિતગાર કરવામાં આવ્યા અને ૧૪થી ૧૫ વર્ષની તરુણીઓને આ રસીનો લાભ લેવા તમામને વિનંતી કરી હતી.

આજના ડિજિટલ યુગમાં મહિલાઓ માટે સાયબર સુરક્ષા અને સાયબર સેફટી ખૂબ જ જરૂરી બની છે. જિલ્લા સાયબર સેલની PSI ડી. કે. ત્રિપાઠી દ્વારા ઓનલાઈન ફ્રોડ, સોશિયલ મીડિયા પરની સુરક્ષા, OTP તથા વ્યક્તિગત માહિતીની સલામતી જેવા મુદ્દાઓ અંગે વિસ્તૃત માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. મહિલાઓને સાવચેત રહેવા અને સાયબર ક્રાઈમ સામે સજાગ રહેવા માટે માર્ગદર્શન આપવામાં આવ્યું. તેઓએ વધુમાં જણાવ્યુકે સાયબર ફ્રોડનું મુખ્ય કારણ ડર અને લાલચ છે અને તેના કારણેજ મહત્તમ ફ્રોડ થતા હોય છે અને આવો કોઈ પણ બનાવ બને તો સાયબર સેલનો હેલ્પ લાઈન નંબર ૧૯૩૦ ઉપર કોલ કરી ફરિયાદ નોધાવવા જણાવેલ કાર્યક્રમમાં જીલ્લા મહિલા અને બાળ વિકાસ અધિકારીશ્રી, રોફેલ આર્ટસ અને કોમર્સ કોલેજ વાપી, આર કે દેસાઈ કોલેજ છરવાડાના પ્રિન્સીપાલ તથા લ્યુંમેન્સ સ્કુલ નામધાના ફાઉન્ડર, વાપી નગરપાલિકાના પૂર્વ ઉપપ્રમુખ દેવલબેન દેસાઈ તથા માજી સભ્ય અપેક્ષાબેન શાહ, રોફેલ કોલેજ વાપી, સેન્ટ ફ્રાન્સીસ સ્કુલ ચલા, વાપી નગરપંચાયત એજયુકેશન ટ્રસ્ટની વિદ્યાર્થીનીઓ મળી ખુબ મોટી સંખ્યામાં મહિલાઓએ ઉત્સાહપૂર્વક હાજરી આપી કાર્યક્રમનો લાભ લીધો હતો. કાર્યક્રમ દરમિયાન મહિલાઓએ વિવિધ વિષયો અંગે પ્રશ્નોત્તરીમાં પણ ભાગ લીધો હતો અને નિષ્ણાંતો પાસેથી માર્ગદર્શન મેળવ્યું હતું. કાર્યક્રમનું આયોજન વાપી નગરપાલિકાના UCD મેનેજર રામચંદ્ર દેસાઈ તથા તેમની ટીમ દ્વારા સફળતા પૂર્વક પૂર્ણ કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના સફળ આયોજન માટે તમામ સહયોગીઓ, નિષ્ણાંતો અને ઉપસ્થિત નાગરિકોનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

વાપીના અંબે માતા મંદિર ખાતે વિરાટ હિન્દુ સંમેલન યોજાયું

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

વાપી, તા. ૧૧ : વાપી જીઆઈડીસીના અંબા માતા નગરના અંબે માતા મંદિર ખાતે વિરાટ હિન્દુ સંમેલનનું ભવ્ય આયોજન કરવામા આવેલ, આ કાર્યક્રમમાં ખૂબ મોટી સંખ્યામાં સમસ્ત હિન્દુ સમાજના યુવાઓ, માતૃશક્તિ, ગૃહસ્થ અને વડીલો ઉત્સાહપૂર્વક જોડાયા હતાં. કાર્યક્રમના સંયોજક લઘુ ઉદ્યોગ ભારતી વલસાડ જિલ્લો અને સહ સંયોજક શ્રી લોહાણા પ્રગતિ મંડળ વાપી દ્વારા કરવામા આવેલ, કાર્યક્રમમાં રવજી ભગત - બીએપીએસ ધરમપુર, શિવજી મહારાજ શ્રી ભીડભંજન મહાદેવ મંદિર વલસાડ અને દેવેન્દ્રભાઈ પિંપુટકર (આરએસએસ) નવસારી

વિભાગ ઉપસ્થિત રહ્યા હતાં અને હિન્દુ સમાજના સંગઠન, પડકાર, પરિવાર પ્રબોધન, પર્યાવરણ, સામાજિક સમરસતા અને સ્વદેશી જેવા વિષયો પર ઉદબોદન કરવામા આવ્યુ હતું, આ કાર્યક્રમના સંયોજક તરીકે વલસાડ જિલ્લા લઘુ ઉદ્યોગ ભારતીના અધ્યક્ષ મેહુલભાઈ પટેલ હતાં. કાર્યક્રમમા સમસ્ત એકત્રિત હિંદુ સમાજે સમાજ પરિવર્તન અને સંગઠન ભાવનાનો સંકલ્પ લીધો હતો. આ સંમેલન પહેલા વાપી જીઆઈડીસી વિસ્તારમાં આવેલ વિવિધ માર્ગો ઉપરથી શોભાયાત્રા નીકળી હતી. જેમાં મોટી સંખ્યામાં યુવાનો જોડાયા હતાં. સમગ્ર કાર્યક્રમનું આયોજન હિન્દુ સંગઠન અને વલસાડ જિલ્લા લઘુ ઉદ્યોગ દ્વારા કરવામાં આવ્યું હતું.

વાપી શિશુવિહાર સ્કૂલમાં મહિલા દિવસની ઉજવણી કરાઈ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

વાપી, તા. ૧૧ : વાપીમાં ગુંજન સ્થિત શિશુવિહાર સ્કૂલમાં મહિલા દિવસનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મહિલાઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. બાળકોએ ફૂલોથી મહિલાઓનું સ્વાગત કર્યું હતું. વાતાવરણ ભાવભીનું બન્યું હતું. વિવિધ સ્પર્ધાઓ જેવી કે ડાન્સ સ્પર્ધા, સંગીત સ્પર્ધા, મ્યુઝિકલ ચેર વન મિનિટ ગેમનો આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં વિજેતાઓને તથા ભાગ લેનાર દરેક સદસ્યોને શાળાના પ્રિન્સિપાલ પ્રીતિબેન રાજપાલ તરફથી ઇનામ વિતરણ કરવામાં આવ્યું હતું. બાળકોને પણ શાળા તરફથી વાર્ષિક ઇનામોનો વિતરણ કરવામાં આવ્યું હતું. ત્યારબાદ મહિલાઓને તથા બાળકોને હળવો નાસ્તો કરાવવામાં આવ્યો હતો. પ્રોગ્રામને સફળ બનાવવા શાળાના પ્રિન્સિપાલ પ્રીતિબેન રાજપાલ, વીએચ રાજપાલ તેમજ સ્ટાફ મેમ્બર્સ વૈશાલીબેન સીમાબેન તથા હેતલબેનની મહેનત પ્રશંશની હતી.

અન્ય સમાચારો

દમણગંગા ટાઇમ્સ
EDITORIAL: DAMANGANGA TIMES
Thursday 12, March 2026

દક્ષિણનાં રાજ્યોની પહેલ

ઓસ્ટ્રેલિયાના પગલે ચાલી દક્ષિણ ભારતનાં બે રાજ્ય આંધ્રપ્રદેશ અને કર્ણાટકે ૧૩ વર્ષથી નીચેની વયનાં બાળકોના સોશિયલ મીડિયા ઉપયોગ પર પ્રતિબંધની જાહેરાત કરી છે. બંને રાજ્યની વિધાનસભામાં મુખ્ય પ્રધાન અનુક્રમે એન. ચંદ્રાબાબુ નાયડુ અને સિદ્ધારમૈયાએ આ પ્રતિબંધની જાહેરાત ગયા અઠવાડિયે કરી. કર્ણાટકમાં ૧૬ વર્ષની વયથી નીચેના અને આંધ્રમાં ૧૩થી ઓછી ઉંમરનાં બાળકો માટે સોશિયલ મીડિયાના ઉપયોગ પર બેન મૂકવામાં આવ્યો છે. નાયડુ તો આ પ્રતિબંધ આગામી ૯૦ દિવસની અંદર અમલમાં મૂકવા કટિબદ્ધ છે. સરકારનો વિચાર સારો છે અને સોશિયલ મીડિયાની માદક પદાર્થ જેવી લત અને તેના કારણે બાળકો-કિશોરોની થતી હાલત તથા ભવિષ્યની ચિંતાને પગલે લેવાયેલો આ નિર્ણય આવકારદાયક છે. ભારત સરકાર પણ આ મોરચે છેલ્લા થોડા સમયથી ગંભીરતાથી વિચાર-ચર્ચા કરી રહી છે. વિશ્વના અનેક દેશોમાં ૧૬ વર્ષથી નીચેનાં બાળકોના સોશિયલ મીડિયા ઉપયોગ પર બેન વિશે મનોમંથન ચાલી રહ્યાં છે. જો કે, દક્ષિણ ભારતનાં બે રાજ્યે પ્રતિબંધનો વિચાર તો વહેતો મૂક્યો છે, પણ અનેક પ્રશ્નો ઊભા થયા છે, જેના જવાબ સરકારો આપી શકી નથી. સૌથી પહેલાં તો આ પ્રતિબંધનો અમલ કેવી રીતે થશે? એ વિશે કોઈ સ્પષ્ટતા નથી. ન તો બેમાંથી એક પણ રાજ્યએ આના માટે કોઈ કાયદો ઘડયો છે કે ન તો પ્રતિબંધના અમલીકરણ માટે કોઈ વ્યવસ્થાતંત્રની રચના કરાઈ છે અને આ બેન કામ કેવી રીતે કરશે એ વિશે કોઈ રોડમેપ પણ જાહેર કરાયો નથી. આ બધાથી મોટો પડકાર એ બંધારણીય છે. ઈન્ફોર્મેશન ટેક્નોલોજી સાતમા અનુચ્છેદમાં આવે છે, આથી તે કેન્દ્ર સરકાર-સંસદના કાર્યક્ષેત્રમાં આવે છે, રાજ્યોની વિધાનસભાના દાયરામાં નહીં. ડિજિટલ ડેટા પ્રોટેક્શન એક્ટ, ૨૦૨૩ હેઠળ વિવિધ સોશિયલ મીડિયા મંચ માટે બાળકોના ડેટા મેળવવા કે તેના પર પ્રોસાસિંગ કરવા માટે ચકાસી શકાય એ પ્રકારે વાલીઓની પરવાનગી લેવાનું ફરજિયાત બનાવાયું છે. આથી, રાજ્યસ્તરે કાયદો ઘડવામાં આવે તો પણ કેન્દ્રીય કાયદાકીય માળખાં સાથે તે સીધા સંઘર્ષમાં હશે. ટેક્નોલોજી સંબંધી પડકારોનો તો આખો એવરેસ્ટ છે, જેમાં સૌથી મહત્ત્વનો અંતરાય છે, વયની ચકાસણી કેવી રીતે કરવી એનો. વળી, ટેક્નોલોજી સાથે હંમેશાં પાછલું બારણું આવતું હોય છે અને આવી નબળી કડી શોધી કાઢી કાયદાને ચાતરી જવામાં આમ પણ માનવ મગજ બહુ ઝડપથી ચાલતું હોવાનું વારંવાર પુરવાર થયું છે. આશય સારો હોવા છતાં વાસ્તવિક મુશ્કેલીઓ જોતાં રાજ્યો આ દિશામાં ખાસ પ્રગતિ કરી નહીં શકે. હા, કેન્દ્ર સરકાર આ દિશામાં આગળ વધે તો કેટલીક મર્યાદાઓનો અંત આવશે, પણ એ પછી નવા પડકારો ઊભા થશે.

બૃહદ મુંબઈ ગુજરાતી સમાજના પ્રમુખપદે હેમરાજ શાહ

દમણગંગા ટાઈમ્સ

વાપી, તા. ૧૧ : બૃહદ મુંબઈ ગુજરાતી સમાજની હાલની ટ્રસ્ટ બોર્ડ તેમ જ કારોબારી સભ્યોની મુદત તા. ૩૧-૩-૨૦૨૬ના પૂર્ણ થતી હોવાથી તા. ૧-૪-૨૦૨૬થી તા. ૩૧-૩-૨૦૩૦ના ચાર વર્ષ માટે પાંચ ટ્રસ્ટીઓ તથા ૧૦ કારોબારી સભ્યો માટે ચૂંટણીની જાહેરાત કરવામાં આવી હતી, જેમાં તા. ૨૧-૨-૨૦૨૬થી ૨૭-૨-૨૦૨૬ સુધી ઉમેદવારી ફોર્મ ભરાયા હતા, તેમાં ટ્રસ્ટીપદ માટે ૮ સભ્યોએ ઉમેદવારી નોંધાવી હતી તથા કારોબારી માટે ૧૧ સભ્યોએ ઉમેદવારી નોંધાવી હતી. તેમાં તા. ૨૮-૨-૨૦૨૬ના ત્રણ ટ્રસ્ટીપદની તથા ૧ કારોબારી સભ્યની ઉમેદવારી પાછી ખેંચાતા બાકી રહેલ પાંચ ટ્રસ્ટીપદ માટે તથા ૧૦ કારોબારી કિંમટી માટે આવેલ ઉમેદવારોને ચૂંટણી અધિકારી હસમુખ વી. શાહે બિનહરીફ ચૂંટાયેલા જાહેર કર્યા હતા અને તા. ૭-૩-૨૦૨૬ના મળેલ ટ્રસ્ટીઓ તથા કારોબારી સભ્યોની મીટિંગમાં નીચે મુજબ ટ્રસ્ટ બોર્ડ તથા અધિકારી બોર્ડની સર્વાનુમતે નિમણૂક કરવામાં આવી હતી જે નીચે મુજબ છે.

તા. ૧-૪-૨૦૨૬થી તા. ૩૧/૩/૨૦૩૦ની મુદત માટે ટ્રસ્ટ બોર્ડ (૧) ડૉ. નાગજી કેશવજી રીટા - મૅનેજિંગ ટ્રસ્ટી(૨) રાજેશ રતિલાલ દોશી (૩) ઉદય એચ. શાહ (૪) જીતેન્દ્ર મહેતા (૫) હીરાચંદ દંડ

તા. ૧-૪-૨૦૨૬થી તા. ૩૧-૩-૨૦૩૦ની મુદત માટે કારોબારી અધિકારી બોર્ડ (૧) હેમરાજ વીરમ શાહ (પ્રમુખ) (૨) ચીમનભાઈ મોતા (ઉપપ્રમુખ) (૩) રાજેશભાઈ દોશી-(મહામંત્રી) (૪) એડ. પીયુષ મહેન્દ્ર (સહમંત્રી) (૫) લખમશી માલશી ચરલા (ખજાનચી) (૬) નાગજી કેશવજી રીટા (૭) ઉદય એચ. શાહ (૮) દિનેશ ટી. શાહ (૯) અરવિંદ કે. સાવલા (૧૦) ડૉ. તન્વી એમ. પટેલ તથા અરવિંદ હેમરાજ શાહને કો-ઓપ. સભ્ય તરીકે કારોબારી કમિટીમાં નિમણૂક કરવામાં આવી હતી.

રાજધાનીમાં ગુજરાતી સમાજની 'ફોકસ-૨૦૨૬' બિઝનેસ કોન્ફરન્સ યોજાઈ

દમણગંગા ટાઈમ્સ

વાપી, તા. ૧૧ : રાજધાનીની પ્રતિષ્ઠિત સંસ્થા શ્રી દિલ્હી ગુજરાતી સમાજ (શ્રીસમાજ)ની મોટિવેશનલ એન્ડ કરિયર કાઉન્સેલિંગ કમિટી અને શ્રી કચ્છી કડવા પાટીદાર સમાજ દ્વારા સંયુક્તપણે આયોજિત બિઝનેસ કોન્ફરન્સ અને એક્સપો 'ફોકસ-૨૦૨૬' એકદિવસીય મહાસંમેલન ઉદ્યોગજગતના દિગ્ગજોની પ્રેરણાદાયી હાજરીમાં રવિવારે સફળતાપૂર્વક સંપન્ન થયું. આ કોન્ફરન્સનો મુખ્ય હેતુ યુવાનો અને નવા વ્યવસાય શરૂ કરનારા સાહસિકોને આધુનિક વ્યાપાર જગતના પડકારો ઝીલવા માટે સજ્જ કરવાનો હતો. કાર્યક્રમ દરમિયાન ઉદ્યોગપતિઓ અને પ્રોફેશનલ્સ માટે તૈયાર થનારી વિશેષ બિઝનેસ ડિરેક્ટરીનું પણ લોન્ચિંગ કરવામાં આવ્યું હતું. દિલ્હીમાં ગુજરાતીઓનો એક મોટો વ્યાપારી સમૂહ વસે છે, જેઓ સામાજિક, સાંસ્કૃતિક અને સેવાકીય પ્રવૃત્તિઓમાં પણ અગ્રસર છે. શ્રીસમાજ રાજધાનીમાં આવતા ગુજરાતીઓને રહેવા-જમવાની શ્રેષ્ઠ સગવડ આપતું એક વિશાળ અતિથિગૃહ, પ્રાથમિક અને માધ્યમિક શાળાઓ, વિશાળ સભાગાર તથા અનેક સામાજિક અને કલ્યાણકારી પ્રવૃત્તિઓ ચલાવે છે. આ સંસ્થાએ પાછલાં કેટલાંક વર્ષોથી ફોકસ કાર્યક્રમનું આયોજન કરીને ઔદ્યોગિક જગતમાં ડગલું માંડતા નવા સાહસિકોને આંખો ને પાંખો આપવી તેમ જ પ્રતિષ્ઠિત વેપારીઓને વ્યવસાય વિકસાવવાનું મહત્ત્વનું સોપાન આદરેલું છે. એ જ કડીના આ પ્રેરણાદાયી આયોજનમાં વ્યાવસાયિક જગતના દેશ-વિદેશમાં ખ્યાતિપ્રાપ્ત વક્તાઓ દ્વારા વિશેષ માર્ગદર્શક સત્રો ચલાવવામાં આવ્યાં હતાં.

વિપક્ષના હોબાળા વચ્ચે મતદાનની પ્રક્રિયા

લોકસભા સ્પીકર વિરુદ્ધનો અવિશ્વાસ પ્રસ્તાવ ધ્વનિ મતથી ફગાવાયો

(સંપૂર્ણ સમાચાર સેવા)

નવી દિલ્હી, તા.૧૧ : લોકસભામાં સ્પીકર ઓમ બિરલાને પદ પરથી હટાવવા માટેનો અવિશ્વાસ પ્રસ્તાવ ધ્વનિ મતથી રદ થયો છે. કોંગ્રેસના સાંસદ ડો. મોહમ્મદ જાવેદ દ્વારા રજૂ કરવામાં આવેલા આ પ્રસ્તાવ પર બે દિવસ સુધી ગહન ચર્ચા ચાલી હતી. ચર્ચાના બીજા દિવસે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે સરકાર પક્ષે જવાબ આપ્યો હતો, જેનાથી નારાજ થઈને વિપક્ષી સાંસદોએ ગૃહના વેલમાં આવીને ભારે સૂત્રોચ્ચાર અને હંગામો શરૂ કર્યો હતો. આ પ્રસ્તાવ પર ચર્ચા માટે કુલ ૧૦ કલાકનો સમય નક્કી કરવામાં આવ્યો હતો, જેની શરૂઆત કોંગ્રેસના તરુણ ગોગોઈ દ્વારા કરવામાં આવી હતી.

ભાજપ તરફથી સંસદીય કાર્ય મંત્રી કિરેન રિજિજુ પ્રથમ વક્તા રહ્યા હતા. ચર્ચાના અંતે જ્યારે ગૃહમંત્રીએ જવાબ આપ્યો, ત્યારે વિપક્ષે વિરોધ પ્રદર્શન ચાલુ રાખ્યું હતું. પીઠાસીન અધિકારી જગદંબિકા પાલે સભ્યોને શાંત રહેવા અને પોતાની બેઠક પર જવા વારંવાર અપીલ કરી હતી, પરંતુ હંગામો શાંત ન થતા અંતે પ્રસ્તાવને સીધો મતદાન માટે લેવામાં આવ્યો હતો. પીઠાસીન અધિકારીએ નોંધ્યું હતું કે પ્રસ્તાવ લાવનાર પક્ષ જ હવે ચર્ચા આગળ વધારવા માંગતો નથી, તેથી તેમણે પ્રસ્તાવ પર ધ્વનિ મત લેવાની જાહેરાત કરી હતી. મતદાનમાં બહુમતી ન મળતા અવિશ્વાસ પ્રસ્તાવ ફગાવી દેવાયો હતો.

આ પ્રક્રિયા પૂર્ણ થયા બાદ જગદંબિકા પાલે લોકસભાની કાર્યવાહી બીજા દિવસ સુધી સ્થગિત રાખવાની જાહેરાત કરી હતી.

ઓઈલ-ગેસનો ૭૦% પુરવઠો બીજા રૂટથી ભારત પહોંચી રહ્યો છે

(સંપૂર્ણ સમાચાર સેવા)

નવી દિલ્હી, તા.૧૧ : ઈરાન યુદ્ધ વચ્ચે વિશ્વભરમાં ક્રૂડ ઓઈલ અને ગેસની અછત સર્જાઈ છે, ત્યારે ઓઈલ અને નેચરલ ગેસ મંત્રાલયે દેશની ઊર્જા સુરક્ષા અને ઘરેલુ ગેસ પુરવઠાની સ્થિતિ પર મહત્ત્વની માહિતી આપી છે. મંત્રાલયે લોકોને પેનિક બુકિંગ નહીં કરવાની અપીલ કરી છે. કેન્દ્ર સરકારે કહ્યું છે કે, ઓઈલ-ગેસનો ૭૦% પુરવઠો, હોર્મુઝ સ્ટ્રેટ સિવાયના, બીજા એક રૂટથી ભારત પહોંચી ગયો છે. ક્રૂડ અને ગેસના તમામ કાર્ગો ભારત તરફ સુરક્ષિત રીતે વહી રહ્યા છે.

કેન્દ્ર સરકારે સ્પષ્ટ કર્યું છે કે દેશમાં કાચા તેલ અને એલપીજીનો પર્યાપ્ત જથ્થો ઉપલબ્ધ છે. સોશિયલ મીડિયા અથવા અન્ય માધ્યમો દ્વારા ફેલાતી અછતની અફવાઓને મંત્રાલયે નકારી કાઢી છે. સરકારના જણાવ્યા અનુસાર, દેશની ઊર્જા સુરક્ષા મજબૂત છે અને નાગરિકોએ ગભરાઈને વધારાનું બુકિંગ કરવાની કોઈ જરૂર નથી.

મંત્રાલયે માહિતી આપી છે કે સ્થાનિક રિફાઈનરીઓમાં ઉત્પાદન પ્રક્રિયા સામાન્ય રીતે ચાલી રહી છે. આંતરરાષ્ટ્રીય સ્તરે ભૌગોલિક-રાજકીય તણાવ હોવા છતાં, ભારતે વિવિધ સ્રોતો દ્વારા તેલનો પુરવઠો સુનિશ્ચિત કર્યો છે. સરકાર સતત પરિસ્થિતિ પર નજર રાખી રહી છે જેથી ઈંધણના વિતરણમાં કોઈ અવરોધ ન આવે. રસોઈ ગેસના સંદર્ભમાં સરકારે ખાતરી આપી છે કે એલપીજી બોટલિંગ પ્લાન્ટ્સ પૂર્ણ ક્ષમતા સાથે કાર્યરત છે.

યુદ્ધે વધાર્યું ભારતનું ટેન્શન, તેલ અને ગેસ પછી, હવે દવાઓનું સંકટ

(સંપૂર્ણ સમાચાર સેવા)

નવી દિલ્હી, તા.૧૧ : અમેરિકા અને ઈઝરાયલ દ્વારા ઈરાન પરના હુમલાઓ બાદ, પશ્ચિમ એશિયામાં યુદ્ધનું પ્રમાણ વધી રહ્યું છે. મુખ્ય જળમાર્ગો પર અસરકારક અવરોધ અને સપ્લાય ચેઈન વિક્ષેપોને કારણે ક્રૂડ ઓઈલ અને ગેસના ભાવ આસમાને પહોંચ્યા છે. આ દરમિયાન, બીજી કટોકટી ઉભી થઈ છે.

અહેવાલો જણાવે છે કે યુદ્ધ ભારતના ફાર્માસ્યુટિકલ ઉદ્યોગ પર પણ અસર કરી રહ્યું છે. અહેવાલો જણાવે છે કે ભારતની ફાર્માસ્યુટિકલ સપ્લાય ચેઈન પર દબાણ વધી રહ્યું છે, જેના કારણે દવા ઉત્પાદનમાં વપરાતા કાચા માલના ખર્ચમાં સતત વધારો થઈ રહ્યો છે. ફાર્માસ્યુટિકલ ઉદ્યોગના અધિકારીઓને ટાંકીને ખાનગી પોર્ટલે એક અહેવાલ આપ્યો છે કે કી સ્ટાર્ટિંગ મટિરિયલ્સ (KSM) અને એક્ટિવ ફાર્માસ્યુટિકલ ઈન્ગ્રેડિએન્ટ્સ (API)ના ભાવ વધવા લાગ્યા છે. KSM અને API દવાઓ બનાવવા માટે આવશ્યક ઘટકો છે.

છેલ્લા અઠવાડિયામાં, વૈશ્વિક તણાવ, ડોલરમાં વધઘટ અને સપ્લાય વિક્ષેપોને કારણે ભાવમાં પથી ૧૦૦ ટકાનો વધારો થયો છે. અધિકારીઓએ ચેતવણી આપી છે કે જો યુદ્ધ ચાલુ રહેશે, તો આ મહત્વપૂર્ણ કાચા માલની અછત સર્જાઈ શકે છે.

યુદ્ધને કારણે ભારતના ટેક્સટાઈલ્સને અસર

(સંપૂર્ણ સમાચાર સેવા)

નવી દિલ્હી, તા.૧૧ : ૧૧ દિવસથી ઈરાન સામે અમેરિકા અને ઈઝરાયેલ યુદ્ધે ચડ્યા છે. કોરોનાની મહામારી પછી રશિયા — યુક્રેનના યુદ્ધ બાદ ફરી એકવાર વિશ્વ સામે મોંઘવારી કે મહામંદીનું જોખમ ઝળુંબી રહ્યું છે. આયાત ઉપર નિર્ભર ભારત માટે પણ આ એક જોખમ છે. વિશ્વમાં સૌથી ઝડપે વિકસી રહેલા ભારતીય અર્થતંત્રની નિકાસ કરતા આયાત વધારે છે અને આ આયાતમાં ક્રુડ ઓઈલ, નેચરલ ગેસ અને રાંધણ ગેસ સૌથી મોટી આયાત છે. ઈરાને યુદ્ધના વળતા જવાબમાં અખાતી દેશોમાં અમેરિકન થાણા ઉપર, ક્રુડ — ગેસના ઉત્પાદન ઉપર હુમલા કર્યા છે. ક્રુડ, નેચરલ ગેસ, ફર્ટીલાઈઝર ને કેમિકલ્સની ખાડીના દેશોમાંથી વિશ્વભરમાં પરિવહન માટેના મુખ્ય કેન્દ્ર હોર્મુઝની ખાડી પણ ઈરાને બંધ કરી છે. એક સાથે બેવડો માર પડતા ભારતમાં વિવિધ કેમિકલ્સ અને ગેસના પુરવઠાને અસર પડી છે. જેટલો સમય યુદ્ધ ચાલુ રહે એટલો સમય અનિશ્ચિતતા રહેશે. એટલું જ નહીં પણ યુદ્ધ બંધ થયા પછી પણ ૩૦ થી ૩૫ દિવસ સ્થિતિ પૂર્વવત બનતા લાગી શકે એવું વૈશ્વિક વ્યાપાર સાથે જોડાયેલા નિષ્ણાતોનું માનવું છે.

ક્રુડ ઓઈલ, નેચરલ ગેસ અને રાંધણ ગેસની સ્થિતિ સિવાય ભારતની કેમિકલ્સની આયાતને જંગી ફટકો પડે અને તેનાથી સ્થાનિક ઉત્પાદન કે પ્રોસેસિંગ અટકી પડે એવી સ્થિતિ ઉભી થઈ છે. સોડિયમ નાઈટ્રાઈટ, સલ્ફર, હાઈડ્રોજન પેરોક્સાઈડ, સોડિયમ હાઈડ્રોસલ્ફાઈડ, એમોનીયા, પોટાશ, ફોસ્ફેરિકએસિડ જેવી સંખ્યાબંધ ચીજોની આયાત અટકી પડી છે. મોટાભાગની ચીજો હોર્મુઝની ખાડીમાંથી આવે છે અથવા તો સાઉદી અરબ, આરબ અમિરાત અને આસપાસના વિસ્તારોમાંથી આવે છે.

દેશમાં ૪૩ નવી મેડિકલ કોલેજને મંજૂરી મળી

(સંપૂર્ણ સમાચાર સેવા)

નવી દિલ્હી, તા.૧૧ : દેશના લાખો વિદ્યાર્થીઓ કે જેઓ ડોક્ટર બનવાનું સ્વપ્ન જુએ છે તેમના માટે એક મહત્વપૂર્ણ સમાચાર છે. કેન્દ્ર સરકારે તબીબી શિક્ષણને વધુ મજબૂત બનાવવા માટે એક મોટો નિર્ણય લીધો છે. સરકારે ૨૦૨૫-૨૬ શૈક્ષણિક સત્ર માટે ૧૧,૬૮૨ નવી MBBS બેઠકોને મંજૂરી આપી છે. દેશના વિવિધ ભાગોમાં ૪૩ નવી મેડિકલ કોલેજો ખોલવાની પણ મંજૂરી આપી છે. આ નિર્ણયથી તબીબી શિક્ષણની તકોનો વિસ્તાર થશે અને ભવિષ્યમાં દેશને વધુ પ્રશિક્ષિત ડોક્ટરો મળશે. રાજ્યસભામાં એક લેખિત જવાબમાં આરોગ્ય રાજ્યમંત્રી અનુપ્રિયા પટેલે તબીબી શિક્ષણ અંગેના લેટેસ્ટ આંકડા શેર કર્યા હતા. તેમણે જણાવ્યું હતું કે સરકાર દેશમાં ડોક્ટરોની સંખ્યા વધારવા માટે તબીબી શિક્ષણનો વ્યાપ વધારવા માટે સતત કામ કરી રહી છે. મંત્રાલય તરફથી જે આંકડા ઓ જાહેર કરવામાં આવ્યા છે તે તબીબી આયોગ (NMC) દ્વારા તૈયાર કરવામાં આવ્યો હતો. આ ડેટામાં સરકારી મેડિકલ કોલેજો, ખાનગી મેડિકલ કોલેજો, AIMS અને રાષ્ટ્રીય મહત્વની સંસ્થાઓમાં ઉપલબ્ધ બેઠકોની માહિતી શામેલ છે.

દેશમાં પ્રથમવાર સુપ્રીમ કોર્ટે ઈચ્છામૃત્યુની મંજૂરી આપી

(સંપૂર્ણ સમાચાર સેવા)

નવી દિલ્હી, તા.૧૧ : સુપ્રીમ કોર્ટે માનવીય અભિગમ અપનાવીને ૧૩ વર્ષથી પથારીવશ યુવક હરીશ રાણા (ઉં. ૩૧)ને પેસિવ યુથેનેશિયા (ઈચ્છા મૃત્યુ)ની મંજૂરી આપી દીધી છે. હરીશ રાણા ૧૩ વર્ષ પહેલા ચંદીગઢની એક હોસ્ટેલમાં ચોથા માળેથી નીચે પટકાઈને પરમેનેન્ટ વેજિટેટિવ સ્ટેટમાં જતો રહ્યો હતો. ત્યાર પછી ગાઝિયાબાદના રહેવાસી હરીશના માતા-પિતાએ જીવતી લાશ બની ગયેલા પુત્રની સ્થિતિ જોઈને તેના ઈચ્છા મૃત્યુ માટે કોર્ટના દ્વાર ખટખટાવ્યા હતા.

આ અરજી અંગે સુપ્રીમ કોર્ટના જસ્ટિસ જે. બી. પારડીવાલાની બેન્ચે દિલ્હીની AIIMS હૉસ્પિટલ પાસે મેડિકલ રિપોર્ટ મંગાવ્યો હતો. તબીબોની ટીમે રિપોર્ટમાં કહ્યું હતું કે, હરીશના સ્વાસ્થ્યમાં સુધારાની કોઈ જ શક્યતા નથી. આ રિપોર્ટને આધારે કોર્ટે અવલોકન કર્યું કે, કોઈ વ્યક્તિને આટલી અસહ્ય પીડામાં અનિશ્ચિતકાળ સુધી રાખી શકાય નહીં. આ સાથે જ સુપ્રીમ કોર્ટે હરીશ માટે પેસિવ યુથેનેશિયાની મંજૂરી આપી દીધી. આ પ્રક્રિયામાં દર્દીને જીવંત રાખવા માટે અપાતા કૃત્રિમ લાઈફ સપોર્ટ (જેમ કે વેન્ટિલેટર કે ફીડિંગ ટ્યુબ) હટાવી લેવાય છે, જેથી તેનું કુદરતી રીતે મૃત્યુ થઈ શકે. આ ચુકાદો આપતી વખતે જસ્ટિસ પારડીવાલાએ કહ્યું હતું કે, 'આવા નિર્ણય મુશ્કેલ છે, પરંતુ દર્દીની સ્થિતિ અત્યંત દુઃખદ છે.' પરમેનેન્ટ વેજિટેટિવ સ્ટેટ મગજની એવી ગંભીર સ્થિતિ છે, જેમાં વ્યક્તિ જાગૃત હોવા છતાં તેને આસપાસના વાતાવરણનું ભાન હોતું નથી. આ સ્થિતિમાં દર્દીની આંખો ખુલ્લી હોય છે અને તે ક્યારેક ઊંઘે કે જાગે તેવું પણ લાગે છે, પરંતુ તેમનું મગજ કોઈ વિચાર કરી શકતું નથી કે કોઈ સૂચનાનું પાલન કરી શકતું નથી. તે હલનચલન કરી શકતા નથી કે બોલી શકતા નથી. શરીરના મૂળભૂત કાર્યો (જેમ કે શ્વાસ લેવો, હૃદયના ધબકારા અને પાચન) ચાલુ રહે છે કારણ કે મગજનો નીચેનો ભાગ (Brainstem) કામ કરતો હોય છે, પણ ઉપરનો ભાગ (Cerebral Cortex) જે વિચારવાનું કામ કરે છે, તે કામ કરવાનું બંધ કરી દે છે.

ઈરાન પર ૨૦૦૦ પાઉન્ડના બંકર બસ્ટર બોમ્બ ઝીંક્યા

ટ્રમ્પનું રશિયાને અલ્ટીમેટમ

(સંપૂર્ણ સમાચાર સેવા)

તહેરાન, તા.૧૧

ઈરાન અને ઈઝરાયલ વચ્ચે ચાલી રહેલા ભીષણ જંગમાં હવે વૈશ્વિક રાજનીતિ અને લશ્કરી વ્યૂહરચનાના નવા સમીકરણો રચાઈ રહ્યા છે. અમેરિકાએ એકતરફ રશિયાને આડકતરી ધમકી આપી છે, તો બીજી તરફ ઈરાન પર 'બંકર-બસ્ટર' બોમ્બથી પાતાળ સુધી તબાહી મચાવી છે. અમેરિકાના યુદ્ધ સચિવ પીટ હેગસેથે રશિયાને સ્પષ્ટ શબ્દોમાં ચેતવણી આપી છે કે તે ઈરાન, અમેરિકા અને ઈઝરાયલ વચ્ચેના સંઘર્ષમાં દખલ ન કરે. પેન્ટાગોનમાં પત્રકારો સાથે વાત કરતા તેમણે જણાવ્યું કે, જોકે ટ્રમ્પ અને પુતિન વચ્ચેની વાતચીત 'સકારાત્મક' રહી છે અને યુક્રેન મુદ્દે શાંતિની ચર્ચા થઈ છે, પરંતુ રશિયાએ મિડલ ઈસ્ટના જંગથી દૂર રહેવું જ હિતાવહ રહેશે. અમેરિકાએ હવે ઈરાનના એવા સૈન્ય ઠેકાણાઓને નિશાન બનાવ્યા છે જે જમીનની નીચે સેંકડો ફૂટ ઉંડે બંકરોમાં છુપાયેલા છે. અહેવાલ મુજબ, અમેરિકાએ ૨૦૦૦ પાઉન્ડ વજનના ડઝનબંધ જીપીએસ-નિયંત્રિત 'બંકર-બસ્ટર' બોમ્બ ઈરાન પર ફેંક્યા છે. આ હુમલાનો મુખ્ય હેતુ ઈરાનની મિસાઈલ બનાવવાની અને તેને દાગવાની ક્ષમતાને મૂળમાંથી ખતમ કરવાનો છે. યુદ્ધના ૧૦ દિવસ બાદ પહેલીવાર ટ્રમ્પ પ્રશાસને ઈઝરાયલને ઈરાનના તેલ અને ઊર્જા સંસાધનો પર વધુ હુમલા ન કરવા વિનંતી કરી છે. અમેરિકા આ હુમલાને 'ડૂમ્સડે ઓપ્શન' (કયામતનો વિકલ્પ) માની રહ્યું છે. ટ્રમ્પને ડર છે કે જો ઈરાનનો એનર્જી સેક્ટર પૂરેપૂરો નષ્ટ થશે, તો ઈરાન વળતા પ્રહારમાં ખાડી દેશોના તેલ મથકો પર હુમલો કરી શકે છે, જેનાથી આખી દુનિયામાં તેલના ભાવ આસમાને પહોંચી જશે. ઈઝરાયલના હુમલા બાદ તેહરાનના આકાશમાં એટલો ધુમાડો છવાઈ ગયો છે કે ત્યાં 'એસિડ રેન' (તેજાબી વરસાદ) થવાની ખબરો છે. હવા એટલી ઝેરી બની ગઈ છે કે ૧૬૮ જેટલા બાળકોના મોતના અહેવાલ છે (મીનાબ શહેરની ઘટના). અમેરિકાએ આ ઘટના પર ચિંતા વ્યક્ત કરી છે અને નાગરિકોની સુરક્ષા માટે ઈઝરાયલને સંયમ રાખવા કહ્યું છે. નિષ્ણાતો માને છે કે માત્ર હવાઈ હુમલાથી ઈરાનના અત્યંત ઉંડા પરમાણુ ઠેકાણાઓને નષ્ટ કરવા મુશ્કેલ છે. આથી, ટ્રમ્પ પ્રશાસન આગામી સમયમાં આ ઠેકાણાઓને કબજે કરવા માટે 'સ્પેશિયલ ફોર્સ' દ્વારા જમીની કાર્યવાહી કરવાની યોજના પર પણ વિચાર કરી રહ્યું છે.

સ્ટ્રેટ ઑફ હોર્મૂઝ બન્યું ડેથ વેલી

(સંપૂર્ણ સમાચાર સેવા)

વૉશિંગ્ટન, તા.૧૧

અમેરિકા અને ઈઝરાયલ દ્વારા સતત થઈ રહેલા હુમલા વચ્ચે ઈરાને હથિયાર હેઠા મૂકવાનો ઈનકાર કરી દીધો છે અને વળતો પ્રહાર શરૂ કર્યો છે. તાજેતરના અહેવાલો મુજબ, ઈરાને વ્યૂહાત્મક રીતે અત્યંત મહત્ત્વના ગણાતા 'સ્ટ્રેટ ઑફ હોર્મુઝ'માં દરિયાઈ માઈન્સ પાથરવાનું શરૂ કરી દીધું છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, ઈરાને છેલ્લા કેટલાક દિવસોમાં દરિયામાં ડઝનબંધ માઈન્સ પાથરી દીધી છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, ઈરાન પાસે હજુ પણ તેની નાની નૌકાઓ અને માઈન પાથરનારા જહાજોનો ૮૦થી ૯૦ ટકા હિસ્સો સુરક્ષિત છે, જેનો અર્થ છે કે તે આ જળમાર્ગ સેંકડો માઈન્સ પાથરવાની ક્ષમતા ધરાવે છે. ઈસ્લામિક રિવોલ્યુશનરી ગાર્ડ કોર્પ્સ એ અગાઉ જ ચેતવણી આપી હતી કે આ માર્ગ પરથી પસાર થતા કોઈપણ જહાજ પર હુમલો કરવામાં આવશે.

યુદ્ધની શરૂઆત બાદ આ માર્ગ લગભગ બંધ જેવો થઈ ગયો છે અને સ્થિતિ એટલી ગંભીર છે કે તેને 'ડેથ વેલી' તરીકે ઓળખવામાં આવી રહી છે.

બીજી તરફ, અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે દાવો કર્યો છે કે અમેરિકન સેનાએ દરિયાઈ માઈન પાથરતા ઈરાનના ૧૬ જહાજોને નષ્ટ કરી દીધા છે. ટ્રમ્પે ઈરાનને કડક ચેતવણી આપી છે કે જો આ માઈન્સ તાત્કાલિક હટાવવામાં નહીં આવે, તો ઈરાને એવા સૈન્ય પરિણામો ભોગવવા પડશે જે તેણે પહેલા ક્યારેય જોયા નથી.

ગેસની અછત વચ્ચે ભારતના મદદે કેનેડા આવ્યું

(સંપૂર્ણ સમાચાર સેવા)

નવી દિલ્હી, તા.૧૧ : ઈરાન અને અમેરિકા-ઈઝરાયલ વચ્ચે ચાલી રહેલા યુદ્ધે ભારતની ઊર્જા પુરવઠા અંગે ચિંતા વધારી છે. વૈશ્વિક ઊર્જા પુરવઠામાં ગંભીર વિક્ષેપની અસર ભારત પર પણ પડી છે, અને LPG અને કુદરતી ગેસની અછતના અહેવાલો સામે આવ્યા છે. જવાબમાં, સરકારને વાણિજ્યિક અને સ્થાનિક ગેસ વિતરણ અંગેના નિયમો તાત્કાલિક બદલવાની ફરજ પડી છે. આ દરમિયાન, એક દેશ ભારતને મદદ કરવા આગળ આવ્યો છે. હકીકતમાં, કેનેડાએ તાજેતરમાં ભારતની વધતી જતી ઊર્જા માંગને પહોંચી વળવા માટે ભારતને LNG સપ્લાય કરવાની ઓફર કરી છે.

કેનેડાના વડા પ્રધાન માર્ક કાર્નેએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે તેમનો દેશ, ઊર્જા મહાસત્તા તરીકે, ભારતની ઝડપથી વધતી ઊર્જા જરૂરિયાતોને પહોંચી વળવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી શકે છે. તેમણે કહ્યું કે ભારતની ઊર્જા માંગ ૨૦૪૦ સુધીમાં લગભગ બમણી થવાનો અંદાજ છે, અને કેનેડા એક વિશ્વસનીય ભાગીદાર બની શકે છે. બુધવારે, કાર્નેએ પીએમ મોદી સાથેનો પોતાનો એક વીડિયો શેર કર્યો. વીડિયોમાં, કાર્નેએ જણાવ્યું હતું કે કેનેડા વિશ્વનો સૌથી ઓછો કાર્બન અને સૌથી વિશ્વસનીય રીતે ઉત્પાદિત લિક્વિફાઈડ નેચરલ ગેસ (LNG) સપ્લાય કરે છે.

આ ગેસનો ઉપયોગ એશિયા અને યુરોપમાં ગરમી, વીજળી ઉત્પાદન અને ઔદ્યોગિક હેતુઓ માટે વ્યાપકપણે થાય છે. તેમણે એ પણ નોંધ્યું હતું કે પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા યુદ્ધને કારણે કતરથી ગેસ સપ્લાય પર અસર પડી છે, જેના કારણે ભાવમાં વધારો થયો છે અને પુરવઠા પેટર્નમાં ફેરફાર થયો છે.

ભારતે પડોશી દેશો માટે FDI નિયમો હળવા કર્યા

(સંપૂર્ણ સમાચાર સેવા)

નવી દિલ્હી, તા.૧૧

સરકારે ચીન અને ભારત સાથે જમીન સરહદો ધરાવતા દેશો માટે સીધા વિદેશી રોકાણ (FDI)ના ધોરણો મંગળવારે હળવા

રેલ્વે મુંબઈમાં નવા પ્રોજેક્ટો હાથ ધરશે

(દમણગંગા ટાઈમ્સ)

મુંબઈ, તા. ૧૧ : મુંબઈમાં રેલ્વેની સેવાઓ વધારવા માટે કેટલાક પ્રોજેક્ટો હાથ ધરવામાં આવ્યા છે જે મુજબ ૩૪ સ્ટેશનો માટે ૧૫ નવા કોચ વધારવાનો નિર્ણય કરાયો છે. આ મુજબ ૨૩૮ નવી ટ્રેનોનું નિર્માણ કરવામાં આવશે. ઉપરાંત કલ્યાણ- મુરબડા લાઈન જે ભીવંડી કલ્યાણ વિસ્તાર માટે જીવાદોરી સમાન છે ત્યાં ૮૩૬ કરોડના પ્રોજેક્ટ માટે જમીન સંપાદનના પ્રશ્નો પણ હલ કરાશે. આ માટે અહીના સાંસદ અને મુખ્યમંત્રીની પણ મદદ મળી રહી છે. એમ કેન્દ્રીય રેલ્વે મંત્રી અશ્વીની વૈષ્ણવની યાદીમાં જણાવાયું છે.

CHANGE OF NAME

I HAVE CHANGED MY NAME FROM SHAIKH MAHAMADIRFAN AKBARALI TO MOHAMAD IRFAN AKBAR SHAIKH ADDRESS: - H.NO. 4/35, GANCHI STREET, KHARIWAD, NANI DAMAN-396210.

CHANGE OF NAME

I HAVE CHANGED MY NAME FROM SHAIKH MOHAMADJAVED AKBARALI TO MOHAMAD JAVED AKBAR SHAIKH ADDRESS: - H.NO. 4/35, GANCHI STREET, KHARIWAD, NANI DAMAN-396210.

CHANGE OF NAME

I HAVE CHANGED MY OLD NAME FROM JAYDEEP KUMAR SINHA TO JAIDEEP KUMAR SINHA AS PER DOCUMENTS.

CHANGE OF NAME

I HAVE CHANGED MY NAME FROM KEPAL DINESH KOLI PATEL & KEPALBHAI DINESHBHAI PATEL TO KEPAL DINESHBHAI PATEL ADDRESS: - 361/K, LODHA FALIYA, NEAR HIGH SCHOOL, PATLARA, MOTI DAMAN-396220.

No.MAM/SIL/RTS/RBD-DNH/Birth/19/2026/797 Dated: 11/02/2026.

APPLICANT - Ramanbhai Manjubhai Vartha,
Presently residing at-Dungaripada, Morkhai, DNH
Mo 9712006624
V/S
OPPONENTS- The Registrar of Births & Deaths, Morkhal.

NOTICE

The public to take note that the above, named applicant Ramanbhai Manjubhai Vartha's daughter, Priyaben Ramanbhai Vartha was born on 13/12/2010 at Dungaripada, Morkhal, DNH. But due to inadvertence the above said birth was not registered in the records of Registrar of Births & Deaths, Morkhal. Hence, the applicant has moved on application to pass an order to register birth of Priyaben Ramanbhai Vartha. In case of any objection or complain in this regard a written objection shall be made in the office of the Executive Magistrate, Silvassa, within 30 days of the publication of this notice and if no such objection is received, the Executive Magistrate, Silvassa will pass necessary order accordingly.

Sd/-
RTS-II

No.MAM/SIL/RTS/RBD-DNH/150/Death/2025/348 Dated: 19/01/2026.

APPLICANT - Patu Soniya Shingada,
Presently residing at- Kapariyapada, Sili, DNH.
Mo 7069145551
V/S
OPPONENTS- The Registrar of Deaths & Deaths, Sili.

NOTICE

The public to take note that the above, named applicant Patu Soniya Shingada's Husband namely Soniya Rewa Shingada who was died on 08/01/1993 Sili, DNH. But due to inadvertence the above said death was not registered in the records of Registrar of Deaths & Deaths, Kilavani. Hence, the applicant has moved on application to pass an order to register death of Soniya Rewa Shingada. In case of any objection or complain in this regard a written objection shall be made in the office of the Executive Magistrate, Silvassa, within 30 days of the publication of this notice and if no such objection is received, the Executive Magistrate, Silvassa will pass necessary order accordingly.

Sd/-
RTS-II

દિલ્હીમાં પંચાયતી રાજમંત્રાલય દ્વારા

કચીગામના મહિલા સરપંચનું ઉત્સુક કાર્યને લઈ સન્માન કરાયું

દમણ, તા.૧૧ : બુધવારે નવી દિલ્હીમાં પંચાયતી રાજ મંત્રાલય દ્વારા પંચાયતોના ચૂંટાયેલા મહિલા પ્રતિનિધિઓનું એક દિવસીય રાષ્ટ્રીય પરિષદનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પરિષદમાં, દમણના કચ્છીગ્રામના સરપંચ ફાલ્ગુની પટેલને તેમના ઉત્કૃષ્ટ કાર્ય માટે કેન્દ્રીય પંચાયતી રાજ મંત્રી રાજીવ રંજન સિંહ (લલન સિંહ) દ્વારા એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા હતાં.

આ પરિષદમાં પંચાયતી રાજ મંત્રાલયના સચિવ વિવેક ભારદ્વાજ, મંત્રાલયના વરિષ્ઠ અધિકારીઓ, વિવિધ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના ચૂંટાયેલા મહિલા પ્રતિનિધિઓ અને સંયુક્ત રાષ્ટ્ર એજન્સીઓના પ્રતિનિધિઓ સહિત આશરે ૭૦૦ સહભાગીઓએ હાજરી આપી હતી. આ કાર્યક્રમમાં કેન્દ્રીય પંચાયતી રાજ મંત્રી રાજીવ રંજન સિંહ (લલન સિંહ) અને કેન્દ્રીય મહિલા અને બાળ વિકાસ મંત્રી અન્નપૂર્ણા દેવી સહિત અનેક અધિકારીઓ હાજર રહ્યા હતાં.

આ કાર્યક્રમ દરમિયાન રાજ્ય અને કેન્દ્રશાસિત પ્રદેશ સરકારો દ્વારા પસંદ કરાયેલી પંચાયતોના ઉત્કૃષ્ટ મહિલા પ્રતિનિધિઓનું સન્માન કરવામાં આવ્યું હતું. મહિલા-મૈત્રીપૂર્ણ ગ્રામ પંચાયતો તરફથી પરિવર્તનની શ્રેષ્ઠ પ્રથાઓ અને પ્રેરણાદાયી વાર્તાઓ વિડિઓ દ્વારા રજૂ કરવામાં આવી હતી.

દાદરા અને નગર હવેલી અને દમણ-દીવના કાચીગ્રામના સરપંચ ફાલ્ગુની પટેલને તેમના ઉત્કૃષ્ટ કાર્ય માટે સન્માનિત કરવામાં આવ્યા હતા. તેમણે ગામમાં મહિલા સશક્તિકરણને પ્રોત્સાહન આપ્યું છે અને ઘણી મહિલાઓને આત્મનિર્ભર બનાવવા માટે કામ કર્યું છે, જેની પંચાયતી રાજ મંત્રાલય દ્વારા પ્રશંસા કરવામાં આવી હતી. આ પ્રસંગે સરપંચ ફાલ્ગુની પટેલે જણાવ્યું હતું કે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી મહિલાઓને આગળ વધારવા માટે અનેક યોજનાઓ અમલમાં મૂકી રહ્યા છે. અને દાદરા અને નગર હવેલી અને દમણ-દીવના પ્રશાસક પ્રફુલ્લ પટેલના માર્ગદર્શન હેઠળ, ગ્રામ પંચાયતમાં મહિલાઓને કામ કરવાની નવી ઉર્જા અને શક્તિ મળી છે.

મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટ વલસાડ (ગ્રામ્ય)ની કોર્ટમાં

જ.મ.પ.અ.નં.૧૧૨૮/૨૦૨૬

અરજદાર : ઢેડકીબેન ઉર્ફે કાશીબેન રવજીભાઈ પટેલ,
રહે. ડુંગરી ફળિયા, ડુંગરી (આ.એસ.) ડુંગરી, તા.જી.વલસાડ
વિરુધ્ધ
સામાવાળા : તલાટી કમ મંત્રીશ્રી,
ગ્રામ પંચાયત કચેરી, ડુંગરી, તા.જી.વલસાડ

જન્મ-મરણ અધિનિયમ - ૧૯૬૯ ની કલમ -૧૩ (૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારે જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી **ઢેડકીબેન ઉર્ફે કાશીબેન રવજીભાઈ પટેલ,** રહે.ડુંગર ફળિયા, ડુંગરી (આ.એસ.) ડુંગરી તા.જી.વલસાડએ તેમના માતા **મંછીબેન ગોનીયાભાઈ પટેલનું** મરણ તા.૨૬-૦૧-૧૯૭૮ના રોજ મોજે. ડુંગરી, તા.જી.વલસાડ મુકામે થયેલ છે. તેમના મરણની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોય ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલ છે. જેથી અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. સદર મરણની નોંધણી બાબતે કોઈને વાંધો યા તકરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદરહુ જાહેરાત પ્રસિધ્ધ થયાની તારીખથી ૩૦ દિવસની અંદર મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટ વલસાડ (ગ્રામ્ય), તા.જી.વલસાડની કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જો વાંધો નહી આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૧૦/૦૩/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

નં.એડીએમ/મરણ/રજી.નં.૧૧૨૮/૨૦૨૫
મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટ
વલસાડ (ગ્રામ્ય)ની કચેરી,
નીરા કેન્દ્રની બાજુમાં, ધરમપુર રોડ, તા.જી.વલસાડ

કોર્ટનો સિક્કો

સહિ/-
કાર્યપાલક મેજીસ્ટ્રેટ
વલસાડ (ગ્રામ્ય)

એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદારની કચેરી, ધરમપુર
તાલુકા સેવા સદન, પ્રથમ માળ તા.ધરમપુર જિ.વલસાડ
સંપર્ક નંબર:૦૨૬૩૩-૨૪૨૦૨૪ mam-dharampur@gujarat.gov.in

નં.એમએજી./મરણ/રજી નં.૪૩/૨૦૨૬ તા.૦૯/૦૩/૨૦૨૬

જાહેર નોટીસ

વાદી:- સુરેશભાઈ વેસ્તાભાઈ આહિર, રહે.કાનુરબરડા ફ., વલસાડ રોડ, તા.ધરમપુર જી.વલસાડ
વિરૂધ્ધ
પ્રતિવાદી:- જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી અને ચીફ ઓફિસરશ્રી ધરમપુર નગરપાલિકા,
વિષય:- જન્મ-મરણની નોંધણી અધિનિયમની કલમ-૧૩ (૩) મુજબ જન્મ/મરણની નોંધ ધરાવવા બાબત.

આથી આ જાહેર નોટીસથી લાગતાં-વળતાં તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે સદર અરજીમાં અરજદારશ્રી **સુરેશભાઈ વેસ્તાભાઈ આહિરના દાદી, ગંગાબેન ભુલાભાઈ આહિરનું** અવસાન તા.૦૧/૦૪/૧૯૭૭નાં રોજ ધરમપુર ખાતે થયેલ છે. અને તેઓના અવસાનની નોંધણી જે-તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલી છે. તેની નોંધણી કરાવવા અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. તો સદર અવસાનની નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઈ પણ ઈસમને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦માં વાંધો રજૂ કરવો. જો વાંધો નહી આવે તો વાંધો નથી. તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતાં-વળગતાં ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૦૯/૦૩/૨૦૨૬ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો

સહી/-
એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
ધરમપુર

એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદારની કચેરી, ધરમપુર
તાલુકા સેવા સદન, પ્રથમ માળ તા.ધરમપુર જિ.વલસાડ
સંપર્ક નંબર:૦૨૬૩૩-૨૪૨૦૨૪ mam-dharampur@gujarat.gov.in

નં.એમએજી./મરણ/રજી નં.૧૫/૨૦૨૬ તા.૦૯/૦૩/૨૦૨૬

જાહેર નોટીસ

વાદી:- રમેશભાઈ બાબરભાઈ આહિર, રહે. બારસોળ, નિશાળ ફ.તા.ધરમપુર જી.વલસાડ
વિરૂધ્ધ
પ્રતિવાદી:- જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી અને તલાટી કમ મંત્રીશ્રી બારસોળ,
વિષય:- જન્મ-મરણની નોંધણી અધિનિયમની કલમ-૧૩ (૩) મુજબ જન્મ/મરણની નોંધ ધરાવવા બાબત.

આથી આ જાહેર નોટીસથી લાગતાં-વળતાં તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે સદર અરજીમાં અરજદારશ્રી **રમેશભાઈ બાબરભાઈ આહિરના માતા સોમીબેન બાબરભાઈ આહિરનું** અવસાન તા.૧૯/૧૦/૧૯૯૯નાં રોજ બારસોળ ખાતે થયેલ છે. અને તેઓના અવસાનની નોંધણી જે-તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલી છે. તેની નોંધણી કરાવવા અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. તો સદર અવસાનની નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઈ પણ ઈસમને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦માં વાંધો રજૂ કરવો. જો વાંધો નહી આવે તો વાંધો નથી. તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતાં-વળગતાં ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૦૯/૦૩/૨૦૨૬ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો

સહી/-
એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
ધરમપુર

એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદારની કચેરી, ધરમપુર
તાલુકા સેવા સદન, પ્રથમ માળ તા.ધરમપુર જિ.વલસાડ
સંપર્ક નંબર:૦૨૬૩૩-૨૪૨૦૨૪ mam-dharampur@gujarat.gov.in

નં.એમએજી./મરણ/રજી નં.૧૪/૨૦૨૬ તા.૦૯/૦૩/૨૦૨૬

જાહેર નોટીસ

વાદી:- રમેશભાઈ બાબરભાઈ આહિર રહે.બારસોળ, નિશાળ ફ.તા.ધરમપુર જી.વલસાડ
વિરૂધ્ધ
પ્રતિવાદી:- જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી અને તલાટી કમ મંત્રીશ્રી, બારસોળ
વિષય:- જન્મ-મરણની નોંધણી અધિનિયમની કલમ-૧૩ (૩) મુજબ જન્મ/મરણની નોંધ ધરાવવા બાબત.

આથી આ જાહેર નોટીસથી લાગતાં-વળતાં તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે સદર અરજીમાં અરજદારશ્રી **રમેશભાઈ બાબરભાઈ આહિરના ભાઈ, દિનેશભાઈ બાબરભાઈ આહિરનું** અવસાન તા.૧૮/૧૨/૨૦૦૪નાં રોજ બારસોળ ખાતે થયેલ છે. અને તેઓના અવસાનની નોંધણી જે-તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલી છે. તેની નોંધણી કરાવવા અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. તો સદર અવસાનની નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઈ પણ ઈસમને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦માં વાંધો રજૂ કરવો. જો વાંધો નહી આવે તો વાંધો નથી. તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતાં-વળગતાં ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૦૯/૦૩/૨૦૨૬ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો

સહી/-
એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
ધરમપુર

શ્રી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ, પારડી
નેશનલ હાઈવે નં.૪૮, કિલ્લા પારડી જી.વલસાડ

ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ પારડીના મુખ્યયાર્ડ પારડી, મોટા વાઘછીપા, રોહિણા, તથા વાપી સબયાર્ડમાં દુકાન તથા ગોડાઉન પાઘડીથી આપવાના છે. આ અંગે વિગત બજાર સમિતિની ઓફિસની મેળવી અરજી કરવી. ફક્ત ખેતી વિષયક પ્રવૃતિના હેતુ માટે જ ફાળવવામાં આવશે.

વધુમાં દુકાન કે ગોડાઉન ફાળવવામાં અંગે અંતિમ નિર્ણય વ્યા. કમિટિનો રહેશે.

લિ.જયવદન એમ. પટેલ
સેક્રેટરી

શ્રી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ, પારડી
નેશનલ હાઈવે નં.૪૮, કિલ્લા પારડી જી.વલસાડ

અમારી બજાર સમિતિમાં હિસાબ કાર્યવાહી માટે કલાર્કની હંગામી (પાર્ટ ટાઈમ) ધોરણે ભરતી કરવાની છે. કોમ્પુટર તથા હિસાબી જાણકાર ઈસમે વિગતવાર દિન ૭માં કરવાની રહેશે.

લિ.જયવદન એમ. પટેલ
સેક્રેટરી

પ્રાંત અધિકારી અને સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટની કચેરી, ચીખલી
તાલુકા સેવા સદન, બીજો માળ, ચીખલી ફો.નં.૦૨૬૩૪-૨૩૩૫૪૪
ઈ-મેઈલ - pochikhli2011@gmail.com

નં.એમએજી/જ.મ.પ્ર./રજી.નં.૯૧/૨૦૨૬
સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ ચીખલી કચેરી
તાલુકા સેવા સદન, બીજો માળ, ચીખલી
જી.નવસારી, તા.૧૦/૦૨/૨૦૨૬

વાદી : શ્રી નરેશકુમાર ડાહ્યાભાઈ રાજપુત,
રહે. ધોબીવાડ, ચીખલી, તા.ચીખલી, જી.નવસારી
વિરુધ્ધ
સામાવાળા : તલાટી કમ મંત્રીશ્રી, ચીખલી, તા.ચીખલી, જીલ્લો નવસારી

જન્મ-મરણ અધિનિયમ - ૧૯૬૯ની કલમ -૧૩ (૩) અન્વયે જન્મ/મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, વાદીએ જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી **નરેશકુમાર ડાહ્યાભાઈ રાજપુત,** રહે. ધોબીવાડ, ચીખલી, તા.ચીખલી, જી.નવસારીનાઓએ તેઓના ફોઈ **સ્વ. કેશરબેન દાજીભાઈ રાજપુતનું** મરણ તા.૦૫/૦૭/૧૯૯૦ના રોજ મોજે. ચીખલી, તા. ચીખલી, જી.નવસારી ખાતે થયેલ અને તેમના મરણની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભૂલ અને શરતચુકથી કરાવવાની રહી ગયેલી છે. જેથી અત્રેની કોર્ટમાં અરજ દાખલ કરેલ છે. સદર મરણની નોંધણી બાબતે કોઈને વાંધો યા તકરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદરહુ જાહેરાત પ્રસિધ્ધિની તારીખથી ૩૦ દિવસની અંદર સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ અને પ્રાંત અધિકારી ચીખલી, પ્રાંત કચેરી ચીખલી, જી.નવસારીની કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જેની લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

કોર્ટનો સિક્કો

સહિ/-
(મિતેશ પટેલ)
સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ
ચીખલી

જાહેર નોટીસ
એન.ઝેડ. ચૌરા એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ, નાનાપોંઢાની કોર્ટમાં, મુ. નાનાપોંઢા

જન્મ-મરણ કેસ નં.૯૬/૨૦૨૫

અરજદાર : અંબાબેન રામુભાઈ પટેલ
ઝરી ફળિયા, મોટાપોંઢા, તા.નાનાપોંઢા, જી.વલસાડ
વિરુધ્ધ
સામાવાળા : જન્મ-મરણ નોંધણી અધિકારી અને
તલાટી કમ મંત્રીશ્રી, મોટાપોંઢા, તા.નાનાપોંઢા, જી.વલસાડ

જન્મ-મરણ અધિનિયમ - ૧૯૬૯ની કલમ -૧૩(૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ

આથી જાહેર જનતાને જાહેર નોટીસ આપી જણાવવામાં આવે છે કે, ઉપરોક્ત નંબરના કેસમાં **મંગુબેન રમણભાઈ પટેલનું** મરણ તા.૧૨/૦૪/૨૦૧૩ના રોજ મોજે મોટાપોંઢા, તા.નાનાપોંઢા, જી.વલસાડ ખાતે થયેલ હોવાનું અરજદારશ્રીએ એકરાર કરેલ છે.

પરંતુ તેમના મરણની નોંધ શરતચુકથી ગ્રામ પંચાયત મોટાપોંઢાના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ છે. તે અંગેની નોંધ કરાવવા માટે ત.ક. મંત્રીશ્રી ગ્રામપંચાયત મોટાપોંઢાને હુકમ કરવા ઉપરોક્ત કેસમાં અરજ ગુજારેલ છે. સદરહું અરજી સામે કોઈને વાંધો હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦માં અત્રેની કોર્ટમાં અથવા ગ્રામપંચાયત કચેરી મોટાપોંઢા ખાતે લેખિત વાંધાઓ રજુ કરવા જો તેમ કરવામાં નહીં આવશે તો નામદાર કોર્ટ કાયદેસરનો યોગ્ય હુકમ કરશે.

આજ રોજ તા.૨૪/૧૨/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો

હુકમથી
સહિ/-
(એન.ઝેડ. ચૌરા)
એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ, નાનાપોંઢા
તા.નાનાપોંઢા, જી.વલસાડ

પ્રાંત અધિકારી અને સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટની કચેરી, ચીખલી
તાલુકા સેવા સદન, બીજો માળ, ચીખલી ફો.નં.૦૨૬૩૪-૨૩૩૫૪૪
ઈ-મેઈલ - pochikhli2011@gmail.com

નં.એમએજી/જ.મ.પ્ર./રજી.નં.૧૩૬/૨૦૨૬
સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ ચીખલી કચેરી
તાલુકા સેવા સદન, બીજો માળ, ચીખલી
જી.નવસારી, તા.૨૬/૦૨/૨૦૨૬

વાદી : શ્રી મનિષાબેન તે સતીષભાઈ પટેલની વિધવા પત્ની,
રહે. રાનવેરીકલ્લા, ગણેશ ફળિયા, તા.ચીખલી, જી.નવસારી
વિરુધ્ધ
સામાવાળા : તલાટી કમ મંત્રીશ્રી, ચીખલી, તા.ચીખલી, જીલ્લો નવસારી

જન્મ-મરણ અધિનિયમ - ૧૯૬૯ની કલમ -૧૩ (૩) અન્વયે જન્મ/મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, વાદીએ જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી **મનિષાબેન તે સતીષભાઈ પટેલની વિધવા પત્ની,** રહે. રાનવેરીકલ્લા, ગણેશ ફળિયા, તા.ચીખલી, જી.નવસારીનાઓએ તેઓના સસરા **સ્વ. છગનભાઈ છાંયલાભાઈ પટેલનું** મરણ તા.૧૫/૦૬/૧૯૯૦ના રોજ મોજે. રાનવેરીકલ્લા, તા. ચીખલી, જી.નવસારી ખાતે થયેલ અને તેમના મરણની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભૂલ અને શરતચુકથી કરાવવાની રહી ગયેલી છે. જેથી અત્રેની કોર્ટમાં અરજ દાખલ કરેલ છે. સદર મરણની નોંધણી બાબતે કોઈને વાંધો યા તકરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદરહુ જાહેરાત પ્રસિધ્ધિની તારીખથી ૩૦ દિવસની અંદર સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ અને પ્રાંત અધિકારી ચીખલી, પ્રાંત કચેરી ચીખલી, જી.નવસારીની કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જેની લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

કોર્ટનો સિક્કો

સહિ/-
(મિતેશ પટેલ)
સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ
ચીખલી

મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટ વલસાડ (ગ્રામ્ય)ની કોર્ટમાં

જ.મ.પ.અ.નં.૭૧૦/૨૦૨૫

અરજદાર : જયસીંગભાઈ વલ્લભભાઈ પટેલ,
રહે. વેલવાચ, નિશાળ ફળિયા, તા.જી.વલસાડ
વિરુધ્ધ
સામાવાળા : તલાટી કમ મંત્રીશ્રી,
ગ્રામ પંચાયત કચેરી, વેલવાચ, તા.જી. વલસાડ

જન્મ-મરણ અધિનિયમ - ૧૯૬૯ ની કલમ -૧૩ (૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારે જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી **જયસીંગભાઈ વલ્લભભાઈ પટેલ,** રહે.વેલવાચ, નિશાળ ફળિયા, તા.જી.વલસાડએ તેમના દાદી **મંછીબેન દેવાભાઈ પટેલનું** મરણ તા.૦૪-૧૦-૧૯૯૦ના રોજ મોજે. વેલવાચ, તા.જી.વલસાડ મુકામે થયેલ છે. તેમના મરણની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોય ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલ છે. જેથી અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. સદર મરણની નોંધણી બાબતે કોઈને વાંધો યા તકરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદરહુ જાહેરાત પ્રસિધ્ધ થયાની તારીખથી ૩૦ દિવસની અંદર મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટ વલસાડ (ગ્રામ્ય), તા.જી.વલસાડની કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જો વાંધો નહી આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૨૪/૦૨/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

નં.એડીએમ/મરણ/રજી.નં.૭૧૦/૨૦૨૫
મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટ
વલસાડ (ગ્રામ્ય)ની કચેરી,
નીરા કેન્દ્રની બાજુમાં, ધરમપુર રોડ, તા.જી.વલસાડ

કોર્ટનો સિક્કો

સહિ/-
કાર્યપાલક મેજીસ્ટ્રેટ
વલસાડ (ગ્રામ્ય)

જાહેર નોટીસ

અપર જિલ્હાધિકારી પાલઘર યાંચે કાર્યાલય

ક્ર. આરટીએસ/અપીલ નં. 223/2025
અપર જિલ્હાધિકારી પાલઘર,
મુખ્યાલય જવ્હાર યાંચે કાર્યાલય,
ઈંડિયન ગેટ હાઉસ, જવ્હાર
શાસકીય વિશ્રામગૃહસમોર,
નાશિક-દહાણૂ રોડ, જવ્હાર,
જિ. પાલઘર, પિન નં. 401 603.

1. શ્રીમતી પ્રેમી ભુલાભાઈ કોળી ઉર્ફ પટેલ (મયત તર્ફ વારસ)
   1.1) શ્રી. બાબુ ભુલાભાઈ કોળી ઉર્ફ પટેલ,
2. શ્રી. નારાયણભાઈ ભુલાભાઈ પટેલ (મયત) તર્ફ વારસ
   2.1) શ્રીમતી જશુબેન નારાયણભાઈ પટેલ,
   2.2) શ્રી. વિમલ નારાયણ પટેલ,
   2.3) શ્રીમતી ધર્મિષ્ઠા ઉમેશ પટેલ,
   2.4) શ્રીમતી કમુબેન ચિમનભાઈ પટેલ
   2.5) શ્રીમતી મધુબેન ઈશ્વરભાઈ પટેલ
   2.6) શ્રીમતી સવિતા ભુલાભાઈ પટેલ
   અ.ક્ર. 2.1 તે 2.6 રા. કોળીવાડા, ખારીવાડ, નાની દમન, દમન-396 210.

વિરુદ્ધ

.....**સામનેવાલે**

1. શ્રી. નિલેશસિંહ પ્રતાપસિંહ સોલંકી,
રા. સિલ્વાસા, દમન વ દાદરા નગર હવેલી.
2. શ્રીમતી પ્રેમીબાઈ ભુલાભાઈ કોળી ઉર્ફ પટેલ (મયત તર્ફ વારસ)
   2.1) શ્રી. કેશવ ભુલાભાઈ કોળી ઉર્ફ પટેલ (મયત) તર્ફ વારસ,
   2.1.1) શ્રી. સંજય કેશવ પટેલ,
   રા. ખારીવાડ, નાની દમન, દમન-392 210.
   2.1.2) શ્રીમતી નિરૂ કેશવ પટેલ,
   2.1.3) શ્રીમતી મનીષા દિલીપ પટેલ,
   2.1.4) શ્રીમતી ભાવના ધનસુખ પટેલ
   અ.ક્ર. 2.1.2 તે 2.1.4 રા. 101/1, કુમ્ભાર ફળિયા, દમણ, નાની દમન, દમન 396 210.
   2.2) શ્રી. રમેશ ભુલાભાઈ કોળી ઉર્ફ પટેલ,
   2.3) શ્રી. કાંતીભાઈ ભુલાભાઈ કોળી ઉર્ફ પટેલ (મયત)
   તર્ફ વારસ
   2.3.1) શ્રીમતી રેખાબેન કાંતીભાઈ પટેલ,
   2.3.2) શ્રી. જિનેશ કાંતીભાઈ પટેલ,
   2.3.3) શ્રી. નેમલમલ કાંતીભાઈ પટેલ,
   2.3.4) શ્રીમતી મિતાલી કેતન પટેલ,
   અ. ક્ર. 2.3.1 તે 2.3.4 રા.15/192, ખારીવાડ, નાની દમન, દમન 396 210.

વાદ મિળ્કતીચે વર્ણન

ગાવાચે નાવ	સ.નં./ગ.ક્ર	ક્ષેત્ર (હે.આર.)	આકાર (રુ.પૈ)
મૌજે-અચ્છાડ, તા. તલાસરી, જિ. પાલઘર	1/5ક	0-48-10	3-55
	1/2	0-02-00	0-02
	1/3	0-04-00	0-03
	1/4	0-04-00	0-03
	1/6	0-15-0	0-09
	1/7	0-16-10	0-11
	1/8	0-03-00	0-02
	4/1/ડ	2-30-40	0-75

યા જાહીર નોટીસીદ્વારે કળવિણ્યાત યેતે કી, મૌજે-અચ્છાડ, તા. તલાસરી, જિ. પાલઘર યેથીલ ઉપરોક્ત વર્ણનાચ્યા મિળ્કતીબાબત સહાય્યક જિલ્હાધિકારી ડહાણૂ યાંચેકડીલ આદેશ ક્ર. ડીપી/આર.ટી.એસ./અપીલ ક્ર. 30/2024, દિનાંક 11/03/2024 રોજી યે નિર્ણયાવિરુદ્ધ મહારાષ્ટ્ર જમીન મહસૂલ અધિનિયમ 1966 ચે

Thursday 12, March 2026

દમણગંગા ટાઈમ્સ

વાપી મનપાનું લાખેણું લખમદેવ તળાવ ખંડેર બની ગયું

નાગરીકો માટે જોગીંગ ટ્રેક, સાયકલીંગ ટ્રેક, બેટરી કાર, બોટીંગ, ચીલ્ડ્રન્સ પ્લે એરિયા, સીનીયર સીટીઝન પાર્ક અને લેન્ડસ્કેપ ગાર્ડન જેવી સુવિધાઓ શરુ કરાઈ હતી પરંતુ એમાંથી આજે એકપણ સુવિધા કાર્યરત નથી!

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
મનોજ ભંડારી દ્વારા

વાપી, તા. ૧૧ : વાપી મહાનગરપાલિકાનું કરોડો રૂપિયાના ખર્ચે રીનોવેશન કરાયેલ લખમદેવ તળાવ માં મનોરંજન ની સામગ્રી તથા સ્ટોલ અને ગાર્ડન ખંડેર હાલતમાં હોય મુલાકાતિઓની સંખ્યા નહિવત પરંતુ માત્ર જુગારીયા અને નસેડીઓનું ધામ બની જવા પામ્યું છે.

પ્રાપ્ત વિગત મુજબ વાપી નગરપાલિકા દ્વારા વર્ષ ૨૦૧૫ ૧૬ માં સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત મોડેલ ટાઉન યોજના તેમજ UDP-78 હેઠળની ગ્રાંટમાંથી નગરપાલિકા વિસ્તારમાં આવેલ વોર્ડ નં. ૧૦ માં આવેલ રે. સ.નં. ૧૦૭ વાળા લખમદેવ તળાવનો અંદાજે રૂ. ૪૨૫.૦૦ લાખના ખર્ચે વિકાસ કરવાનું કામ સને ૨૦૧૬-૨૦૧૭ માં પૂર્ણ કરવાનું આયોજન કરેલ છે. તથા જાહેર નાગરીકો માટે જોગીંગ ટ્રેક, સાયકલીંગ ટ્રેક, બેટરી કાર, બોટીંગ, ચીલ્ડ્રન્સ પ્લે એરિયા, સીનીયર સીટીઝન પાર્ક અને લેન્ડસ્કેપ ગાર્ડન જેવી સુવિધાઓ પુરી સાથે તત્કાલીન મુખ્યમંત્રી આનંદીબેન પટેલના હસ્તે લોકાર્પણ કરવામાં આવ્યું હતું આ લખમ દેવ તળાવ ગાર્ડનમાં રોજના હજારોની સંખ્યામાં લોકો મુલાકાત લેતા હતા પરંતુ ત્યારબાદ વાપી નગરપાલિકામાં આ તળાવની માવજાત માટે ધ્યાન નહીં આપવામાં આવતા અને કોરોના દરમિયાન એક ખાનગી એજન્સીને તળાવ ડેવલોપિંગ અને તેની જાળવણી માટેની કામગીરી વાર્ષિક ધોરણે સોંપવામાં આવી હતી પરંતુ તે સાવ નિષ્ફળ જતા આજે વાપી મહાનગરપાલિકાનું લખમદેવ તળાવ ખંડેર હાલતમાં બન્યું છે. અહીં તળાવમાં બોટીંગ કે અન્ય કોઈ એક્ટિવિટી જોવા મળતી નથી અને બોટ ગાર્ડનમાં ખંડેર હાલતમાં તૂટેલી ફૂટેલી જોવા મળે છે સાથે ત્યારબાદ ફરીથી ગાર્ડનને ડેવલપિંગ કરવા માટે કરોડો રૂપિયાના ખર્ચે ૧૦ થી વધુ સ્ટોલ અને પ્રીવેડિંગ તેમજ સેલ્ફી પોઈન્ટ બનાવાયા જે પણ આકર્ષણનું કેન્દ્ર હતા આજે આ લખમદેવ ગાર્ડન તળાવમાં મોટાભાગના ફૂલ ઝાડ તેમજ કેટલાક ઝાડ સુકાઈ જવા પામ્યા છે અને સિનિયર સિટીઝન માટેનું એરીયા તથા ચિલ્ડ્રન એરીયાની હાલત ખૂબ જ ખરાબ થઈ જવા પામી છે અહીં તમામ સાધનો તૂટેલી હાલતમાં અને પે ન્યુઝ શૌચાલય પણ ખૂબ જ ખરાબ થઈ જવા પામ્યા છે. જોકે મોર્નિંગ વોક માટે આવતા લોકો ને આ ગાર્ડનમાં વસી ગયેલા ઝેરી સાપ નો ડર પણ રહેલો છે. આ અંગે તાત્કાલિક વાપી મહાનગરપાલિકાના વહીવટી તંત્ર દ્વારા ગાર્ડનમાં સાફ-સફાઈ તેમજ કેટલીક જરૂરી કામગીરીઓ યુદ્ધના ધોરણે કરાવે અને ગાર્ડનને ફરીથી લોક ઉપયોગી માટે ખુલ્લો મુકાઈ તે જરૂરી છે.

દમણમાં ઘર વેરા માટે પાલિકાની કડક કાર્યવાહી

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

દમણ, તા. ૧૧ : મ્યુનિસિપલ કોર્પોરેશને મ્યુનિસિપલ વિસ્તારમાં લાંબા સમયથી હાઉસ ટેક્સ ન ભરનારાઓ સામે કડક ઝુંબેશ શરૂ કરી છે. બાકી ટેક્સ વસૂલવા માટે, મ્યુનિસિપલ કોર્પોરેશનની ટીમ, સુપરવાઈઝર સાથે, વિસ્તારમાં છે અને ઘરો અને વાણિજ્યિક મિલકતો સીલ કરી રહી છે.

મ્યુનિસિપલ કોર્પોરેશન વહીવટીતંત્રના જણાવ્યા અનુસાર, છેલ્લા ત્રણ વર્ષથી હાઉસ ટેક્સ ન ભરનારા મિલકત માલિકો સામે પ્રથમ તબક્કામાં કાર્યવાહી કરવામાં આવી રહી છે. પહેલા વાણિજ્યિક મિલકતો સીલ કરવામાં આવી રહી છે, ત્યારબાદ બીજા તબક્કામાં રહેણાંક મકાનો.

મ્યુનિસિપલ કોર્પોરેશનના ડેટા અનુસાર, દમણ મ્યુનિસિપલ કોર્પોરેશન વિસ્તારમાં કુલ આશરે ૨૦,૮૦૦ મિલકતો નોંધાયેલી છે, જેમાંથી આશરે ૭,૦૦૦ મિલકતો પર હાઉસ ટેક્સ બાકી છે. આ મિલકત માલિકોને ત્રણ નોટિસ જારી કરવામાં આવી છે, પરંતુ કર ચૂકવવામાં આવ્યો નથી.

હાલમાં, મ્યુનિસિપલ કોર્પોરેશન વિસ્તારમાં હાઉસ ટેક્સ બાકીદારો ૪ કરોડથી વધુ હોવાનો અંદાજ છે. વહીવટીતંત્રનું કહેવું છે કે બાકી ટેક્સ વસૂલવા માટે આવી જ કડક કાર્યવાહી ચાલુ રહેશે.

મ્યુનિસિપલ કર્મચારીઓ એક્ટિવા પર સવારી કરી રહ્યા છે

દમણ મ્યુનિસિપલ કર્મચારીઓ સીલિંગ કામગીરી કરવા માટે વિવિધ વિસ્તારોમાં પ્રવાસ કરી રહ્યા છે. તેઓ કાળઝાળ ગરમીમાં ટુ-વ્હીલર પર મુસાફરી કરી રહ્યા છે. સીલિંગ કામગીરી દરમિયાન સત્તાવાર વાતાવરણ જાળવવા અને કર્મચારીઓને ગરમીથી બચાવવા માટે નગરપાલિકાએ તેમના માટે વાહનોની વ્યવસ્થા કરવી જોઈએ.

દાનહમાં 'જળ રક્ષક' હેઠળ વિવિધ કાર્યક્રમો યોજાયા

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

સેલવાસ, તા. ૧૧ : દાદરા અને નગર હવેલી જિલ્લાની તમામ ગ્રામ પંચાયતોની તમામ શાળાઓમાં વિકાસિત ભારત થીમ હેઠળ જળ રક્ષક થીમ હેઠળ ચિત્રકામ અને નિબંધ લેખન કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ સાથે, ગ્રામ પંચાયતો રાંધા, મસાટ, રાખોલી, દપાડા, આંબોલી અને સુરંગીમાં એક ખાસ સ્વચ્છતા અભિયાન પણ હાથ ધરવામાં આવ્યું હતું.

આ ઉપરાંત, રાંધા, મસત, રાખોલી, દપાડા, આંબોલી અને સુરંગી ગ્રામ પંચાયતોમાં પણ ખાસ સ્વચ્છતા અભિયાન ચલાવવામાં આવ્યું હતું, જેમાં જનપ્રતિનિધિઓ, અધિકારીઓ, કર્મચારીઓ અને સ્થાનિક ગ્રામજનોએ સક્રિયપણે ભાગ લીધો હતો. આ અભિયાન દરમિયાન, જાહેર સ્થળો, રસ્તાઓ, નદીઓ અને આસપાસના વિસ્તારોની સફાઈ કરીને સ્વચ્છતાનો સંદેશ ફેલાવવામાં આવ્યો હતો.

દમણમાં ઉદ્યોગોએ ફરજીયાત વરસાદી પાણીનો સંગ્રહ કરવો પડશે

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

દમણ, તા. ૧૧ : પાણી સંરક્ષણ અને ભૂગર્ભ જળ સંસાધનોના ટકાઉ ઉપયોગ માટે દમણ જિલ્લા પ્રશાસન દ્વારા મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. જિલ્લા કલેક્ટર અને જિલ્લા દંડાધિકારીએ દમણમાં કાર્યરત ઉદ્યોગો માટે વરસાદી પાણી સંચય (Rainwater Harvesting) ફરજિયાત કરવાનો આદેશ જાહેર કર્યો છે.આ આદેશ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા (BNSS), પર્યાવરણ સંરક્ષણ અધિનિયમ-૧૯૮૬ અને પાણી (પ્રદૂષણ નિવારણ અને નિયંત્રણ) અધિનિયમ-૧૯૭૪ સહિતના કાયદાઓ હેઠળ જાહેર કરવામાં આવ્યો છે. આ નિર્ણયનો મુખ્ય ઉદ્દેશ ભૂગર્ભ જળના અતિશય ઉપયોગને નિયંત્રિત કરીને પાણીના સ્તરને જાળવી રાખવાનો છે. તેમાં છત પરી વરસાદી પાણી એકત્ર કરવાની વ્યવસ્થા, ફિલ્ટરેશન સિસ્ટમ, પરકોલેશન પિટ અને રિચાર્જ વેલનો સમાવેશ કરવો પડશે. આ તમામ વ્યવસ્થાઓ જાહેર કામ વિભાગ (PWD) અને સેન્ટ્રલ ગ્રાઉન્ડ વોટર બોર્ડના માર્ગદર્શિકા મુજબ બનાવવી ફરજિયાત રહેશે.

ઉદ્યોગોને આ કામગીરી પૂર્ણ થયા બાદ નિયુક્ત અનુપાલન સમિતિને પાલન અહેવાલ રજૂ કરવો પડશે. ઉપરાંત, તમામ ઉદ્યોગોને પાણી બચત કરતી આધુનિક ટેકનોલોજી અપનાવવા પણ સૂચના આપવામાં આવી છે જેથી ભૂગર્ભ જળ પરનો આધાર ઘટાડવામાં આવી શકે. જિલ્લા પ્રશાસનના જણાવ્યા મુજબ ભૂગર્ભ જળ પીવાનું પાણી, કૃષિ, પર્યાવરણનું સંતુલન અને જાહેર આરોગ્ય માટે અત્યંત મહત્વપૂર્ણ કુદરતી સંસાધન છે. તેથી વર્તમાન અને ભાવિ પેઢી માટે પાણીની સુરક્ષા જાળવવા આ પગલું લેવામાં આવ્યું છે. પ્રશાસન દ્વારા આ આદેશના કડક અમલ માટે નિયમિત દેખરેખ રાખવામાં આવશે તેવી માહિતી આપવામાં આવી છે.

વાપી સ્ટેશનનો વિકાસ કરો : ઉમેશ પટેલ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

દમણ, તા. ૧૧ : દમણ-દીવ લોકસભા મતવિસ્તારના સંસદ સભ્ય ઉમેશ પટેલે નવી દિલ્હીમાં રેલ્વે મંત્રી અશ્વિની વૈષ્ણવ સાથે મુલાકાત કરી અને પ્રદેશને લગતા રેલ્વે મુદ્દાઓ પર ચર્ચા કરી. તેમણે વધતા મુસાફરોના ટ્રાફિકને ધ્યાનમાં રાખીને વાપી રેલ્વે સ્ટેશનના વિકાસ અને મુસાફરોની સુવિધાઓ અંગે અનેક માંગણીઓ કરી.સાંસદે પશ્ચિમ રેલ્વેના મંતવ્યના આધારે વાપી સ્ટેશન પર ઘણી મહત્વપૂર્ણ મેલ અને એક્સ્પ્રેસ ટ્રેનો રોકવાની માંગ કરી હતી. તેમણે જણાવ્યું હતું કે આ ટ્રેનોથી દક્ષિણ ગુજરાત, દમણ અને દીવ અને દાદરા અને નગર હવેલીના લાખો મુસાફરોને સીધો ફાયદો થશે. સાંસદે વાપી સ્ટેશનથી VIP/MP ક્વોટા સેવાઓ શરૂ કરવાની પણ વિનંતી કરી. તેમણે ધ્યાન દોર્યું કે વાપી દક્ષિણ ગુજરાતનું એક મુખ્ય ઔદ્યોગિક રેલ્વે હબ છે, જે વલસાડ, દમણ અને સેલવાસ જેવા ઔદ્યોગિક વિસ્તારોને સેવા આપે છે અને મોટી સંખ્યામાં નિયમિત મુસાફરોને આકર્ષે છે.

નાની તંબાડીમાં ગેસ ગળતર અંગે ઓફસાઈટ મોકડ્રીલ યોજાઈ

(દમણગંગા ટાઈમ્સ)

વલસાડ, તા. ૧૧ : વલસાડ જિલ્લાના નાનાપોંઢાના નાની તંબાડી ખાતે ગેસ ઓથોરિટી ઓફ ઈન્ડિયા લિમિટેડના સ્ટેશન ખાતે ગેસ ઓથોરિટી ઓફ ઈન્ડિયા લિમિટેડ હજીરા દ્વારા નાની તંબાડી (એસવી-૧૨) ખાતે આવેલી દહેજ - ઉરાન નેચરલ ગેસ ૩૦ ક્રોસ કન્ટ્રી પાઈપલાઈન સિસ્ટમ પર લેવલ-III ઓફસાઈટ મોકડ્રીલ હાથ ધરવામાં આવી હતી. ગેસ પાઈપ લાઈનમાં ભંગાણ સર્જવાના કારણે ગેસ ગળતર થવાની શરૂઆત થઈ હતી અને આસપાસના વિસ્તારમાં ગેસ ફેલાવાની શરૂઆત થતા તેને નિયંત્રણમાં લેવા દોડધામ મચી ગઈ હતી. ગેસ ગળતર વધુ પ્રબળ બનતા લેવલ-૩ની ઈમરજન્સી જાહેર કરવામાં આવી હતી. આ મોકડ્રીલ કટોકટીની સજ્જતા ચકાસવા માટે હાથ ધરવામાં આવી હતી.

ગેલ ઈન્ડિયાની ફાયરની ટીમે વિવિધ ફાયર એક્સ્ટીંગ્યુશરનો ઉપયોગ કરીને ગેસ ફેલાતો રોકવા પ્રયત્નો કરાયા હતા અને ગળતર કાબુ બહાર નીકળતા અંતે જિલ્લા વહીવટીતંત્રને જાણ કરીને મદદ માંગવામાં આવી હતી. ફાયરની ટીમને મદદ કરવા વાપી નોટિફાઈડ એરિયા જીઆઈડીસી અને વાપી મહાનગરપાલિકાની ફાયરની ટીમ પણ ઘટનાસ્થળે આવી પહોંચી હતી. તમામ ટીમોએ સાથે મળી ગેસ ગળતર ઓછું કર્યું હતું. તથા અસરગ્રસ્તોને સારવાર માટે હોસ્પિટલ ખસેડવાની તજવીજ કરાઈ હતી. અંતે પુરતી સ્થળ તપાસ કરી ગેસ ગળતર સંપૂર્ણ બંધ થયું છે એવું ઘોષિત કર્યું હતું. મોકડ્રીલ સમયે ગેલ ડુંગરા પોલીસ ઈન્સપેક્ટર, ૧૦૮ વલસાડના મેનેજર, બીઆરસી નાનાપોંઢા, નાયબ નિયામક ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્ય કચેરી, વલસાડ, ઈંડિયા હજીરાના સીજીએમ (ઓ એમ) દેબાસિશ સેનગુપ્તા, ગુજરાત ગેસના સર્કલ હેડ, તલાટી કમ મંત્રી, ઓબ્ઝર્વર ટીમ અને ગેલ ઈન્ડિયાના સિનિયર મેનેજર અન્ય અધિકારી-કર્મચારી ઉપસ્થિત રહ્યા હતા.

મોકડ્રીલ બાદ ડી-બ્રિફિંગમાં મોકડ્રીલ સમયે કરવામાં આવેલી તાત્કાલિક કામગીરી અને નિર્ણયો વિશે પોતાના અભિપ્રાયો આપી જણાવીને સમગ્ર મોકડ્રીલમાં ભાગ લેનારી તમામ એજન્સી તથા વહીવટીતંત્રની ટીમને અભિનંદન આપ્યા હતા.

બરુમાળમાં જુગાર રમતાં ૩ ઝડપાયા

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

ધરમપુર, તા. ૧૧ : બરુમાળ ગામના ઉતારા ફળીયા વિસ્તારમાં રણજીતભાઈ ધર્માભાઈ ગાંવિતની આંબાવાડીમાં કેટલાક વ્યક્તિઓ દ્વારા વગર પાસ-પરમિટ ગેરકાયદેસર રીતે આંક ફરક વરલી મટકાનો હાર-જીતનો જુગાર રમાડવામાં આવતો હતો. જેના આધારે ધરમપુર પોલીસ દ્વારા કરાયેલ રેઈડ દરમ્યાન રણજીતભાઈ ધર્માભાઈ ગાંવિત (ઉ.વ.૪૦) રહે. બરુમાળ ઉતારા ફળીયા ધરમપુર ,કિશોરભાઈ રમજુભાઈ બારીયા (ઉ.વ.૪૨) રહે. બરમાળ બારીયા ફળીયા ધરમપુર, અરવિંદભાઈ રાયજુભાઈ પવાર (ઉ.વ.૫૦) રહે. આવધા, ચિચડા ફળીયા ધરમપુર ને ઝડપી પાડ્યા હતા. પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું હતું કે આરોપીઓ એકબીજાની મદદથી આંક ફરક વરલી મટકાનો જુગાર રમાડતા હતા.

પોલીસે સ્થળ પરથી જુગાર રમવામાં ઉપયોગમાં લેવાતા ત્રણ મોબાઈલ ફોન અંદાજિત કિંમત રૂપિયા ૧૫,૦૦૦ તથા આરોપીઓ પાસેથી મળેલ રૂ.૭,૮૯૦ રોકડ રકમ મળી કુલ રૂ.૨૨,૮૯૦ નો મુદ્દામાલ કબ્જે કર્યો હતો.આ મામલે ધરમપુર પોલીસ દ્વારા આરોપીઓ સામે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરવામાં આવી છે.

બીલીમોરા રેલવે સ્ટેશન નજીક ટ્રેનની અડફેટે આધેડનું કરુણ મોત

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

બીલીમોરા, તા. ૧૧ : બીલીમોરા રેલવે સ્ટેશનના પ્લેટફોર્મ નંબર ૨ પાસે મંગળવારે રાતના કરુણ અકસ્માત સર્જાયો હતો, જેમાં ટ્રેનની અડફેટે આવી જવાથી વાંસદા વિસ્તારના આધેડનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું.

પ્રાપ્ત વિગતો અનુસાર નવસારી જિલ્લાના વાંસદા તાલુકાના ઉપસળ (કાજીયાકુવા ફળીયા) ના રહેવાસી ચીમનભાઈ જીવલાભાઈ પટેલ (૫૮) તા.૧૦ માર્ચ ના મંગળવારે રાત્રે ૯ વાગ્યા પહેલા બીલીમોરા રેલવે સ્ટેશનના પ્લેટફોર્મ નંબર ૨ ના ઉત્તર છેડે કિલોમીટર નંબર 216/17A-13 વચ્ચે અપ રેલવે લાઈન પર કોઈ અજાણી અપ ટ્રેનની અડફેટે આવી જતાં તેમના શરીરે ગંભીર ઈજાઓ થતા સ્થળ પર જ મોત નીપજ્યું હતું.

બીલીમોરા રેલવે પોલીસે ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા ૨૦૨૩ ની કલમ ૧૯૪ મુજબ અકસ્માત મોતનો ગુનો દાખલ કરી આગળની કાયદેસરની તપાસ હાથ ધરી છે.

વેચવાનું છે

૧. કુલિંગ ટાવર - ૧૫૦ ટીઆર ક્ષમતા **'એફઆરપી ચોરસ પ્રકાર'** (બેસિન સાથે) **- ૨ એકમો**

૨. PRASAD GWK વોટર કૂલ્ડ કોમ્પેક્ટ વોટર ચિલર' મોડેલ **WECO 61 W** 'સાથે ઇકો ફ્રેન્ડલી **(R134A** રેફ્રિજન્ટ) સેન્ટ્રલ ડિઝાઇન ઇનસાઇડ ઇન્સ્ટોલેશન **- ૨ એકમો**

૩. વોટર ટાંકી (એસએસ ૩૦૪) **1000 LTRS** ક્ષમતા **- ૧ એકમો**

૪. પ્રોસેસ પમ્પ (500lpm@7.5) બાર પ્રેશર with VFD **- ૨ એકમો**

૫. (WILO બ્રાન્ડ) **પંપ મોડેલ** : **MPM021 -૩ એકમો**

Contact Vallabh Isamalia +91 6353-902129

OWNER : Sheetal Publication, **PRINTER AND PUBLISHER : Mrs. Manjulaben N. Ukani**, **Printed at** Sheetal Publication, Plot No. 2505, 3rd Phase, GIDC, VAPI. - 396195 & **Published at** Sheetal Publication, 1st Floor, Shiv Krupa, B/h. Ashadham High School, N.H.8, Vapi, Dist.: Valsad, Pin - 396 191, **Editor : Mrs. Manjulaben N. Ukani**